# જ્ઞાનાંજન

## પદ સંગ્રહ

### ભાગ – ૨

-: પ્રાપ્તિ સ્થાન :-

**શ્રેયસ પ્રચારક સભા**

૩૫, મોરબી હાઉસ, ડૉ. સુંદરલાલ બહલ પથ,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ – ૪૦૦ ૦૩૮.
ફોન : ૨૨૬૧ ૫૫૮૭

**જ્ઞાનાંજન (પદ સંગ્રહ)**
ભાગ–૨

પ્રથમ આવૃત્તિ : ૨૧–૧૦–૨૦૦૯
ભોગીભાઈ ગિ. શેઠની જન્મશતાબ્દી
સુધારેલ આવૃત્તિ : ૦૪–૦૪–૨૦૧૦
ચૈત્ર વદ પાંચમ

પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :
**શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ વતી**
**શ્રી જે. બી. મોદી, પ્રમુખ**
૩૫, મોરબી હાઉસ, ડૉ. સુંદરલાલ બહલ પથ,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ – ૪૦૦ ૦૩૮.
ફોન: ૨૨૬૧ ૫૫૮૭

પ્રકાશક વ્યવસ્થા :
**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨.
ટે. ૨૨૦૧૭૧૩, ૨૨૦૮૫૫૯૩

**લેસર ટાઇપ સેટિંગ : ક્રિએટિવ ગ્રાફિક્સ (દર્શના ભરત પટેલ)**
૧૫/૧૭, કેમ્બે હાઉસ, ખેતવાડી ૧૨મી ગલી, મુંબઈ –૪.
ફોન : ૯૩૨૩૧૦૮૫૨૮, ૯૩૨૪૮૩૭૭૨૪

# -: પ્રસ્તાવના :-

સર્વજ્ઞ શ્રી રાજપ્રભુને ભક્તિવિનયથી વંદન હો.

જ્ઞાનાંજન (પદસંગ્રહ) ભાગ ૧ પ્રથમ ઈ.સ. ૧૯૭૯માં પ્રગટ થયો હતો, તે પછીથી અત્યાર સુધીમાં તેની પાંચ થી છ આવૃત્તિઓ પ્રગટ થઈ છે. અને એ વિશે વાચકગણનો યોગ્ય સહકાર પ્રાપ્ત થતો આવ્યો છે, તે માટે સહુનો આભાર માનીએ છીએ અને સહકાર વિશેષતાએ મળતો રહેશે એવી આશા રાખીએ છીએ. પ્રભુકૃપા બળ ઔર છે.

તે પછીથી જ્ઞાનાંજન (પદસંગ્રહ) ભાગ-૨ પ્રકાશિત કરવાનો અને તેમાં નવાં પદો ઉમેરવાનો ભાવ થયો હતો, તે માટે પૂ. શશિભાઈ ઝવેરીએ કામ પણ શરૂ કર્યું હતું, તેમ છતાં અમુક સંજોગોને કારણે આ કાર્ય સિદ્ધ થઈ શક્યું ન હતું. જેવા ભાવિભાવ. પૂ. ભોગીભાઈ ગિ. શેઠની જન્મશતાબ્દી (૨૧.૧૦.૨૦૦૯) નિમિત્તે આ કાર્ય સફળ કરવા પૂજ્ય સરયુબહેન મહેતાની પ્રેરણાથી કિશોરભાઈ શેઠ, રેણુબેન શેઠ, સચિન શેઠ, નેહલ વોરા, અજીતભાઈ શેઠ આદિ ઉત્સાહિત વ્યક્તિઓએ પુરુષાર્થ કર્યો છે, અને પ્રભુકૃપાથી તે પદ સંગ્રહનો સદુપયોગ થાય તેવી ભાવના રાખીએ છીએ.

જ્ઞાનાંજન ભાગ-૨માં પહેલા ભાગમાં સમાવ્યા નથી તેવાં પદો લીધાં છે. આવાં પદો પહેલા ભાગમાં ઉમેરવા વિચારણા કરેલી, પણ તેમ કરવાથી મૂળ ગ્રંથ દળદાર થઈ જાય અને તેને ઉપયોગમાં લેવામાં અડચણ આવે એમ લાગવાથી, બીજા ભાગરૂપે તેને પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે. જે સુજ્ઞ વાચકને યોગ્ય લાગશે તેમ ધારીએ છીએ.

આ જ્ઞાનાંજન ભાગ-૨ પૂ. શ્રી ભોગીલાલ ગિ. શેઠે સંસ્થાપિત કરેલ 'શ્રેયસ પ્રચારક સભા' તરફથી, તેમની જ જન્મતાબ્દી નિમિત્તે પ્રકાશિત કરતાં, અને વાચકોના કરકમળમાં મૂકતાં અમને ખૂબ જ આનંદ તથા ઉલ્લાસ અનુભવાય છે.

મુંબઈ — શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ વતી

તા. ૨૧.૧૦.૨૦૦૯, બુધવાર — શ્રી જે. બી. મોદી, પ્રમુખ

# અનુક્રમણિકા

## વિભાગ ૧

શ્રી પંચપરમેષ્ઠિ કવચ .................... ૧
શ્રી માંગલિક .................... ૩

## વિભાગ ૨

સ્મરણમંત્રો .................... ૪

## વિભાગ ૩
## મંગલ સ્તોત્ર-સ્તુતિ આદિ

૧. ઉવસ્સગ્ગહરં પાસં .................... ૬
૨. શ્રી ઘંટાકર્ણ સ્તોત્ર .................... ૭
૩. લોગસ્સ સૂત્ર પ્રાર્થના .................... ૭
૩. અર્હંતો ભગવંત .................... ૮
૪. અરિહંત જય જય .................... ૯
૫. અરિહા શરણં .................... ૯
૬. અરિહંત નમો ભગવંત નમો .................... ૧૦
૭. સકલ મંગલ મહીં મંગલ .................... ૧૧
૮. પ્રભુનું ધ્યાન ત્યાં હોજો .................... ૧૨
૯. આદેશ્વર અરિહંત નમો .................... ૧૨
૧૦. જય આદિશ્વર .................... ૧૩
૧૧. નમો ઋષભજિનદેવ (વંદનાકર્મ) .................... ૧૩
૧૨. કેવળજ્ઞાને શોભતા .................... ૧૪
૧૩. સકલસાર સુરતરૂ (શ્રી પાર્શ્વનાથ સ્તુતિ) ... મેઘરાજ મુનિ .... ૧૫
૧૪. નમો દુર્વારરાગાદિ .................... ૧૬

૧૫. પ્રભુ મહિમા-શ્રી મહાવીર સ્તુતિ ........................ ૧૭
૧૬. દ્રવ્યસંગ્રહ અને ઈષ્ટોપદેશની ગાથાઓ .................... ૨૩
૧૭. અસતો મા સત્ગમય........ (કવિ ન્હાનાલાલ) .......... ૨૬
૧૮. જિનેર્ભક્તિ દિને દિને ........................................ ૨૬
૧૯. પક્ષપાતો ન મે વીરે ........................................ ૨૬
૨૦. મંગલં ભગવાન વીરો ........................................ ૨૬
૨૧. સર્વ મંગલં માંગલ્યમ્ ........................................ ૨૬
૨૨. સર્વે ભવન્તુ સુખીનઃ ........................................ ૨૬
૨૨. સર્વેષાં સ્વસ્તિર્ભવતુ ........................................ ૨૭
૨૩. ઈચ્છા દ્વેષ વિહીનેન ........................................ ૨૭
૨૪. દેહાભિમાને ગલિતે ........................................ ૨૭
૨૫. નલિની દલગત ........................................ ૨૭
૨૬. પ્રશમ રસ નિમગ્નં ........................................ ૨૭
૨૭. વસ્તુ વિચારત ........................................ ૨૮
૨૮. સમતા રમતા ઉરધતા ........ બનારસદાસજી ............ ૨૮
૨૯. સુખધામ અનંત ........................................ ૨૮
૩૦. હરિગુણ ગાતા રે ........................................ ૨૮

## વિભાગ-૪

## અધ્યાત્મ પદો

સરયુબેન મહેતા

૧. આ જગતમાં પ્રાણી રહે ........................................ ૨૯
૨. આજ મારા અંતરની આરત ........................................ ૨૯
૩. આજ મારા હૈયામાં આનંદ ........................................ ૨૯
૪. આજે મેં તો પ્રભુ આજ્ઞાએ ........................................ ૩૦
૫. આતમ જ્યોતિ ........................................ ૩૧

૬. જગત જોતું ઉઘાડી આંખે ........................................ ૩૧
૭. જગત આ સળગી રહ્યું ........................................ ૩૨
૮. ઠરી અવરને ઠાર ........................................ ૩૨
૯. તારે દ્વારે ........................................ ૩૩
૧૦. નાથ મને તારો ........................................ ૩૩
૧૧. નિર્મળ નયને અમૃતધારા ........................................ ૩૩
૧૨. પામશું પામશું પામશું રે ........................................ ૩૪
૧૩. પૂરવે સૂરજ ઉગિયો ........................................ ૩૪
૧૪. પ્રભુ તારા પ્રેમની રઢ લાગી ........................................ ૩૫
૧૫. મુક્તિ સુંદરીને અમે ........................................ ૩૫
૧૬. શાંતિના સાગરમાં ........................................ ૩૬
૧૭. સંસાર સમુદ્ર તારવા ........................................ ૩૬
૧૮. હે જગતના નાથ ! તારા શરણમાં ........................................ ૩૭
૧૯. જ્ઞાનમાં નિજભેદનો આમળો છે ........................................ ૩૭
આનંદઘનજી
૨૦. અવધૂ વૈરાગ બેટા જાયા ........................................ ૩૮
૨૧. અવધૂ ક્યા સોવે તન મઠમેં ........................................ ૩૮
૨૨. મારો બાલુડો સંન્યાસી ........................................ ૩૯
૨૩. આતમ અનુભવ રીતિ ........................................ ૩૯
૨૪. જગત ગુરુ મેરા રે ........................................ ૪૦
૨૫. જીય જાને મેરી સફલ ........................................ ૪૦
૨૬. નિરંજન યાર મોસે ........................................ ૪૦
૨૭. પંખ તેરી કારી ........................................ ૪૧
૨૮. પ્રભુ ભજલે મેરા દિલ ........................................ ૪૧
૨૯. બેર બેર નહીં આવે ........................................ ૪૧
૩૦. મૂલડો થોડો ભાઇ ........................................ ૪૨
૩૧. યા પુદ્‌ગલકા ક્યા વિસવાસા ........................................ ૪૨

૩૨. રામ રામ જગ ગાવે ........................................ ૪૨
૩૩. સાધો ભાઈ સમતા રંગ ........................................ ૪૩
નરસિંહ મહેતા
૩૪. અખિલ બ્રહ્માંડમાં એક તું ........................................ ૪૩
૩૫. ઊંચી મેડી તે મારા સંતની ........................................ ૪૪
૩૬. જાગીને જોઉં તો ........................................ ૪૫
૩૭. નિરખને ગગનમાં ........................................ ૪૬
૩૮. નારાયણનું નામ જ લેતાં ........................................ ૪૬
૩૯. પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા ........................................ ૪૭
૪૦. ભોળી રે ભરવાડણ ........................................ ૪૭
૪૧. મને હરિ ગુણ ગાવાની ........................................ ૪૮
૪૨. મારી હૂંડી સ્વીકારો ........................................ ૪૮
૪૩. રાત રહે જાહરે પાછલી ........................................ ૫૦
૪૪. સારી રે મૂરતમાં ........................................ ૫૦
૪૫. સુખ દુઃખ મનમાં ........................................ ૫૧
ગંગામતિ સતી
૪૬. કુપાત્રની આગળ વસ્તુ ........................................ ૫૨
૪૭. ભક્તિ કરવી હોય તેણે ........................................ ૫૨
૪૮. મનને સ્થિર કરી ........................................ ૫૩
૪૯. મેરુ તો ડગે પણ ........................................ ૫૪
૫૦. વીજળીને ચમકારે ........................................ ૫૪
૫૧. સદ્‌ગુરુના વચનનાં થાઓ ........................................ ૫૫
ગુરુ નાનકદેવજી
૫૨. નાનકવાણી (દોહરા) ........................................ ૫૬
૫૩. તુમ શરણાઈ આયા ........................................ ૫૬
૫૪. સાધો મનકા માન ત્યાગો ........................................ ૫૭
મીરાંબાઈ
૫૫. કરના ફકીરી ક્યા દિલગીરી ........................................ ૫૭

૫૬. કોઈ કહે તેને કહેવા રે દઈએ ........................................ ૫૮
૫૭. કોઈ શ્યામ મનોહર ........................................ ૫૮
૫૮. તુમ્હારે કારણ સબ સુખ ........................................ ૫૮
૫૯. જૂનું તો થયું રે દેવળ ........................................ ૫૯
૬૦. મારો જનમ જનમરો સાથી ........................................ ૫૯
૬૧. રામ રતન ધન પાયો ........................................ ૬૦
૬૨. સત્સંગનો રસ ચાખ ........................................ ૬૦
૬૩. હરિ આવનકી આવાજ ........................................ ૬૧

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય

૬૪. આઠ દૃષ્ટિની સજઝાય ........................................ ૬૧
૬૫. મેરે સાહેબ તુમહી હો ........................................ ૭૦
૬૬. સુખદાઈ રે સુખદાઈ ........................................ ૭૦
૬૭. સોભાગી જિન શું લાગ્યો ........................................ ૭૧

સંત કબીરજી

૬૮. અબ હમ આનંદકા ઘર પાયા ........................................ ૭૨
૬૯. કબીરવાણી (સાખી-દોહરા) ........................................ ૭૨
૭૦. કોઈ રે મિલાવો અમને ........................................ ૭૪
૭૧. જા ઘર કથા નહીં ........................................ ૭૪
૭૨. તનમન માંજણા રે ........................................ ૭૫
૭૩. પાનીમેં મીન પિયાસી ........................................ ૭૫
૭૪. ભજનમેં હોત આનંદ ........................................ ૭૬
૭૫. ભજન બીના બીતા જાયે ........................................ ૭૬
૭૬. મન મસ્ત હુઆ ........................................ ૭૭
૭૭. મૈં મારુંગી નિશાન બાણ (ચોટ અશ્માનકી) ........................................ ૭૭
૭૮. રસ ગગન ગુફામેં ........................................ ૭૭

૭૯. રામરસ પ્યાલા ........................................ ૭૮
૮૦. શૂન્ય શિખર ઘર મેરા ........................................ ૭૯
૮૧. સદ્ગુરુ શબ્દાંસે હેરી ........................................ ૭૯
૮૨. સંગત સંતનકી કર લે ........................................ ૮૦
૮૩. સાહેબસે લગનીયા લાગી ........................................ ૮૦
૮૪. સાહેબકા ઘર એસા લંબા ........................................ ૮૦
૮૫. સાધો સહજ સમાધ ભલી ........................................ ૮૧

## વિભાગ-૫

## અન્ય પદો

૧. અબ મોહે આનંદ અદ્ભૂત — અખા ભગત ............ ૮૨
૨. અબ સોંપ દિયા ઇસ જીવનકો — સત્યમિત્રાનંદગિરિ ...... ૮૨
૩. અમારા અંગ છો સર્વે — બુદ્ધિસાગરસૂરિશ્વજી ..... ૮૩
૪. અમે મહેમાન દુનિયાના ........................ ૮૪
૫. અનહદ શબ્દ ઉઠે રણકાર — જ્ઞાનપુરીજી ............ ૮૫
૬. અનંતકાળથી સંસાર સુખરૂપ ........................ ૮૬
૭. અનુક્રમે સંયમ — ઉત્તમવિજયજી .......... ૮૭
૮. અહો દેવના દેવ ........................ ૮૭
૯. અંગમ્ ગલિતમ્ ........................ ૮૭
૧૦. અંતર મમ વિકસિત — રવિન્દ્રનાથ ટાગોર ...... ૮૮
૧૧. આ આત્માને ઓળખ્યા વિના ........................ ૮૮
૧૨. આજ ગઇ'તી હું સમવસરણમાં — દેવચંદ્રજી .............. ૮૮
૧૩. આજ મારાં સભામંડપમાં ........................ ૮૯
૧૪. આજે રાજ પ્રભુની અમૃતવાણી ........................ ૧૮૯
૧૫. આત્મપ્રકાશ — પ્રભુભક્ત .............. ૯૦
૧૬. આવો હે વીર ........................ ૯૩

| | | |
|---|---|---|
| ૧૭. આંખ મારી ઉઘડે ત્યાં | | ૯૩ |
| ૧૮. આજ્ઞા કે રસસે | | ૯૪ |
| ૧૯. ઇશ્ક ક્યા હૈ | શેખ ફરીદ | ૯૫ |
| ૨૦. ઓ સમતાના ધરનારા | | ૯૫ |
| ૨૧. એક જનમ્યો રાજ દુલારો | | ૯૬ |
| ૨૨. એક વાર આ જીવનમાં | | ૯૭ |
| ૨૩. એનું સ્વપ્ને જો દર્શન | મુક્તાનંદ સ્વામી | ૯૮ |
| ૨૪. કરજે કૃપા તું ભગવન | | ૯૮ |
| ૨૫. કામનો કામનો કામનો રે | ભાણસાહેબ | ૯૯ |
| ૨૬. કોઈ લાખ કરે ચતુરાઈ | કવિ પ્રદીપજી | ૯૯ |
| ૨૭. કૃપાળુ દેવને વંદી | રાજેશ | ૧૦૦ |
| ૨૮. કૃપાળુ દેવ સદ્ગુરુ દેવ | | ૧૦૧ |
| ૨૯. ખનખના રહીમની રચનાઓ | ખનખના રહીમ | ૧૦૨ |
| ૩૦. ગમે તે સ્વરૂપે ગમે ત્યાં | | ૧૦૨ |
| ૩૧. ગાવું તારું ગીત | | ૧૦૩ |
| ૩૨. ગુજારે જે શિરે | બાળાશંકર કંથારીચા | ૧૦૪ |
| ૩૩. ગુરુવર તેરે ચરણોંકી | | ૧૦૫ |
| ૩૪. ગુરુ સવ્વે ધરીલી | તુકારામ બાબા | ૧૦૬ |
| ૩૫. ઘડીયે ના વસરે મુંજે | મેકરણ દાદા | ૧૦૬ |
| ૩૬. ચત્તારિ પરમંગાણિ | | ૧૦૭ |
| ૩૭. ચિદાનંદની લહેરો ઘટમાં | | ૧૦૭ |
| ૩૮. ચેતન ચાલોને હવે | લીલમ સતી | ૧૦૮ |
| ૩૯. ચેત ચેત નર ચેત | | ૧૦૯ |
| ૪૦. જગતમેં ખબર નહીં પલકી | | ૧૧૦ |
| ૪૧. જન્મીને મરી જવું | | ૧૧૧ |
| ૪૨. જતી હતી હું વાટમાં | કુંવરમા | ૧૧૧ |
| ૪૩. જય જગતત્રાતા (સહજાત્મરૂપી સેવ્ય ગુરુને) | પ્રભુશ્રી | ૧૧૨ |

| | | |
|---|---|---|
| ૪૪. જયમ જયમ દરદ | સાગર ................ | ૧૧૩ |
| ૪૫. જાગ જાગ અવધૂતા જોગી | ગોરખનાથ ........... | ૧૧૪ |
| ૪૬. જિગરનો યાર જૂદો તો | મસ્તાન .............. | ૧૧૪ |
| ૪૭. જી રે લાખા કહો તો વાતું | લોચણબાઇ .......... | ૧૧૫ |
| ૪૮. જીવન જલ સુકાઈ જાય | રવિન્દ્રનાથ ટાગોર .... | ૧૧૬ |
| ૪૯. જીવનજ્યોત જગાવો | સુંદરમ ............... | ૧૧૬ |
| ૫૦. જુઓ રે જુઓ રે જૈનો | ...................... | ૧૧૭ |
| ૫૧. જૂઠ કભી બોલના | ...................... | ૧૧૯ |
| ૫૨. જેણે તારો રાહ છે ઝાલ્યો | યોગેશ્વર ............. | ૧૧૯ |
| ૫૩. જૈન ધર્મોસ્તુ મંગલમ્ | ...................... | ૧૨૦ |
| ૫૪. જો મોક્ષ હૈ તું ચાહતા | ...................... | ૧૨૧ |
| ૫૫. જોગી થઈને જાય મહાવીર | ...................... | ૧૨૨ |
| ૫૬. તારી જો હાક સુણી | મહાદેવ દેસાઇ........ | ૧૨૩ |
| ૫૭. તારા દિલડાને પૂછી જોજે | ...................... | ૧૨૩ |
| ૫૮. તારા પ્રેમનો સંદેશો | ...................... | ૧૨૪ |
| ૫૯. તુજ ભક્તિમાં મગ્ન બન્યો છું | ...................... | ૧૨૫ |
| ૬૦. તુમ દેખે સુખ ઉપજે | કુંવરમા ............... | ૧૨૫ |
| ૬૧. તેરા રામજી કરેંગે બેડા પાર | નિર્દોષ ............... | ૧૨૬ |
| ૬૨. તેરે નામકા સુમિરન કરકે | હરિઓમશરણ ........ | ૧૨૭ |
| ૬૩. દર્શન દો ગુરુરાજ | રત્નત્રયજી ........... | ૧૨૭ |
| ૬૪. દિન નીકે બીતે જાતે હૈ | ...................... | ૧૨૮ |
| ૬૫. દિલ દરિયામેં દેવ નિરંજન | ત્રિકમદાસ ........... | ૧૨૯ |
| ૬૬. દીન દુખિયાનો તું છે | ...................... | ૧૨૯ |
| ૬૭. દીનાનાથ દયાળ નટવર | કેશવલાલ............ | ૧૩૦ |
| ૬૮. દેખો ભાઇ મહા વિકલ સંસારી | બનારસીદાસ ......... | ૧૩૧ |
| ૬૯. દેખંધા કોઇ આ દલમાંય | જીવણ દાસી .......... | ૧૩૨ |
| ૭૦. ધોવા ધો રઘુરાય | કવિ કાગ ............. | ૧૩૩ |

| | | |
|---|---|---|
| ૭૧. નમન નમન તમને સદ્‌ગુરુ | | ૧૩૪ |
| ૭૨. નમસ્કાર ગુરુદેવકો | | ૧૩૪ |
| ૭૩. નાથનકો નાથ યહાં | નાથજી | ૧૩૫ |
| ૭૪. નામ જપન ક્યોં છોડ દિયા | ખાલસા | ૧૩૬ |
| ૭૫. નૈયા ઝુકાવી મેં તો | | ૧૩૬ |
| ૭૬. પરમાત્મા એ આત્માને શાંતિ | શ્રી મોટા | ૧૩૭ |
| ૭૭. પાયા હૈ પ્રભુકા પરમ સાથ | | ૧૩૭ |
| ૭૮. પીયો પીયાલા અગ્નિલાલા | | ૧૩૮ |
| ૭૯. પૂર્ણ છો પ્રભુ પૂર્ણ છો | | ૧૪૦ |
| ૮૦. પ્રભો અંતરયામી | ન્હાનાલાલ | ૧૪૦ |
| ૮૧. પ્રભુ તારું ગીત મારે | શાંતિલાલ શાહ | ૧૪૧ |
| ૮૨. પ્રભુજી દયા કરો | | ૧૪૧ |
| ૮૩. પ્રભુજી હું આવ્યો છું | | ૧૪૨ |
| ૮૪. પ્રેમ સુધારસ પાઇ | | ૧૪૨ |
| ૮૫. પ્રેમળ જ્યોતિ તારો | નરસિંહરાવ દિવેટીયા | ૧૪૩ |
| ૮૬. પ્યાલો મેં તો પીધો રે | રવિ સાહેબ | ૧૪૪ |
| ૮૭. બડે ભાગ મનુષ તન | તુલસીદાસજી | ૧૪૫ |
| ૮૮. બાબા મનકી આંખે ખોલ | | ૧૪૫ |
| ૮૯. બિરાજૈ રામાયણ ઘટમાંહિ | બનારસદાસજી | ૧૪૬ |
| ૯૦. ભક્તિમાં હું લીન થઇને | | ૧૪૭ |
| ૯૧. ભજ મન રામ રામ રામ | | ૧૪૭ |
| ૯૨. ભર મન બ્રહ્મપ્રેમનો પ્યાલો | | ૧૪૮ |
| ૯૩. ભલે દુશ્મન બને દુનિયા | | ૧૪૮ |
| ૯૪. ભેદ વિજ્ઞાન | | ૧૪૯ |
| ૯૫. ભોગે રોગ ભયમ્ | ભર્તૃહરિ | ૧૪૯ |
| ૯૬. મને કોઇ કહેતું | પંડિત લાલન | ૧૫૦ |
| ૯૭. મમતા તું ન ગઈ | તુલસીદાસજી | ૧૫૦ |

| | | |
|---|---|---|
| ૯૮. મરવું તો હક છે બાબા | | ૧૫૧ |
| ૯૯.મહાસમર્થ ત્રિકાળજ્ઞથી | | ૧૫૧ |
| ૧૦૦. મળ્યો મનુષ્ય જનમ અવતાર | ગંગાદાસ | ૧૫૨ |
| ૧૦૧. માનવનો જન્મ મળ્યો | | ૧૫૩ |
| ૧૦૨. માથે કોપી રહ્યો છે કાળ | ઋષિરાજ | ૧૫૩ |
| ૧૦૩. મારી એક તમન્ના | | ૧૫૪ |
| ૧૦૪. મારી નાડ તમારે હાથ | કેશવલાલ | ૧૫૫ |
| ૧૦૫. મારું જીવન અંજલિ થાજો | કરસનદાસ માણેક | ૧૫૫ |
| ૧૦૬. મારે કામ ક્રોધ | સુંદરદાસ | ૧૫૬ |
| ૧૦૭. મારે માથે સિમંધર સ્વામી | | ૧૫૬ |
| ૧૦૮. મારો મારો નિદ્રા | ગોરખનાથ | ૧૫૭ |
| ૧૦૯. મેરા સાહેબ હૈ નિરાલા | | ૧૫૭ |
| ૧૧૦. મેરે દિલમેં દિલકા પ્યારા | | ૧૫૮ |
| ૧૧૧. મૈં કરસૂ ધર્મ વિચાર | | ૧૫૮ |
| ૧૧૨. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું | ચિત્રભાનુ | ૧૫૯ |
| ૧૧૩. મૈલી ચાદર ઓઢકે | | ૧૬૦ |
| ૧૧૪. મંગલ મંદિર ખોલો | નરસિંહરાવ દિવેટીયા | ૧૬૧ |
| ૧૧૫. મંદિર સાથે પરણી | | ૧૬૧ |
| ૧૧૬. યોગી એકીલા રે | બાપુ | ૧૬૨ |
| ૧૧૭. રાખનાં રમકડાં | અવિનાશ વ્યાસ | ૧૬૩ |
| ૧૧૮. રામસે કોઈ મિલા દે | | ૧૬૩ |
| ૧૧૯. રુદિયામાં રે' જો | | ૧૬૪ |
| ૧૨૦. વાદલડી વરસી રે | | ૧૬૪ |
| ૧૨૧. વારસ અહો મહાવીરના | | ૧૬૪ |
| ૧૨૨. વિષ ભરીને વિષધર સૂતો | | ૧૬૫ |
| ૧૨૩. વીરરસનો અનુભવ | મચ્છેન્દ્રનાથ | ૧૬૬ |
| ૧૨૪. વંદન કરું શ્રી સદ્‌ગુરુ | બુદ્ધિસાગરસૂરિશ્વરજી | ૧૬૭ |

| | | |
|---|---|---|
| ૧૨૫. શરણમેં આયે હૈ હમ તુમ્હારે | | ૧૬૯ |
| ૧૨૬. શી સુંદર દિવ્ય એ જ્યોતિ | | ૧૬૯ |
| ૧૨૭. શેનો નશો શાનો નશો | તદ્રુપાનંદજી | ૧૭૧ |
| ૧૨૮. શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજમન (મંગળકળશ) | રાવજીભાઇ | ૧૭૨ |
| ૧૨૯. શ્રી સહજાત્મ સ્વરૂપ છો | રત્નત્રયજી | ૧૭૩ |
| ૧૩૦. સફળ થયો ભવ મારો હો | | ૧૭૪ |
| ૧૩૧. સબ કુછ દીના આપને | | ૧૭૫ |
| ૧૩૨. સમરો મંત્ર ભલો નવકાર | | ૧૭૫ |
| ૧૩૩. સદ્‌ગુરુ મારા રે | | ૧૭૬ |
| ૧૩૪. સદ્‌ગુરુ શરણ વિના | કેશવલાલ | ૧૭૬ |
| ૧૩૫. સદા ભજો ગુરુદેવ | રંગ અવધૂત | ૧૭૭ |
| ૧૩૬. સહજાત્મરૂપી સેવ્ય ગુરુને (જય જગતત્રાતા) | પ્રભુશ્રી | ૧૧૨ |
| ૧૩૭. સાચો સંગમ | | ૧૭૭ |
| ૧૩૮. સુખકી સહેલી હૈ (હાંસીમે વિષાદ બસે) | બનારસીદાસ | ૧૭૮ |
| ૧૩૯. સૈંયા નીકસી ગયો (ના મૈં બોલી) | કમાલી | ૧૭૮ |
| ૧૪૦. સોદા ઝીણા ઝીણા | રા'લાખા | ૧૭૯ |
| ૧૪૧. સંત ચરણ સુખ પાયા | લખમશી ભગત | ૧૭૯ |
| ૧૪૨. સંત પરમ હિતકારી | બ્રહ્માનંદ | ૧૮૦ |
| ૧૪૩. સંત સમાગમ હરિકથા | ગેબીનાથજી | ૧૮૦ |
| ૧૪૪. સંસારી જીવના ભાવમરણો (શ્રી સમયસારની સ્તુતિ) | | ૧૮૧ |
| ૧૪૫. સ્વામી આયા મૈં | દેવીદાસજી | ૧૮૩ |
| ૧૪૬. હરિ ભજ હરિ ભજ ભજ લે હીરા | ગોરખનાથ | ૧૮૩ |
| ૧૪૭. હરિને ભજતાં હજુ | | ૧૮૪ |
| ૧૪૮. હરિનો મારગ છે શૂરાનો | પ્રીતમદાસ | ૧૮૪ |
| ૧૪૯. હે કરુણાના કરનારા | | ૧૮૫ |
| ૧૫૦. હે કૃપાળુ પ્રભુ આપજો | | ૧૮૬ |
| ૧૫૧. હે દીન વત્સલ રાજ | | ૧૮૭ |
| ૧૫૨. હે આશક ઓર માશુક જહાં | નઝીર | ૧૮૮ |
| ૧૫૩. જ્ઞાની મુંગા થયા | રંગ અવધૂત | ૧૮૯ |

# વિભાગ-૧

## ૐ

# શ્રી પંચપરમેષ્ઠિ કવચ

**નમો અરિહંતાણં:** હે અરિહંત ભગવાન! તમને અમે ખૂબ ભક્તિભાવથી વંદન કરીએ છીએ. અમારા મસ્તકનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. હે પ્રભુ! અમારા જ્ઞાન અને દર્શનનાં આવરણો ક્ષય કરવા અમને સાથ આપી, અમારા મન ઉપર એવો સંયમ આપો કે અમે કોઈ અશુભ ભાવ કે અયોગ્ય વિચાર ન કરીએ.

**નમો સિદ્ધાણં:** હે સિધ્ધ ભગવાન! તમને અમે વંદન કરીએ છીએ. અમારા વદનનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. આંખ સહિત સર્વ ઈન્દ્રિયોની જાળવણી કરી તેની તેજસ્વિતા વધારો. હે પ્રભુ! આ તેજસ્વી ઈન્દ્રિયોનો ઉપયોગ અમે અમારા કર્મક્ષય માટે કરી, આપના જેવા પૂર્ણ શુદ્ધ થઈ શકીએ. કોઈ ઈન્દ્રિયજનિત સંસારી સુખ અમને આકર્ષે નહીં એવી અમારા પર કૃપા કરો.

**નમો આયરિયાણં:** હે આચાર્યજી! તમને અમે વંદન કરીએ છીએ. અમારા છાતી, પેટ અને પીઠનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. હે પ્રભુ! આપનાં જેવું ઉત્તમ ચારિત્ર પાળવાની શક્તિ અમને આપો કે જેથી અમારા અંતરાય અને મોહનીય કર્મનો ખૂબ ત્વરાથી ક્ષય થાય.

**નમો ઉવજ્ઝાયાણં:** હે ઉપાધ્યાયજી! તમને અમે વંદન કરીએ છીએ. અમારા બંને બાહૂનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. ઉત્તમ ધર્મરૂપી શસ્ત્ર અમારા હાથમાં આપી, કર્મ સાથે લડવા મજબૂત બનાવો.

**નમો લોએ સવ્વ સાહૂણં:** હે જગતના સર્વ સાધુસાધ્વીજી! તમને અમે વંદન કરીએ છીએ. અમારા બંને પગનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. ખૂબ ત્વરાથી અમે આ સંસારના મોહને ત્યાગી, આત્મમાર્ગે કર્મક્ષય માટે ચાલી શકીએ એવી અમારા પર તમે કૃપા કરો.

**એસો પંચ નમુક્કારો:** આ પાંચ નમસ્કાર મંત્ર અમને આસન આપી સંસારરૂપી સમુદ્રમાં ડૂબતાં બચાવે છે.

**સવ્વ પાવ પણાસણો:** એ સર્વ પાપનો નાશ કરનાર છે. અમારા ફરતો એક મજબૂત કિલ્લો રચાય છે, જેને ભેદી કોઈ કર્મ આત્મા સુધી પહોંચી શકતા નથી.

**મંગલાણં ચ સવ્વેસિં:** નવકાર મંત્ર સર્વ વસ્તુમાં મંગલરૂપ છે. કિલ્લાને ફરતી આગઝરતી ખાઈની રચના કરે છે અને કર્મો આમાં બળી ભસ્મીભૂત થઈ જતાં આત્મા પર હુમલો કરવા અસમર્થ બને છે.

**પઢમં હવઈ મંગલં:** પંચપરમેષ્ટિને કરેલા નમસ્કાર એ પ્રથમ મંગળ છે. સર્વ મંગળોમાં ઉત્તમ છે. અમારા ઉપર એ છત્રછાયાની રચના કરે છે. આ રીતે અમને આસન આપી, કિલ્લો ચણી, ખાઈ ખોદી અને ઉપર છત્રછાયાની રચના કરી અમારું સર્વ કર્મ સામે સર્વ દિશાથી રક્ષણ કરે છે.

❀ ❀ ❀

# શ્રી માંગલિક

શ્રી ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં,
સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલી પન્નતો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમા.

ચત્તારિ શરણં પવજ્જામિ, અરિહંતા શરણં પવજ્જામિ,
સિદ્ધા શરણં પવજ્જામિ, સાહૂ શરણં પવજ્જામિ,
કેવલી પન્નતો ધમ્મો શરણં પવજ્જામિ.

ચાર મંગલ, ચાર ઉત્તમ,
ચાર શરણ ગ્રહે જે, ભવસાગરને તરે તે,
સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણાં સુખ લહે અનંત.
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મોક્ષે જાય.
સંસાર માંહે શરણા ચાર, અવર શરણ નહીં કોઈ,
જે નરનારી આદરે, તેને અક્ષય અવિચળ પદ હોય.

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણાં ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરિયે, સદાય મનવાંછિત ફલ દાતાર.

❀ ❀ ❀

# વિભાગ-૨
## સ્મરણ મંત્રો

અમૃતસાગર પરમાત્મ સ્વરૂપ,

રાજપ્રભુની કૃપાથી મારે રાજપ્રભુ જેવા થાવું છે.

❁ ❁ ❁

આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.

❁ ❁ ❁

આત્મપ્રભુ શાંતિ, આત્મપ્રભુ શાંત સ્વરૂપ,

આત્મપ્રભુ શાંત મૂર્તિ.

❁ ❁ ❁

આણાએ ધમ્મો, આણાએ તવ્વો,

આણાએ ધમ્મો, આણાએ તવ્વો.

❁ ❁ ❁

ॐ ગમય આણાયં, આણાયં ગમય ॐ,

ॐ ગમય આણાયં, આણાયં ગમય ॐ.

❀ ❀ ❀

પરમ ગુરૂ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ,

પરમ ગુરૂ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ.

❀ ❀ ❀

પ્રભુ આજ્ઞા પ્રભુ આજ્ઞા, પ્રભુ આજ્ઞામાં સતત રહેવું છે,

પ્રભુની આજ્ઞા એ હું છું, હું એ પ્રભુની આજ્ઞા છું.

❀ ❀ ❀

ભેદજ્ઞાનથી પરિપૂર્ણ અભેદ દશાની પ્રાપ્તિ આપો.

❀ ❀ ❀

સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ,

સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ.

❀ ❀ ❀

હે જીવ ! તું મોહ ન કર, રાગ ન કર, દ્વેષ ન કર,

ॐ ની આજ્ઞામાં લીન થા, ॐ ના સ્વરૂપમાં સમાઈ જા.

❀ ❀ ❀

# વિભાગ-૩
# મંગલ સ્તોત્ર સ્તુતિ આદિ

## ઉવસગ્ગહરં પાસં

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં।
વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં ॥ (૧) ॥

વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।
તસ્સ-ગહ-રોગ-મારી, દુઠ્ઠજરા જંતિ ઉવસામં ॥ (૨) ॥

ચિઠ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુફલો હોઈ ।
નર-તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુખ્ખ-દોગચ્ચં ॥ (૩) ॥

તુહ સમ્મતે લધ્ધે, ચિંતામણિ-કપ્પ પાયવ-બ્ભહિએ ।
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥ (૪) ॥

ઈઅ સંથુઓમહાયસ । ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ ।
તા દેવ । દિજ્જ બોહિં, ભવે ભવે પાસ-જિણચંદ ॥ (૫) ॥

❀ ❀ ❀

## શ્રી ઘંટાકર્ણ સ્તોત્ર

ઓમ ઘંટાકર્ણ મહાવીરઃ સર્વ વ્યાધિ વિનાશક ।
વિસ્ફોટક ભયં ઘોરં રક્ષ રક્ષ મહાબલ ॥ ૧ ॥

યત્ર ત્વં તિષ્ઠસિ દેવ! લિખિતોડક્ષર પંક્તિભિઃ ।
રોગા સ્તત્ર પ્રણશ્યન્તિ, વાત-પિત્ત-કફોદ્‌ભવાઃ ॥ ૨ ॥

તત્ર રાજય - ભયં નાસ્તિ, યાન્તિ કર્ણે જપાત્ક્ષયમ્ ।
શાકિની - ભૂત વૈતાલા, રાક્ષસા પ્રભવન્તિ ન ॥ ૩ ॥

નાડ કાલે મરણં તસ્ય, ન ચ સર્પેણ દશ્યતે ।
અગ્નિ ચોર ભયં નાસ્તિ, નાસ્તિ તસ્યાપ્યરિ ભયં ॥ ૪ ॥

ઓમ હ્રીં શ્રીં ઘંટાકર્ણ નમોસ્તુ તે

ઠઃ ઠઃ ઠઃ સ્વાહા

❀ ❀ ❀

## લોગસ્સ સૂત્ર પ્રાર્થના

જય જિનવર ભગવન સ્વામી જય ચોવીસ ભગવન
તીર્થંકર ચરણનમેં, હમ સબકે વંદન
ૐ જય જિનવર ભગવન.

ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ પદ્મ સુપાર્શ્વ (સ્વામી)
જિનવર મંત્ર શ્રી જિણં, જય મંગલકરણં
ૐ જય જિનવર ભગવન.

ચંદ્ર, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય ભગવન (સ્વામી)
વિમલ અણંતં જિણં, જય મંગલકરણં
ૐ જય જિનવર ભગવન.

ધર્મ, શાંતિ, કુંથુ, અર, ભગવન મલ્લિમુણિ સ્વામી
મુનિ સુવ્રત નમિ જિણં, જય મંગલકરણં
ૐ જય જિનવર ભગવન.

શ્રી નેમિનાથ પ્રભુ પારસ, વર્ધમાન મહાવીર (સ્વામી)
સુમિરન સબ દુઃખ હરણં, જય મંગલકરણં
ૐ જય જિનવર ભગવન.

❁ ❁ ❁

## અર્હતો ભગવંત

અર્હતો ભગવંત ઈન્દ્ર મહિતાઃ
સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ
પૂજ્યા ઉપાધ્યાયકાઃ।

શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરાઃ
રત્નત્રયારાધકાઃ
પંચૈ તે પરમેષ્ટિનઃ પ્રતિદિનં
કુર્વન્તુ નો મંગલં ॥

❁ ❁ ❁

## અરિહંત જય જય

અરિહંત જય જય, સિદ્ધ પ્રભુ જય જય,
સાધુજી જય જય, જૈન ધર્મ જય જય.

અરિહંત મંગલ ,સિદ્ધ પ્રભુ મંગલ,
સાધુજીવન મંગલ, જૈન ધર્મ મંગલ.

અરિહંત ઉત્તમ ,સિદ્ધ પ્રભુ ઉત્તમ,
સાધુ જીવન ઉત્તમ, જૈન ધર્મ ઉત્તમ.

અરિહંત શરણ, સિદ્ધ પ્રભુ શરણ,
સાધુજી શરણ, જૈનધર્મ શરણ.

❁ ❁ ❁

## અરિહા શરણં

અરિહા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણં વરીએ,
ધમ્મો શરણં પામી વિનયે, જિનઆજ્ઞા શિર ધરીએ.

અરિહા શરણં મુજને હોજો, રાગદ્વેષને હણવા,
સિદ્ધા શરણં મુજને હોજો, પૂરણ શુદ્ધિ કરવા.

સાહૂ શરણં મુજને હોજો, સંયમ શૂરા બનવા,
ધમ્મો શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા.

મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા ટાળે,
ચિદ્‌ઘન કેરી ડૂબતી નૈયા, શાશ્વત નગરે વાળે.

❁ ❁ ❁

# અરિહંત નમો ભગવંત નમો

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સીધ્યાં સઘળાં કાજ નમો .... અરિહંત

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભૂત અતિશય નિધિ, પ્રવચન જલધિ મયંક નમો ....અરિહંત

તિહુયણ ભવિયણ જન મન વંછિય, પૂરણ દેવરસાલ નમો;
લળી લળી પાય નમું હું ભાવે, કર જોડીને ત્રિકાળ નમો ....અરિહંત

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનિશ સેવ નમો ....અરિહંત

તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો ....અરિહંત

કેવળજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો ....અરિહંત

જગ ચિંતામણિ જગગુરુ, જગહિતકારક જગજનનાથ નમો;
ઘોર અપાર મહોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો ....અરિહંત

અશરણ શરણ નીરાગ નિરંજન, નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમળ સુરીશ નમો .....અરિહંત

❀ ❀ ❀

# સકલ મંગલ મહીં મંગલ

સકલ મંગલ મહીં મંગલ, પ્રથમ મંગલ ગણું જેને,
પ્રભુ જે પંચ પરમેષ્ટિ, નમું છું ભાવથી તેને.

અરિહંતો જિનેશ્વર જે, જીતીને રાગ દ્વેષોને,
વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને.

વળી છે સિદ્ધ પરમાત્મા, કરીને ભસ્મ કર્મોને,
બિરાજ્યા મુક્તિપદમાં જે, નમું છું ભાવથી તેને.

ધરી ચારિત્ર આચાર્યો, ધરાવે ભવ્ય જીવોને,
વિદારે કર્મના મળને, નમું છું ભાવથી તેને.

ભણાવે જે ઉપાધ્યાયો, સકલ સિદ્ધાંત સમજીને,
રમે છે જ્ઞાનના દાને, નમું છું ભાવથી તેને.

અખિલ લોકે મુનિરાજો, જગતના મોહ મારીને,
ગુંથાયા આત્મશુદ્ધિમાં, નમું છું ભાવથી તેને.

અમારી આત્મશુદ્ધિનો, વહાલો મંત્ર બોલીને,
હવે લેવા અમરપદને, નમું છું ભાવથી તેને.

❀ ❀ ❀

## અરિહંત જય જય

અરિહંત જય જય, સિદ્ધ પ્રભુ જય જય,
સાધુજી જય જય, જૈન ધર્મ જય જય.

અરિહંત મંગલ ,સિદ્ધ પ્રભુ મંગલ,
સાધુજીવન મંગલ, જૈન ધર્મ મંગલ.

અરિહંત ઉત્તમ ,સિદ્ધ પ્રભુ ઉત્તમ,
સાધુ જીવન ઉત્તમ, જૈન ધર્મ ઉત્તમ.

અરિહંત શરણ, સિદ્ધ પ્રભુ શરણ,
સાધુજી શરણ, જૈનધર્મ શરણ.

❁ ❁ ❁

## અરિહા શરણં

અરિહા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણં વરીએ,
ધમ્મો શરણં પામી વિનયે, જિનઆજ્ઞા શિર ધરીએ.

અરિહા શરણં મુજને હોજો, રાગદ્વેષને હણવા,
સિદ્ધા શરણં મુજને હોજો, પૂરણ શુદ્ધિ કરવા.

સાહૂ શરણં મુજને હોજો, સંયમ શૂરા બનવા,
ધમ્મો શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા.

મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા ટાળે,
ચિદ્દ્યન કેરી ડૂબતી નૈયા, શાશ્વત નગરે વાળે.

❁ ❁ ❁

# અરિહંત નમો ભગવંત નમો

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સીધ્યાં સઘળાં કાજ નમો .... અરિહંત

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભૂત અતિશય નિધિ, પ્રવચન જલધિ મયંક નમો ....અરિહંત

તિહુયણ ભવિયણ જન મન વંછિય, પૂરણ દેવરસાલ નમો;
લળી લળી પાય નમું હું ભાવે, કર જોડીને ત્રિકાળ નમો ....અરિહંત

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનિશ સેવ નમો ....અરિહંત

તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો ....અરિહંત

કેવળજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો ....અરિહંત

જગ ચિંતામણિ જગગુરુ, જગહિતકારક જગજનનાથ નમો;
ઘોર અપાર મહોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો ....અરિહંત

અશરણ શરણ નીરાગ નિરંજન, નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમળ સુરીશ નમો .....અરિહંત

## સકલ મંગલ મહીં મંગલ

સકલ મંગલ મહીં મંગલ, પ્રથમ મંગલ ગણું જેને,
પ્રભુ જે પંચ પરમેષ્ટિ, નમું છું ભાવથી તેને.

અરિહંતો જિનેશ્વર જે, જીતીને રાગ દ્વેષોને,
વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને.

વળી છે સિદ્ધ પરમાત્મા, કરીને ભસ્મ કર્મોને,
બિરાજ્યા મુક્તિપદમાં જે, નમું છું ભાવથી તેને.

ધરી ચારિત્ર આચાર્યો, ધરાવે ભવ્ય જીવોને,
વિદારે કર્મના મળને, નમું છું ભાવથી તેને.

ભણાવે જે ઉપાધ્યાયો, સકલ સિદ્ધાંત સમજીને,
રમે છે જ્ઞાનના દાને, નમું છું ભાવથી તેને.

અખિલ લોકે મુનિરાજો, જગતના મોહ મારીને,
ગુંથાયા આત્મશુદ્ધિમાં, નમું છું ભાવથી તેને.

અમારી આત્મશુદ્ધિનો, વહાલો મંત્ર બોલીને,
હવે લેવા અમરપદને, નમું છું ભાવથી તેને.

❀ ❀ ❀

## પ્રભુનું ધ્યાન ત્યાં હોજો

પ્રભુનું ધ્યાન ત્યાં હોજો, શિરે ફરમાન ત્યાં હોજો,
તમારી શિવભૂમિ જ્યાં, અમારો વાસ ત્યાં હોજો.

નથી રાગી, નથી દ્વેષી, નિરાગી છો ખૂબી જિનની,
રહીશું ત્યાં, સેવીશું ત્યાં, સેવક સુખકાર ત્યાં હોજો.

ફળ્યા શ્રી વીરના ચરણો, થતી જ્યાં ધ્યાનની કેલી,
જનમ એ ધામમાં મારો, દયાના નાથ ત્યાં હોજો.

અનંત સુખ જ્યાં ભરિયું, ખૂબી એ સિદ્ધ ભૂમિની,
પ્રભુ એ ધામ દિખા દો, જીવન ઉપહાર ત્યાં હોજો.

❀ ❀ ❀

## આદેશ્વર અરિહંત નમો

આદેશ્વર અરિહંત નમો
દિવસ ઉગે, પ્રભુ નામ સ્મરું,
દિનભર પ્રભુના કામ કરું ...આદેશ્વર
દિવસ વીતે પ્રભુ ધ્યાન ધરું,
પ્રભુ ચરણે નિજ શીશ ધરું ...આદેશ્વર
કામ કરી ફળને ત્યાગું,
દિવ્ય જીવનનો અંશ બનું ...આદેશ્વર
આ જીવનનું એક જ ધ્યેય,
આત્મ સ્વરૂપ અરિહંત બનું ...આદેશ્વર

❀ ❀ ❀

## જય આદિશ્વર

જય આદિશ્વર, જય ભગવાન, જય જય જિનવર કર કલ્યાણ
અજીતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનંદન સુમતિનાથ.
સુપાર્શ્વસ્વામી શિવદાતા, પ્રભુ પદ્મપ્રભ સુખશાતા
...જય આદિશ્વર

ચંદ્રપ્રભુ શ્રી સુવિધિનાથ, શીતલપ્રભુ શ્રી શ્રેયાંસનાથ,
વાસુપૂજ્ય શ્રી વિમલ જિનેશ, નાથ અનંતાનંત દિનેશ
...જય આદિશ્વર

ધર્મનાથ શ્રી શાંતિનાથ, કુંથુનાથ જય જય અરનાથ,
મલ્લિનાથ મુનિસુવ્રત જિણંદ, નમીનાથ જિનવર જિનચંદ
...જય આદિશ્વર

અરિષ્ટનેમિ દીનાનાથ, દીન દુઃખહર પાર્શ્વનાથ,
જય મહાવીર જય જય ભગવાન, ત્રિશલાનંદન કર કલ્યાણ,
દેવદેવેશ્વર કર કલ્યાણ, જય મહાવીર જય જય ભગવાન
...જય આદિશ્વર

❀ ❀ ❀

## નમો ઋષભ જિનદેવ
### (વંદનાકર્મ)

નમો ઋષભ જિનદેવ અજિત જિન જીતી કર્મકો,
સંભવ ભવદુઃખ હરણ કરન અભિનંદન શર્મ કો;
સુમતિ સુમતિ દાતાર તાર ભવસિંધુ પાર કર,
પદ્મપ્રભ પદ્માભ ભાનિ ભવભીતિ પ્રીતિ ધર.

શ્રી સુપાર્શ્વ કૃતપાશ નાશ ભવ જાસ શુદ્ધ કર,
શ્રી ચંદ્રપ્રભ ચંદ્ર કાંતિ સમ દેહ કાંતિ ધર;
પુષ્પદંત દમિ દોષકોષ ભવિ પોષ રોષ હર,
શીતલ શીતલ કરન હરન ભવતાપ દોષ હર.

શ્રેયરૂપ જિન શ્રેય ધેય નિત સેય ભવ્યજન,
વાસુપૂજ્ય શત પૂજ્ય વાસવાદિક ભવભય હન;
વિમલ વિમલમતિ દેન અંતગત હૈ અનંતજિન,
ધર્મ શર્મ શિવકરન શાંતિજિન શાંતિ વિધાયિન.

કુંથુ કુંથુમુખ જીવપાલ અરનાથ જાલ હર,
મલ્લિ મલ્લસમ મોહમલ્લ મારન પ્રચાર ધર;
મુનિસુવ્રત વ્રતકરન, નમત સુરસંઘ હિ નમિ જિન,
નેમિનાથ જિન નેમિ ધર્મરથમાંહિ જ્ઞાનઘન.

પાર્શ્વનાથ જિન પાર્શ્વઉપલ, સમ મોક્ષરમાપતિ,
વર્ધમાન જિન નમો વમો ભવદુઃખ કર્મકૃત;
યા વિધિ મેં જિન સંઘરૂપ ચૌવિસ સંખ્ય ધર,
સ્તવું, નમું હું બાર બાર વંદુ શિવસુખકર.

❀ ❀ ❀

## કેવળજ્ઞાને શોભતા

કેવળજ્ઞાને શોભતા, ચૌવિસ જિન ભગવંત,
નમું નમું હું આપને, પામી ભવનો અંત.
મંગલ શાસન-આપનું, રત્નત્રય દાતાર,
પામ્યો હું મહાભાગ્યથી, વર્તો જયજયકાર.

❀ ❀ ❀

# સકલ સાર સુર તરૂ
## (શ્રી પાર્શ્વનાથ સ્તુતિ)

સકલ સાર સુર તરૂ જગ જાણમ્, જગ જસ વાસ જગત પ્રમાણમ,
સકલ દેવ શિરમ્ મુકુટ સુચંગમ્, નમો નમો જિન પતિ મનરંગમ્. (૧)

જય જિનપતિ મનરંગમ્ અકલ અભંગમ્, તેજ તુરંગમ્ નીલંગમ્,
સુર શોભા સંગમ્ દગ્ધ અનંગમ્, શીષ ભુજંગમ્ ચતુરંગમ્. (૨)

બહુ પુણ્ય પ્રસંગમ્ નિત ઉછરંગમ્, નવ નવ રંગમ્ મરદંગમ,
કીર્તિ જલ ગંગમ્ દેશ દૂરંગમ્,સુર નર સંગમ્ સારંગમ્ . (૩)

સારંગા ચક્રમ્ પરમ પવિત્રમ્, રૂચિર ચરિત્રમ્ જીવિત્રમ્,
જગજીવન મંત્રમ્ પંકજ પત્રમ્, નિર્મલ નેત્રમ્ સાવિત્રમ્. (૪)

સાવિત્રા વરણમ્ મુકુટાભરણમ્, ત્રિભુવન શરણમ્ આચરણમ્,
સુર અર્ચિત ચરણમ્ દારિદ્ર હરણમ્, શીવ સુખ કરણમ્ મહાચરણમ્. (૫)

જય જિનવર મંત્રમ્ નાશત શત્રમ્, મંત્રા મંત્રમ્ મહામંત્રમ્,
વિશ્વે જયવંતમ્ ચામર છત્રમ્, શિષ ધરત્રમ્ પાવિત્રમ્. (૬)

ગો અમૃત કરણમ્ ભવજલ તરણમ્, જન મન મરણમ્ ઉદ્ધરણમ્,
સુખ સંપત્તિ કરણમ્ અઘ સબ હરણમ્, વરણા વરણમ્ આદરણમ્. (૭)

આદરણા પાલમ્ ઝાક ઝમાલમ્, નિત ભૂપાલમ્ ઉજિયાલમ્,
અષ્ટમ્ શશીભાલમ્ દેવદયાલમ્, ચિત્રચ ચાલમ્ સુકુમાલમ્. (૮)

શણગાર રસાલમ્ મહેકે માલમ્, રવિ સુવિશાલમ્ ભૂપાલમ્,
રિપુ દુર્મદ ગાલમ્ ક્ષમા કુદાલમ્, મોહ કરાલમ્ ભય ટાલમ્. (૯)

ત્રિભુવન રખવાલમ્ કાલ દુકાલમ્, મહા વિકરાલમ્ દૂરટાલમ્,
મહાગુણ ધારમ્ ભવિકા ધારમ્, જગ દાતારમ્ નિર્ધારમ્. (૧૦)

તુમ બિરૂદ વિચારી અરજ હમારી, વારી-વારી અવધારી,
તુમ દર્શન પાઉં અવ ન ચાહું, ઈહ ભવ પર ભવ સુખકારી. (૧૧)

આનંદ રસ પૂરે સંકટ ચૂરે, મંગલ માલમ્ સુવિશાલમ્,
ઈહ છન્દ કો ગાવે આનંદ પાવે,સંકટ જાવે તત્કાલમ્,
પ્રભુ સંકટ જાવે તત્કાલમ્. (૧૨)

સકલ સ્વરૂપ ઉદાર સાર, સંપત્તિ સુખદાયક,
રોગ શોક સંતાપ પાપ સબ દૂર નિવારક,
ચહું દિશિ આણ, અખંડ તપે જીમ તેજ દિનન્દ્રો,
નમે અપ્સરા ક્રોડ યશ ગાવે સુરીન્દ્રો,
તેવીસમો જિનવર ભલો, અધિક અધિક મંગલ નીલો,
મુનિ મેઘરાજ ઈમ વિનવે, પ્રભુ પાર્શ્વનાથ ત્રિભુવન તીલો. (૧૩)

❀ ❀ ❀

## નમો દુર્વારરાગાદિ

નમો દુર્વારરાગાદિ, વૈરીવાર નિવારિણે,
અર્હતે યોગીનાથાય, મહાવીરાય તાયિને.
પન્નગે ચ સુરેંદ્રે ચ, કૌશિકે પાદ સંસ્પૃશઃ
નિર્વિશેષ મનસ્કાય, શ્રી વીરસ્વામીને નમઃ

❀ ❀ ❀

# પ્રભુ મહિમા

## શ્રી મહાવીર ભગવાનની સ્તુતિ

ૐ

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવઝઝાયાણં

નમો લોએ સવ્વ સાહૂણં.

અથ વર્તમાન શાસને શ્રમણ ભગવંત શ્રી મહાવીર દેવ, દેવાધિ દેવ.
પરમ તારૂ, પરમ વારૂ, દયા નિધિ, કરૂણાસાગર, ભાનુભાસ્કર.
જીવ દયા પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, મહા મહાણ, મહા ગોવાળ.
પરમ સાર્થવાહ, પરમ નિર્યાળક, પરમ વૈદ્ય, પરમ ગારૂડી, પરમ સનાતન.
અનાથના નાથ, અશરણના શરણ, અબંધવના બંધવ, ભાંગ્યાના ભેરૂ.
સંત ઉદ્ધારણ, શિવસુખ કારણ, રાજરાજેશ્વર પુરુષ, હંસ પુરુષ,
સુપાત્ર પુરુષ, નિર્મળ પુરુષ, નિર્મોહી પુરુષ, નિર્વિકારી પુરુષ.
ઈચ્છાનિરોધ તપસ્વી, ૩૪ અતિશયે કરી બિરાજમાન.
૩૫ પ્રકારના સત્ય વચન વાણી ગુણે કરી સહિત,
૧૦૦૮ ઉત્તમ લક્ષણના ધરણહાર
શ્રી સિદ્ધાર્થ નંદન, ત્રિહુ જગવંદન, અઘમલ મંજન,
ભવ ભય ભંજન, અરિદલ ગંજન, પાપ દુ:ખ નિકંદન,
દયાયે ક્ષમાયે કરી શીતળ, શીતળ ચંદન સમાન,
દીન દયાળુ, પરમ માયાળુ, પરમ કૃપાળુ, પરમ પવિત્ર,
પરમ સજ્જન, પરમ મિત્ર, પરમ માવિત્ર, પરમ વાલેશ્વરી,
પરમ હિતવંચ્છક, પરમ આધાર, સફરી જહાજ સમાન,
જગત માતા, જગત પિતા, જગત ભ્રાતા, જગત જીવન,
જગત સોહન, જગત મોહન, જગત પાવન, જગત ભાવન,

જગત ઈશ્વર, જગત વીર, જગત ધીર, જગત ગંભીર,
જગત ઈષ્ટ, જગત મિષ્ટ, જગત શિષ્ટ, જગત દીપક, જગત વત્સલ,
જગત રક્ષક, જગત પ્રકાશક, જગત નાથ, જગત લોચન, જગત મિત્ર,
જગત વિભુ, જગત પ્રભુ, જગત મુગટ, જગત પ્રકટ,
જગત નંદન, જગત વંદન,
ચૌદ રાજલોકને વિષે ચુડામણી મુગટ સમાન,
ભવ્ય જીવના હૃદયના નવસરહાર, શિયલપુંજ,
જગત શિરોમણી, ત્રિભુવન તિલક, સમવસરણના સાહેબ,
સરસ્વતીના તરંગ, ગણધરદેવના ગુરુરાજ, છકાયના છત્ર,
ગરીબના નિવાજનહાર, મોહના ઘરંટ્ટ,વાણીના પદ્મ સરોવર,
સાધુના સોહરા, લોકના અગ્રેસર,અલોકના સાધનહાર,
ત્રાસિતના શરણાગત, મોક્ષના દાનેશ્વરી,
ભવ્ય જીવના લોચન, કુમતિ કુબુદ્ધિના નિષ્કંદન, સંતોષના મેરૂ,
સુયશના કમલ, સુખના સમુદ્ર,ગુણના હંસ, શબ્દના કેસરી,
યમના જીતણહાર, કાળના લક્ષણહાર, મન્મથના અંકુશ,
મનુજના કલ્પવૃક્ષ સમાન, સમદષ્ટિના માતાપિતા,
ચતુર્વિધ સંઘના ગોવાળ, ધરતીને વિષે ઈન્દ્રધ્વજ સમાન,
આકાશના સ્તંભ સમાન, મુક્તિના વરરાજા,કેવળના દેવણહાર,
ચોસઠ ઈન્દ્રના પૂજનિક,વંદનિક,અર્ચનિક, સ્મરણનીય,
એવા દીનબંધુ, દીનાધાર, દીનોદ્ધારક,
સર્વ દેવોના દેવ, સર્વ મુનિના નાથ,સર્વ યોગીના ઠાકુર પુરુષ,
તરણ તારણ, દુઃખ નિવારણ, અધમોદ્ધારણ, ભવ દુઃખ ભંજન,
સમતાના સિંધુ,દયાના સાગર,ગુણના સાગર,
ચિંતામણી રત્ન સમાન, પાર્શ્વમણી સમાન, કામદુગ્ધા ધેનુ સમાન,
ચિત્રાવેલ સમાન, મોહનવેલ સમાન,
કલ્પવેલ સમાન, અમૃતરસ કુંભ સમાન,
સુખના કરણહાર, દુઃખના હરણહાર,

પાપ પડલ તિમિરના ટાળણહાર,
મિથ્યાત્વ રૂપ અંધકારના મિટાવણહાર,
ચંદ્રમાની પેઠે શીતળ, શીતળ દશાના ધરણહાર,
સૂર્યની પેઠે ઉદ્યોતના કરણહાર, સમુદ્રની પેઠે ગંભીર,
મેરૂની પેઠે અડોલ, વાયુની પેઠે અપ્રતિબદ્ધ વિહારી,
ગગનની પેઠે નિરાલંબી,
મારવાડી વૃષભ સમાન, પંચાનન કેસરીસિંહ સમાન,
**એવા દેવાધિદેવ,**

ઊગ્ર તપસ્વી, દિપ્ત તપસ્વી, તપ્ત તપસ્વી, મહા તપસ્વી, ઘોર તપસ્વી,
એવી આકરી જાજવલ્યમાન, તપસ્યાના કરણહાર,
**એવા લોકોત્તર પુરુષ,**

અભયદાન દાતા, જ્ઞાન ચક્ષુ દાતા, મોક્ષ માર્ગ દાતા,
સંયમ જીવન દાતા, બોધી બીજ દાતા, આત્મિક ધર્મ દાતા,
એવા ચરમ જિનેશ્વર જગધણી, જૈન શાસન શણગાર,
ભાવ ધરીને સમરતાં, પામીએ ભવ પાર,
એવા તત્વાનંદી, તત્ત્વ વિશ્રામી,
અનંત ગુણના ધણી, અનંત બળના ધણી,
અનંત રૂપના ધણી, અનંત તેજના ધણી,
**અનંત અવ્યાબાધ આત્મિક સુખના ધરણહાર,**
**સફળ નામ અને સફળ ગોત્રના ધરણહાર,**
**મ હણો, મ હણો શબ્દના પ્રકાશનહાર,**

મ હણો, મ હણો જીવને, એ જિનવાણી ભાખ,
દશ વૈકાલિક દેખલો, સર્વ સૂત્રકી શાખ.
મ હણો, મ હણો જીવને, એ જિનવર ઉપદેશ,
હેતુ પુસ્તકે જાણજો, દયા ધર્મ છે બેશ.
હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ,
અનંતા જીવ નરકે ગયા, હિંસા તણા ફળ જાણ.

દયા તે સુખની વેલડી, દયા સુખની ખાણ,
અનંતા જીવ મુક્તે ગયા, દયા તણા ફળ જાણ.

દયા સ્વર્ગનું બારણું, દયા મોક્ષની વાટ
દયા નરકનું ઢાંકણું, દયા ખત અઘાટ.

જીવ મારતાં નરક છે, રાખતાં છે સ્વર્ગ,
એ બેઉ છે પાટડી, જીણ ભાવે તે લગ.

સુક્ષ્મ અપર્યાપ્તથી, પંચેન્દ્રિય પર્યંત,
હિંસા મૂકો હોંશથી, શીવકાંતાના કંત.

મુષ્ટિ પ્રહારથી માંડીને, પ્રાણ હરણ પર્યંત,
હિંસા મૂકો હોંશથી, શીવકાંતાના કંત.

જીવ દયા પાળી નહિ, પાળી નહિ છ કાય,
સૂના ઘરનો પ્રાહુણો, જેમ આવ્યો તેમ જાય.

જીવ દયા પાળી સહી, પાળી છે છ કાય,
વસતા ઘરનો પ્રાહુણો, મીઠાં ભોજન ખાય.

સુખ દીધે સુખ હોત હે, દુઃખ દીધે દુઃખ હોય,
ઝેર આરોગી જે સુએ, ઉઠ્યા વાટ ન જોય.

સુખ દીધે સુખ હોત હે, દુઃખ દીધે દુઃખ હોય,
આપ હણે નહિ અવરકું, આપકું હણે ન કોઈ.

સુખ દીધે સુખ હોત હે, દુઃખ દીધે દુઃખ હોય,
એક વ્યવહારી એક વાઘરી, પ્રત્યક્ષ પટંતર જોય.

ખરો માર્ગ વીતરાગનો, સૂક્ષ્મ જેના ભેદ,
શ્રદ્ધા હોય તે શ્રદ્ધજો, મનમાં રાખી ઉમેદ.

લઘુ કરમી જીવને, રૂચે એ ઉપદેશ,
ખરો માર્ગ વીતરાગનો, જેમાં કુડ નહિ લવલેશ.

હિંસાથી રહી વેગળા, નિશ્ચળ રાખી મન,
ડગાવ્યા ડગજો નહિ, કહેવાશો ધન્ય ધન્ય.

અહો! ભવ્ય પ્રાણી!
છકાયના જીવની દયાપાળો, રક્ષા કરો, અનુકંપા રાખો,
કોઈ જીવને હણશો તો હણાવું પડશે,
છેદશો તો છેદાવું પડશે, ભેદશો તો ભેદાવું પડશે,
જેવે રસે કર્મ બાંધશો, તેવે રસે ભોગવવા પડશે.

**કડાણ કમ્માણ, ન મોકખ અત્થિ.**

આ જીવે જે જે કર્મ કીધેલાં છે તે તે ભોગવ્યા વિના છૂટકો નથી
એવી નિર્વદ્ય વાણીના પ્રકાશનહાર.

**નાયકુલ નંદણો, મહપ્પા મહાવીરો,**
**ઉપન્નાણદંસણધરા, અરહા જિન કેવલી.**

અનાશ્રવી પુરુષ, તે પ્રભુજી દેવાધિદેવ,
અનંત ગુણે કરી બિરાજીત છે.
તે પ્રભુજીના ગુણ
કહ્યામાં ન આવે, મવ્યામાં ન આવે, વર્ણવ્યામાં ન આવે,

સુખ દીધે સુખ હોત હે, દુઃખ દીધે દુઃખ હોય,
એક વ્યવહારી એક વાઘરી, પ્રત્યક્ષ પટંતર જોય.

ખરો માર્ગ વીતરાગનો, સૂક્ષ્મ જેના ભેદ,
શ્રદ્ધા હોય તે શ્રદ્ધજો, મનમાં રાખી ઉમેદ.

હળુ કરમી જીવને, રૂચે એ ઉપદેશ,
ખરો માર્ગ વીતરાગનો, જેમાં કુડ નહિ લવલેશ.

હિંસાથી રહી વેગળા, નિશ્ચળ રાખી મન,
ડગાવ્યા ડગજો નહિ, કહેવાશો ધન્ય ધન્ય.

અહો! ભવ્ય પ્રાણી!
છકાયના જીવની દયાપાળો, રક્ષા કરો, અનુકંપા રાખો,
કોઈ જીવને હણશો તો હણાવું પડશે,
છેદશો તો છેદાવું પડશે, ભેદશો તો ભેદાવું પડશે,
જેવે રસે કર્મ બાંધશો, તેવે રસે ભોગવવા પડશે.

**કડાણ કમ્માણ, ન મોકખ અત્થિ.**

આ જીવે જે જે કર્મ કીધેલાં છે તે તે ભોગવ્યા વિના છૂટકો નથી
એવી નિર્વદ્ય વાણીના પ્રકાશનહાર.

**નાયકુલ નંદણો, મહપ્પા મહાવીરો,**
**ઉપન્નાણદંસણધરા, અરહા જિન કેવલી.**

અનાશ્રવી પુરુષ, તે પ્રભુજી દેવાધિદેવ,
અનંત ગુણે કરી બિરાજીત છે.
તે પ્રભુજીના ગુણ
કહ્યામાં ન આવે, મવ્યામાં ન આવે, વર્ણવ્યામાં ન આવે,

એવા અકળ સ્વરૂપી, અવિગત સ્વરૂપી, જિનેશ્વર દેવ, દેવાધિદેવ,
ચોવીસમા ચરમ તીર્થંકર શ્રી મહાવીર વર્ધમાન સ્વામીએ
સંયમ લઈ કરી, સાડાબાર વર્ષ ને પંદર દિવસ સુધી,
મહામહેનતો કરી, ઘોર તપશ્ચર્યા કરી,
કર્મને ટાળી, કર્મને ગાળી
કર્મને પ્રજાળી, કર્મને દૂર છાંડી
કર્મનાં દેણાં દઈ કરી, કર્મથી નિઃકરજા થઈ કરી,
કેવળજ્ઞાન, કેવળદર્શન પામ્યા,
ઘણા જીવોને તારી,પ્રતિબોધી,આત્મદશા પ્રગટ કરાવી.
એ શ્રી જિનેશ્વર દેવ, વીતરાગ દેવ, મોક્ષનગર સિધાવ્યા.
પણ...............
જે જગતવાસી જંતુ જીવ, અનાદિકાળથી,
ચાર ગતિ, ચોવીશ દંડક,
ચોરાશી લક્ષ જીવ યોનિને વિષે,
એક ક્રોડાક્રોડ સાડી સત્તાણું લાખ ક્રોડ
કુળને વિષે, પરિભ્રમણ કર્યા કરે છે,
શારીરિક, માનસિક વેદનાઓ સહન કરે છે,
તેને તારવા માટે, દુઃખ મટાડવા માટે, ઉદ્ધાર કરવા માટે,
એકાંત હિત બુદ્ધિએ, પરમેશ્વર દેવે, સિદ્ધાંત રૂપ વાણી લાણી,
ભાવભેદ, વૃતાંત, વિસ્તારપણે વર્ણવ્યા.
**એવી વીર પરમાત્માની વાણી**
સર્વ જીવોને સર્વદા મહામંગળને કરનારી છે.
**તે વાણીની વર્તમાન કાળે**
મને, તમને સૌને શ્રદ્ધા તથા પ્રાપ્તિ હોજો.

❀ ❀ ❀

# દ્રવ્ય સંગ્રહની ગાથાઓ

જીવમજીવં દવ્વં જીણવર વસહેણ જેણ ણિદિટ્ઠં ।

દેવિંદવિંદવંદં વંદે તં સવ્વદા સિરસા ॥

અર્થ :- જે જિનવર ઋષભદેવે જીવ અને અજીવ

દ્રવ્યનું વર્ણન કર્યું છે અને જે દેવેન્દ્રોના સમૂહથી

વંદનીય છે તેને હંમેશા શિરથી વંદુ છું. (૧)

❁ ❁ ❁

મા મુજ્ઝહ મા રજ્જહ, મા દુસ્સહ ઈટ્ઠણિટ્ઠઅત્થેસુ।

થિરમિચ્છહ જઈ ચિત્તં, વિચિત્તઝાણપ્પસિદ્દિધએ ॥

અર્થ :- જો અનેક પ્રકારના ધ્યાનની સિધ્ધિને

માટે ચિત્તને સ્થિર કરવા ઈચ્છતા હો તો ઈષ્ટ

તથા અનિષ્ટ પદાર્થોમાં

મા મોહ કરો, મા રાગ કરો, મા દ્વેષ કરો. (૪૯)

❁ ❁ ❁

અરહંતા, અસરીરા, આઈરિયા તહ ઉવજ્ઝયા મુણિણો।

પઢમક્ખરણિપ્પણ્ણો ઓંકારો પંચ પરમેઠ્ઠી॥

અર્થ :- અરિહંતનો પહેલો અક્ષર 'અ', સિદ્ધને અશરીરી કહે છે તેનો પણ પ્રથમ અક્ષર 'અ', આચાર્યનો પ્રથમ અક્ષર 'આ', ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર 'ઉ', , મુનિનો પ્રથમ અક્ષર 'મ' - એ પ્રમાણે અ+અ+આ+ઉ+મ એ પાંચ અક્ષરોની સંધિ થઈને પંચપરમેષ્ઠી વાચક 'ઓમ' બને છે. બીજા મંત્રો બાર હજાર છે તે 'નમસ્કાર કલ્પ'માં જોઈ લેવા.

❀ ❀ ❀

જં કિંચિવિ ચિંતંતો,
ણિરોહવિત્તી હવે જદા સાહૂ ।
લદ્ધૂણય એયત્તં,
તદાહુ તં તસ્સ ણિચ્ચય ઝાણં ॥

અર્થ :- જ્યારે સાધુ એકાગ્રતાને મેળવીને જે કાંઈ પણ ચિંતવન કરે છે ત્યારે ઈચ્છા રહિત પ્રવૃત્તિવાળો થાય છે, ત્યારે તે મુનિનું તે ધ્યાન નિશ્ચય ધ્યાન છે એમ આચાર્ય કહે છે. (૫૬)

❀ ❀ ❀

મા ચિટ્ઠહ મા જંપહ,

મા ચિંતહ કિં પિ જેણ હોઈ થિરો ।

અપ્પા અપ્પમ્મિ રઓ,

ઈણમેવ પરં હવે ઝાણં ॥

અર્થ :- કંઈ પણ ચેષ્ટા ન કરો, ન બોલો, ન વિચારો, જેથી આત્મા આત્મામાં તલ્લીન થઈને સ્થિર થાય. આ જ ઉત્કૃષ્ટ ધ્યાન છે. (૫૭)

❀ ❀ ❀

## ઈષ્ટોપદેશ

સંયમ્ય કરણગ્રામમ

એકાગ્રત્વેન ચેતસઃ ।

આત્માનમ્ આત્મવાન ધ્યાયેત

આત્મનૈવ આત્મનિ સ્થિતં ॥

અર્થ : મનની એકાગ્રતાથી ઈન્દ્રિયોના સમુહને વશ કરી આત્મવાન પુરુષે પોતાનામાં સ્થિત આત્માને આત્મા દ્વારા જ ધ્યાવવો જોઈએ.

❀ ❀ ❀

અસતો મા સત્ ગમય, તમસો મા જ્યોતિર્ગમય,

મૃત્યોર્મા અમૃતં ગમય

❀ ❀ ❀

જિનેર્ભક્તિ, જિનેર્ભક્તિ, જિનેર્ભક્તિ દિને દિને,
સદામેસ્તુ, સદામેસ્તુ, સદામેસ્તુ ભવે ભવે.

નહીં ત્રાતા નહીં ત્રાતા, નહી ત્રાતા જગત્રયે,

વીતરાગ પરોદેવો, ન ભૂતો ન ભવિષ્યતિ

❀ ❀ ❀

પક્ષપાતો ન મે વીરે, ન દ્વેષઃ કપિલાદિષુ ।

યુક્તિમદ્દ્વચનં યસ્ય, તસ્ય કાર્યઃ પરિગ્રહ ॥

❀ ❀ ❀

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમઃપ્રભુઃ

મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈનધર્મોઽસ્તુ મંગલં

❀ ❀ ❀

સર્વ મંગલ માંગલ્યમ, સર્વ કલ્યાણ કારણમ
પ્રધાન સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ

❀ ❀ ❀

સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દ્ દુઃખભાગભવેતુ

❀ ❀ ❀

સર્વેષાં સ્વસ્તિર્ભવતુ, સર્વેષાં શાંતિર્ભવતુ,
સર્વેષાં પૂર્ણ ભવતુ, સર્વેષાં મંગલં ભવતુ

❀ ❀ ❀

ઈચ્છા દ્વેષ વિહીનેન, સર્વત્ર સમચેતસા ।
ભગવત ભક્તિ યુક્તેન, પ્રાપ્તા ભાગવતી ગતિઃ ॥

❀ ❀ ❀

દેહાભિમાને ગલિતે વિજ્ઞાતે પરમાત્મનિ ।
યત્ર યત્ર મનો યાતિ, તત્ર તત્ર સમાધયઃ ॥

❀ ❀ ❀

નલિની દલગત જલવત્તરલં
તદ્વજ્જાવનમતિશય ચપલં ॥
ક્ષણમપિ સજ્જન સંગતિરેકા,
ભવતિ ભવાર્ણવતરણે નૌકા ॥

❀ ❀ ❀

પ્રશમરસ નિમગ્નં દ્રષ્ટિ યુગ્મં પ્રસન્નં
વદન કમલમંકઃ કામિની સંગ શૂન્યઃ ।
કર યુગમપિ યત્તે શસ્ત્રસંબંધ વંધ્યં
તદસિ જગતિ દેવો વીતરાગ સ્ત્વમેવ ॥

❀ ❀ ❀

વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ ॥

અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષ સ્વરૂપ
અનુભવ ચિંતામણી રતન, અનુભવ હૈ રસકૂપ ॥

શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલી કરે
શુદ્ધતામેં થિર ભયે, અમૃત ધારા બરસે ॥

❀ ❀ ❀

સમતા, રમતા, ઉરધતા, જ્ઞાયકતા સુખભાસ;
વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.

❀ ❀ ❀

સુખ ધામ અનંત સુસંત ચહી
દિન રાત્ર રહે તદ્ધ્યાન મહીં,
પર શાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

❀ ❀ ❀

હરિગુણ ગાતા રે, હરિજન હરિ થયા
નિર્ગુણ ધ્યાતા રે, ગુણાતીત પોતે થયા

❀ ❀ ❀

# વિભાગ-૪
# અધ્યાત્મ પદો

## આ જગતમાં પ્રાણી રહે

આ જગતમાં પ્રાણી રહે, દુઃખમાં ગળકાં ખાતો રહે,
સુખના ઝાંવા નાખતો રહે, હકીકતમાં રીબાતો રહે.

❀ ❀ ❀

## આજ મારા અંતરની આરત

આજ મારા અંતરની આરત પ્રભુ બુઝાવો રે,
જલ્દી જલ્દી કૃપા કરીને, આંતરબીન બજાવો રે.
આ અંતરના સર્વે રાગો આપ મહીં શમાવો રે,
દ્વેષના કંટક સહુ નમાવી, પરમ વિશુદ્ધ બનાવો રે.

❀ ❀ ❀

## આજ મારા હૈયામાં આનંદ

આજ મારા હૈયામાં આનંદ હેલે ચડ્યો રે ।
વણ માગ્યે પ્રભુજીએ મુજને સર્વે આપી દીધું રે,
કેમ કરીને થાયે આ કરુણાના સાચાં મૂલ્યો રે,
નહિ વિસારું પ્રભુજી આ અદ્‌ભુત મારગ તારો રે ...આજ

પૂરવ જનમની વેદનાને ભાવિએ ભૂલાવી રે,
અમૃતરસના પાનથી કંટક સહુ વિસાર્યા રે,
જ્ઞાનધારાની લહાણીમાં અદ્‌ભુત શાંતિ આવે રે ...આજ

ભાવિનાં એ પ્રેરક વાચુ લાવે સુરખી ઘેલી રે,
જ્ઞાન સુધારસ અમૃતધારા વરસે મુજ અંતરમાં રે,
અનાદિના ભમવાનો અંત, લાવે એ લીલામાં રે ...આજ

પશ્ચાતાપનાં પુનિત આંસુ પામે મૌક્તિક વેલી રે,
સુધારસનાં અમૃતબિંદુ આપે શીતલ રેલી રે,
દેહરહિત દશા પામીને જાવું સ્વરૂપ સ્વદેશ રે ! ...આજ

દેહાદિનું ભાન ભૂલીને પ્રભુમાં લીન થાવું રે,
તે માટેનો સાચો મારગ પ્રભુજી આપે બતાવ્યો રે,
તે જાણીને હેતભાવે હું તો ધન્ય થઈ રે ...આજ

❀ ❀ ❀

## આજે મેં તો પ્રભુઆજ્ઞાએ

આજે મેં તો પ્રભુઆજ્ઞાએ સુંદર મારગ ભાળ્યો રે,
જ્યાં ઋષભાદિક તીર્થંકરા નયને વિહરતા ભાળ્યા રે,
એ ભાળીને એમના ચરણમાં અમે વાસ લીધો રે,
જેથી કર્મો સર્વે આજે નાસી નાસી જાય રે ...આજે

મેં તો પ્રભુ આજ્ઞાએ આજે સર્વ જીવ ખમાવ્યા રે,
સંવત્સરીના પર્વે આજે સર્વે જીવો વિકસો રે,
જાણ અજાણના જે કોઈ દોષો મેં નિત ઉપજાવ્યા રે,
તે સર્વે ક્ષમા કરીને મારો ઉત્સવ ઉજવો રે ...આજે

મેં તો પ્રભુ આજ્ઞાએ આજે મુનિસુવ્રત પાળ્યું રે,
એ વ્રતમાં અદ્‌ભુત આનંદ આજે મેં તો માણ્યો રે,
જે સહુ કોઈ આવે તે તો આ રસમાં નહાવાના રે,
પ્રભુજીના આ ઉત્તમ દાનનું કદી યે ન થાય મૂલ્ય રે ...આજે

મેં તો પ્રભુ આજ્ઞાએ આજે સર્વે મંગળ દીઠાં રે,
જે પામીને ધરતી આજે ધન્ય ધન્ય થઈ રે,
એ મંગળમાં મંગળ એવી ધર્મ ઘોષણા માણી રે,
ભવાબ્ધિનો અંત કરીને જાવું સ્વરૂપ સ્વદેશ રે ...આજે

હું તો પ્રભુ આજ્ઞાએ પામીશ ઉત્તમ સ્વરૂપ સ્વદેશ રે,
તેમાં અઢળક જીવોને લેવા વીરવાણી બોધે રે,
એ કલ્યાણમય ઉત્તમ વાણી સર્વે જીવો માણો રે,
એથી મારું હૈયું આજે અતિઆનંદે ઉલ્લસે રે ...આજે

હે જગતના જીવો આજે વીરવાણીને સુણો રે,
વીતરાગી થાવાને તમે વીતરાગ ચરણે રહેજો રે,
હું પામી છું ખૂબ મારા વીતરાગીનું હેત રે,
તમો તે પામીને છૂટો, એ મારી મહેચ્છા રે,
આજ હું તો પ્રભુ આજ્ઞાએ ઘણું ઘણું પામી રે ...આજે

❀ ❀ ❀

## આતમ જ્યોતિ

આતમ જ્યોતિ અનુભવી હું, શાંત રસમાં રમતી રહું.
વીતરાગતાના તાણે વાણે, ચડતા ક્રમમાં સ્થિર બનું.
એ અનુભવ મને નિત્ય રહો, એ અનુભવ મને નિત્ય રહો.

❀ ❀ ❀

## જગત જોતું ઉઘાડી આંખે

જગત જોતું ઉઘાડી આંખે, અગણિત ભૂલોમાં અટવાતું,
જ્ઞાની જોતા બંધ આંખે, ભૂલોનો જ્યાં અવકાશ ના.

❀ ❀ ❀

## જગત આ સળગી રહ્યું

જગત આ સળગી રહ્યું સંસારના સંતાપમાં,
થાજો હવે મુક્તિ ભલેરી, આપના સહવાસમાં.

મોડું થયું છે માગતાં, એની કશી દરકાર ના,
રહીને ચરણમાં આપના, સાધુ હવે મુક્તિ ખરી.

દેખી અંધારુ આથડ્યો, પ્રકાશને પ્રગટાવવા,
જોયા ન મેં તો આપને, સ્વયં પ્રકાશ ફેલાવતાં.

❁ ❁ ❁

## ઠરી અવરને ઠાર

ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
ઠરી અવરને ઠાર, એના મહિમાનો નહીં પાર. ૧

ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
ઠરી અવરને ઠાર, એનાં અર્થ અનંત અમાપ. ૨

ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
ઠરી અવરને ઠાર, એ છે શ્રુત અનુભવનો સાર. ૩

ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
ઠરી અવરને ઠાર, એ છે અનંત ગુણોનો ભંડાર. ૪

ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
ઠરી અવરને ઠાર, એ છે ૐ નો પરિવાર. ૫

ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
ઠરી અવરને ઠાર, એ છે કેવળી પ્રભુનો સાથ. ૬

❁ ❁ ❁

## તારે દ્વારે

તારે દ્વારે હું આવી હે નાથ । મને કેમ કરી કરશે તું નિરાશ ?
હું તો આવી સકળ વિશ્વ ત્યાગી, તારા આશરાને સાચો માની.
મને જોઈએ તારું એ કેવળજ્ઞાન, બીજું કાંઈએ ન માનું એહ સમાન.
હું તો પામીશ તારું એ સ્વરૂપ, એમાં કશીએ ન આવે હવે ચૂક.
મને સહાય નિત્યે કરજે નાથ । મને કેમ કરી કરશે તું નિરાશ ?

❁ ❁ ❁

## નાથ મને તારો

નાથ મને તારો હો નાથ મને તારો,
કેમે ના સહેવાય આ જગ ખારો.
હવે ડૂબી હું તારા સ્મરણમાં,
સર્વ જગત લાગે ભરમમાં,
મને આશરો છે એક તારો ... હો નાથ મને તારો

❁ ❁ ❁

## નિર્મળ નયને અમૃત ધારા

નિર્મળ નયને અમૃત ધારા નિરખી,
સૌમ્ય મુખડે અદ્‌ભુત વાણી સુણી;
એમાં સર્વ કલિમલ કપાતાં જાણી,
આ બાળક બહુ બહુ હરખાય;
પ્રભુ આપની કૃપા અનેરી,
માણતાં ધરવ ન થાય.

❁ ❁ ❁

## પામશું, પામશું, પામશું રે

પામશું, પામશું, પામશું રે, કેવળજ્ઞાન હવે તો પામશું રે
શુક્લધ્યાને બહુ સ્થિર થઈને, અંતરના વેગને વધારશું રે ...કેવળ

મોહ પતંગના ફંદે ફસાઈને, ચાર ચાર ગતિમાં ભમીયા રે,
એ રે ભ્રમણથી છૂટી જવાને, શુદ્ધ ઉપયોગમાં રહીશું રે ...કેવળ

ક્રોધ કષાયને પૂરો રે કરવા, શાંત રસની લ્હાણ માણશું રે,
માન કષાયને દૂરથી જ દેખતાં, મંત્રના જાપથી ભગાડશું રે ...કેવળ

માયા કષાયને ઉગતાંની સાથે, ત્યાગના ગુણથી મુંઝાવશું રે,
લોભ કષાયને શત્રુ જાણીને, ક્યાંયથી ન પેસવા દઈશું રે ...કેવળ

એમ કષાયથી ભિન્ન થઈને, આત્માના ગુણમાં રહીશું રે,
જ્ઞાન દર્શન ને ચારિત્ર પામીને, શુદ્ધ સ્વરૂપ પ્રગટાવીશું રે ...કેવળજ્ઞાન

## પૂરવે સૂરજ ઉગીયો

પૂરવે સૂરજ ઉગીયો, આવ્યું ન કેવળજ્ઞાન,
કાં રે આ બાળકને ટટળાવો, શું એ ભૂલ્યું ભાન ! ૧
ગુનાઓ સર્વે માફ કરો, જલદી પ્રગટાવો જ્ઞાન,
પ્રભુજી કેટલી કરું વિનંતી, કાં ન ધરતા ધ્યાન ? ૨
પ્રભુજી આપોને જલદી હવે, જલદી શુક્લધ્યાન,
હવે નહિ સહેવાતું મુજથી, આ જુદાઈનું ભાન. ૩

**"જાગો હે જીવો, મોહ કરો પરો"**
**"પ્રભુજી મોહ કરાવો પરો".**

## પ્રભુ તારા પ્રેમની રઢ લાગી

પ્રભુ તારા પ્રેમની રઢ લાગી,
તારા શુભ ચરણોમાં રહીને,
તારા પ્રેમનો લહાવો લેવા,
આજે આવેલ છું ભાગ્યવાન થાવા,
તારું સ્વરૂપ યથાર્થ માણવા.

❁ ❁ ❁

## મુક્તિ સુંદરીને અમે

મુક્તિ સુંદરીને અમે વરવાને ચાલ્યા
જોડી છે આ તો અપૂર્વ જાન
આવોને સર્વે જગત જીવો...

પહેલી પગથારે અમે પ્રભુને શ્રધ્યા,
તેમના વચનોમાં મૂક્યો શુભ વિશ્વાસ.

બીજી પગથારે અમે શ્રદ્ધા વધારી,
આદર્યું તે વચનોનું આરાધન.

ત્રીજી પગથારે અમે આત્મા જગાડયો,
અનંતાનુંબંધીને દીધો દેશવટો.

જેને પ્રભુજી પરમાર્થ સમકિત કહાવે,
એ પામીને મુક્તિ જાને જોડાવે.

ચોથે ગુણસ્થાને જાન મંગળ ચાલે,
પછી આવે છે તે પાંચમાં ગુણસ્થાને.

ચોથી પગથારે અમે પ્રભુને સોંપ્યા,
અલ્પાંશે અમારા મન વચન કાયા.

પાંચમી પગથારે અમે પ્રભુને સોંપ્યા,
સર્વાંશે અમારા મન વચન કાયા.

આ તો કહેવાયે નિર્ગ્રંથ અવસ્થા,
જાનના શોભાંકિત યુવક યુવતીઓ.

છઠ્ઠી પગથારે અમે પ્રભુને સાધ્યા,
પામ્યા મનાદિની પૂર્ણ એકતા.

શુકલ ધ્યાને મગ્ન થઈ પ્રભુને પામ્યા,
બન્યા છીએ જાનનાં અમોઘ સૂત્રધાર.

હવે લગ્ન મંડપે જઈને પ્રભુ સ્વરૂપે,
લઈશું મુકિત સુંદરીનો મંગળ હાથ.

રે જગત જીવો ! આ જાનમાં જોડાઈને,
લો, આ અપૂર્વ લાભ આવિયો.

❀ ❀ ❀

## શાંતિના સાગરમાં

શાંતિના સાગરમાં રમી આવ્યા, શાંતિની ગરોમાં ભમી આવ્યા,
પ્રભુનો દીવડો પેખી આવ્યા, મીઠી વાણી સુણી આવ્યા.
પ્રભુ પામી ધન્ય થઈ આવ્યા... શાંતિના સાગરમાં.

❀ ❀ ❀

## સંસાર સમુદ્ર તારવા

સંસાર સમુદ્ર તારવા, પ્રભુ આપની કૃપા ઘણી,
મન વાંછિત જ્યાં પામતાં, ત્યાં શું રહે મણા પછી ?
પ્રભુ ! આપનો ઉપકાર જેટલો માનીએ તે ઓછો છે,
અમને ઉગારી દુઃખથી, સુખમાં સુવાડ્યા આપે છે. ૧

પ્રભુ! આજની આ વિનતિ, આપને કરું હું ભાવથી,
ક્યારેય પણ અમને ન કરશો, આપની કૃપારહિત,
અમ એ જ જિવિત, એ જ મૃત્યુ, એ જ વાંછા છે ખરે,
તુમ વિણ જગમાં કાંઈ પણ અમને હવે સાંતુ નથી. ૨

આપ જેમ રાખો તેમ રહેવાના હવે તો કોડ છે,
ઋણથી થવાને મુક્ત, સમભાવે હવે રહેવું ખરે,
જે જે સંબંધો પૂર્વકાળે આ જીવે બાંધ્યા હતાં,
તે તે સંબંધો ભોગવીને નિશ્ચયે છૂટવું હવે. ૩

સંસારના સંબંધમાં સહુ સ્વાર્થનાં છે રે સગાં,
પરમાર્થના સંબંધમાં સહુ પ્રેમના રે છે ભૂખ્યાં,
સાચું જણાવ્યું મુજને એ આપનો ઉપકાર છે,
ઉપકારી પ્રભુને મુજના અગણિત નમસ્કાર છે. ૪

❀ ❀ ❀

## હે જગતના નાથ ! તારા શરણમાં

હે જગતના નાથ ! તારા શરણમાં રહી માગતી,
પ્રગટાવી પૂર્ણાત્મા હવે તો આ ભવે ધન્ય બનું,
એ ધન્યતામાં રાચતા કર્મો સહુ અટપાય છે,
આશિષ અનુકૂળ આપીને તું મુક્તિમાં ઝટ લઈ જજે.

❀ ❀ ❀

## જ્ઞાનમાં નિજભેદનો આમળો છે

જ્ઞાનમાં નિજભેદનો આમળો છે,
ક્રિયામાં નિજભેદના વમળો છે,
ભક્તિમાં નિજભેદના પરિબળો છે,
તપમાં નિજભેદના ચિમેળો છે.
જ્ઞાની મહાત્માની આ વાત માન્ય કરવા યોગ્ય છે.

❀ ❀ ❀

## અવધૂ વૈરાગ બેટા જાયા

અવધૂ વૈરાગ બેટા જાયા, યાને ખોજ કુટુંબ સબ ખાયા.

જેણે માયા-મમતા ખાઈ, સુખ-દુઃખ દોનો ભાઈ,
કામ-ક્રોધ દોનો ખાઈ, ખાઈ તૃષ્ણા બાઈ .....અવધૂ.

દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખત દોનો મૂઆ,
મંગલરૂપી વધાઈ બાંચી, યે જબ બેટા હુવા .....અવધૂ.

પુણ્ય-પાપ પાડોશી ખાયે, માન-લોભ દોઉ મામા,
મોહનગરકા રાજા ખાયા, પીછે હી પ્રેમ તે ગામા ....અવધૂ.

ભાવ નામ ધર્યો બેટાકો, મહિમા વરણ્યો ન જાઈ,
આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટ પટ રહ્યો સમાઈ ....અવધૂ.

❀ ❀ ❀

## અવધૂ ક્યા સોવે તન મઠમેં

અવધૂ ક્યા સોવે તન મઠમેં, જાગ વિલોકન ઘટમેં
તન મઠકી પરતીત ન કીજે, ઢહિ પરે એક પલમેં,
હલ ચલ મેટ ખબર લે ઘટકી, ચિન્હે રમતા જલમેં ....અવધૂ

મઠમેં પંચભૂતકા વાસા, સાસા ધૂત ખવીસા,
છિન છિન તોહી છલનકૂં ચાહે, સમજે ન બૌરા શીશા...અવધૂ

શિર પર પંચ વસે પરમેશ્વર, ઘટમેં સૂછમ બારી,
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રુવકી તારી ....અવધૂ

આશા મારી આસન ધરી ઘટમેં, અજપાજાપ જપાવે,
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે ....અવધૂ

❀ ❀ ❀

## મારો બાલુડો સંન્યાસી

આતમ અનુભવ રસિકકો, અજબ સુન્યો વિરતંત,
નિર્વેદી વેદન કરે, વેદન કરે અનંત.
મારો બાલુડો સંન્યાસી, દેહદેવલ મઠવાસી ...મારો

ઈડા પિંગલા મારગ તજ યોગી, સુષમના ઘરવાસી,
બ્રહ્મરંધ્રમધિ આસન પુરી બાબુ, અનહદ તાન બજાસી ...મારો

યમ નિયમ આસન જયકારી, પ્રાણાયામ અભ્યાસી,
પ્રત્યાહાર ધારણાધારી, ધ્યાન સમાધિ સમાસી ...મારો

મૂલ ઉત્તર ગુણ મુદ્રાધારી, પર્યંકાસનવાસી,
રેચક પૂરક કુંભક સારી, મન ઈંદ્રિય જયકારી ...મારો

સ્થિરતા જોગ યુગતિ અનુકારી, આપોઆપ વિમાસી,
આતમ પરમાતમ અનુસારી, સીજે કાજ સમાસી ...મારો

❀ ❀ ❀

## આતમ અનુભવ રીતિ

આતમ અનુભવ રીતિ વરી રી,
મોર બનાએ નિજરૂપ નિરૂપમ, તિરચ્છન રૂચિ કર તેગ ધરીરી
....આતમ

ટોપ સન્નાહ શૂરકો બાનો, એકતારી ચોરી પહિરીરી,
સત્તા થલમેં મોહ વિદારત, એ એ સુરિજન મુહ નિસરીરી
.....આતમ

કેવલ કમલા અપચ્છર સુંદર, ગાન કરે રસરંગ ભરીરી,
જીત નિશાન બજાઈ વિરાજે, આનંદઘન સર્વાંગ ધરીરી
...આતમ

❀ ❀ ❀

## જગત ગુરુ મેરા રે

જગત ગુરુ મેરા રે, મૈં જગતકા ચેરા રે,
મિટ ગયા વાદ વિવાદકા ઘેરા રે ...જગત

ગુરુ કે ઘરમેં નવનિધિ સારા, ચેલે કે ઘરમેં નિપટ અંધારા,
ગુરુ કે ઘર સબ જરિત જરાયા, ચેલે કી મઢિયામેં છપર છાયા રે...જગત

ગુરુ મોહે મારે શબ્દ કી લાઠી, ચેલે કી મતિ અપરાધની નાઠી,
ગુરુ કે ઘર કા મરમ ન પાયા, અકથ કહાની આનંદઘન પાયા રે...જગત

❁ ❁ ❁

## જીય જાને મેરી સફલ

જીય જાને મેરી સફલ ઘરી રી,
સુત વનિતા યૌવન ધન માતો, ગર્ભતણી વેદન વિસરી રી...જીય

સુપનકો રાજ સાચ કરી માનત, રાહત છાંય ગગન બદરી રી,
આઈ અચાનક કાલ તોપચી, ગ્રહેગો જ્યું નાહર બકરી રી....જીય

અજ હુ ચેત કછુ ચેતત નાંહિ, પકરી ટેક હારિલ લકરી રી,
આનંદઘન હીરો જન છાંરત, નર મોહ્યો માયા કકરી રી....જીય

❁ ❁ ❁

## નિરંજન યાર મોસે

નિરંજન યાર મોસે કૈસે મિલેંગે, દૂર દેખું મેં દરિયા ડુંગર,
ઊંચે બાદલ નીચે જમીયું તલે ...નિરંજન
ધરતીમેં ધડુતા ન પિછાનું, અગ્નિ સહુ તો મેરી દેહિ જલે,
આનંદઘન કહે જસ સુનો યે બાતા, યહી મિલે તો તેરો ફેરો ટલે..નિરંજન

❁ ❁ ❁

## પંખ તેરી કારી

પંખ તેરી કારી, મુખ તેરા પીરા,
સબ ફુલનકો વાસી,
ભંવરા કિન ગુન ભયો રે ઉદાસી.

સબ કલિયનકો રસ તુમ લીના,
સો ક્યું જાય નિરાશી,
આનંદઘન પ્રભુ તુમારે મિલનકો,
જાય કરવત જ્યું કાશી...ભંવરા કિન

❀ ❀ ❀

## પ્રભુ ભજલે મેરા દિલ

પ્રભુ ભજલે મેરા દિલ રાજી રે, મેરા દિલ રાજી રે.
આઠ પહોરકી સાઠ જ ઘડીયાં, દો ઘડીયાં જિન સાચી રે ..મેરા
દાન પુણ્ય કછુ ધર્મ કર લે, મોહ માયાકુ ત્યાજી રે
આનંદઘન કહે સમજ સમજ લે, આખર ખોવેગા બાજી રે. ..મેરા

❀ ❀ ❀

## બેર બેર નહીં આવે

બેર બેર નહીં આવે અવસર, બેર બેર નહીં આવે.

જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે ...અવસર

તન ધન જોબન સબ હી જૂઠા, પ્રાણ પલકમેં જાવે,
તન છૂટે ધન કૌન કામકો, કાયકૂં કૃપણ કહાવે ...અવસર

જાકે દિલમેં સાચ બસત હૈ, તાકૂ જૂઠ ન ભાવે,
આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુણ ગાવે ...અવસર

❀ ❀ ❀

## મૂલડો થોડો ભાઈ

મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે, કેમ કરી દીધો રે જાય?
તલપદ પૂંજી મેં આપી છે સઘળી રે, તોયે વ્યાજ પૂરું નવ થાય. મૂ૦

વ્યાપાર ભાંગ્યો જલવટ થલવટે, ધીરે નહીં નિશાની માય,
વ્યાજ છોડાવી કોઈ ખંદા પરઠવે, તો મૂલ આપું સમ ખાય. મૂ૦

હાટડુ માંડુ રૂડા માણેકચોકમાં, સાજનીઆનું મનડું મનાય,
આનંદઘન પ્રભુ શેઠશિરોમણિ, બાંહડી ઝાલજો રે આય. મૂ૦

❁ ❁ ❁

## યા પુદ્ગલકા કયા વિસવાસા?

યા પુદ્ગલકા કયા વિસવાસા? હૈ સુપનેકા વાસા રે ...યા૦

ચમત્કાર બિજલી દે જૈસા, પાની બીચ પતાસાં રે,
યા દેહીકા ગર્વ ન કીના, જંગલ હોયગા વાસા રે ...યા૦

જૂઠે તન ધન જૂઠે જોબન, જૂઠે હૈ ઘરવાસા,
આનંદઘન કહે સબ હી જૂઠે, સાચા શિવપુરવાસા રે ...યા૦

❁ ❁ ❁

## રામ રામ જગ ગાવે

રામ રામ જગ ગાવે અવધૂ, વિરલા અલખ જગાવે ...અવધૂ

મતવાલા તો મતમેં માતા, મઠવાલા મઠરાતા,
જટા જટાધર પટા પટાધર, છતા છતાધર તાતા ...અવધૂ

આગમ પઢિ આગમધર થાકે, માયાધારી છાકે,
દુનિયાદાર દુનીસેં લાગેં, દાસા સબ આશાકે ...અવધૂ

બહિરાતમ મૂઢા જગ જેતા, માયાકે ફંદ રહેતા,
ઘટ અંતર પરમાતમ ધ્યાવે, દુર્લભ પ્રાણી તેતા ...અવધૂ

ખગપદ ગગન મીનપદ જલમેં, જો ખોજે સો બૌરા,
ચિત પંકજ ખોજે સો ચિન્હે, રમતા આનંદ ભૌરા ...અવધૂ

❀ ❀ ❀

## સાધો ભાઈ ! સમતા રંગ

સાધો ભાઈ! સમતા રંગ રમીજે, અવધૂ મમતા સંગ ન કીજે.
સંપત્તિ નાંહિ નાંહિ મમતા મેં, મમતામેં મિસ મેંટે,
ખાટ પાટ તજી લાખ ખટાઉં, અંતે ખાખમેં લેંટે ....સાધો

ધન ધરતીમેં ગાડે બૌરે, ધૂર આપ મુખ લ્યાવે,
મૂષક સાપ હોવેગો આખર, તાતેં અલચ્છિ કહાવે ...સાધો

સમતા રતનાગરકી જાઈ, અનુભવ ચંદ્ર સુભાઈ,
કાલકૂટ તજી ભાવમેં શ્રેણી, આપ અમૃત લે આઈ ....સાધો

લોચન ચરન સહસ્ત્ર ચતુરાનન, ઈનતેં બહુત ડરાઈ,
આનંદઘન પુરૂષોત્તમ નાયક, હિત કરી કંઠ લગાઈ ...સાધો

❀ ❀ ❀

## અખિલ બ્રહ્માંડમાં એક તું

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,
જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ....અખિલ

પવન તું પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે,
વિવિધ રચના કરી, અનેક રસ ચાખવા,
શિવ થકી જીવ થયો એ જ આશે. ....અખિલ

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક કુંડળ વિષે ભેદ ન હોયે,
ઘાટ ઘડિયા પછી, નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે. .....અખિલ

ગ્રંથ ગરબડ કરી, વાત ન ખરી કહી,
જેહને જે ગમે તેને પૂજે,
મન વચન કર્મથી, આપ માની લહે,
સત્ય છે એ જ મન એમ સૂજે. ......અખિલ

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે,
ભણે નરસૈંયો એ, મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. .....અખિલ

❀ ❀ ❀

## ઊંચી મેડી તે મારા સંતની

ઊંચી મેડી તે મારા સંતની રે, મેં તો મા'લી ના જાણી રામ......ઊંચી

અમને તેડાં તે શીદ મોકલ્યાં, મારો પીંડ છે કાચો રામ,
મોંઘા મૂલની તે મારી ચૂંદડી, મેં તો ઓઢી ન જાણી રામ. .... ઊંચી

અડધાં પહેર્યાં અડધા પાથર્યાં, અડધાં ઉપર ઓઢાડ્યાં રામ,
ચારે છેડે તે ચારે જણા, ડોલી ડગમગ જાયે રામ. ..........ઊંચી

નથી તરાપો, નથી તુંબડાં, નથી ઊતર્યાનો આરો રામ,
નરસિંહ મહેતાના સ્વામી શામળા, પ્રભુ પાર ઉતારો રામ. .....ઊંચી

❁ ❁ ❁

## જાગીને જોઉં તો

જાગીને જોઉં તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. ૧

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઊપજ્યાં,
અણુ અણુ માંહી રહ્યા રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ તે નહિ રે અળગી. ૨

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક કુંડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડ્યા પછી, નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે. ૩

જીવ ને શિવ તો, આપ ઈચ્છાએ થયા,
રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈંયો એ, તે જ તું, તે જ તું,
એને સમર્યાથી કંઈ સંત સીધ્યા. ૪

❁ ❁ ❁

## નીરખને ગગનમાં

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, 'તે જ હું, તે જ હું' શબ્દ બોલે,
શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણ રે, અહીંયા કોઈ નથી કૃષ્ણ તોલે.

શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી, અનંત ઓચ્છવમાં પંથ ભૂલી,
જડ ને ચૈતન્ય રસ કરી જાણવો, પકડી પ્રેમે સજીવન મૂળી.

ઝળહળ જ્યોત ઉદ્યોગ રવિકોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે,
સચ્ચિદાનંદ આનંદ-ક્રીડા કરે, સોનાના પારણામાંહી ઝૂલે.

બત્તી વિણ, તેલ વિણ, સૂર્ય વિણ જો વળી, અચળ ઝળકે સદા અનળ દીવો,
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો, વણજિહવાએ રસ સરસ પીવો.

અકળ અવિનાશી એ, નવ જ જાયે કળ્યો, અરધ-ઊરધની માંહે મહાલે,
નરસૈંયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝાલે.

❁ ❁ ❁

## નારાયણનું નામ જ લેતાં

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે,
મનસા-વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે.... નારાયણ
કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ મા ને બાપ રે,
ભગિની-સુત-દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે... નારાયણ
પ્રથમ પિતા પ્રહલાદે તજિયાજી, નવ તજિયું હરિ નામ રે,
ભરત-શત્રુઘ્ને તજી જનેતા, નવ તજિયા શ્રીરામ રે..... નારાયણ
ઋષિપત્નીએ શ્રીહરિ કાજે, તજિયા નિજ ભરથાર રે,
તેમાં તેનું કાંઈ ન ગયું, પામી પદારથ ચાર રે.... નારાયણ
વ્રજવનિતા વિઠ્ઠલને કાજે, સર્વે તજી વન ચાલી રે,
ભણે નરસૈંયો વૃંદાવનમાં, મોહન વર શું મહાલી રે.... નારાયણ

❁ ❁ ❁

## પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા

પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા, રાત દિવસ હ્રદે ભાવું રે,
તપ તીરથ વૈકુંઠ સુખ મેલી, વૈષ્ણવ હોવે ત્યાં હું આવું રે ....૧

અંબરીષ રાજા મુને અતિ ઘણો વહાલો, દુર્વાસે માનભંગ કીધો રે,
મેં મારું માન તજીને, દશવાર અવતાર લીધો રે ....૨

ગજને માટે ગરુડે ચઢી પડ્યો, મારા સેવકની શુદ્ધ લેવા રે,
ઊંચનીચ હું કાંઈ ન જાણું, મુને ભજે તે મુજ જેવા રે ....૩

લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે,
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે ...૪

સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, સંત સૂએ ત્યાં જાગું રે,
જે મારા સંતની નિંદા કરે તેને, કુળે સહિત હું ભાગું રે ....૫

મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યા મેં નવ છૂટે રે,
એક વાર વૈષ્ણવ મુજને બાંધે તે, બંધન મેં નવ ટૂટે રે ....૬

બેઠા ગાયે ત્યાં હું ઊભો ઊભો સાંભળું, ઊભા ગાયે ત્યાં હું નાચું રે,
એવા વૈષ્ણવથી ક્ષણ નહિ અળગો, ભણે નરસૈંયો સાચું રે ...૭

❁ ❁ ❁

## ભોળી રે ભરવાડણ

ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી;
સોળ સહસ્ત્ર ગોપીનો વ્હાલો, મટુકીમાં ઘાલી ....ભોળી રે

અનાથના નાથને વેચે, આહીરની નારી;
શેરીએ શેરીએ સાદ પાડે, ''લ્યો કોઈ મોરારી રે'' ....ભોળી રે

મટુકી ઉતારી માંહી, મોરલી વાગી;
વ્રજનારીએ મુખ જોતાં, મૂર્છા લાગી રે .....ભોળી રે

બ્રહ્માદિક ઈંદ્રાદિક સરખા, કૌતુક એ પેખે;
ચૌદ લોકના નાથને કાંઈ, મટુકીમાં દેખે રે .....ભોળી રે

ગોવાલણીના ભાગ્યે, પ્રગટ્યા અંતરયામી;
દાસલડાને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે .....ભોળી રે

❀ ❀ ❀

## મને હરિગુણ ગાવાની

મને હરિ ગુણ ગાવાની ટેવ પડી,
મારા નાથને મૂકું ના એક ઘડી .......મને

વીંધાયું મન મુજ ના રહે અળગું,
પ્રભુ ચિંતામણિ મુજ હાથ ચડી ........મને

એ વિણ અન્ય હવે નવ રુચે,
પ્રભુની સંગાથે મારે પ્રીત જડી .......મને

ભણે નરસૈંયો પ્રભુને ભજતાં,
ભવોભવ ભ્રમણા સઘળી ટળી ........મને

❀ ❀ ❀

## મારી હૂંડી સ્વીકારો

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી,
મારી હૂંડી શામળિયાને હાથ રે, શામળા ગિરધારી.

સ્થંભ થકી પ્રભુ પ્રગટિયા, વળી ધરીયા નરસિંહ રૂપ,
પ્રહલાદને ઉગારિયો રે,
વહાલે માર્યો હિરણ્ય કશ્યપ રે ...શામળા

ગજને વહાલે ઉગારિયો, વળી સુદામાની ભાંગી ભૂખ,
સાચી વેળાના મારાં વાલમા રે,
તમે ભક્તોને આપ્યા ઘણા સુખ રે ...શામળા

પાંડવની પ્રતિજ્ઞા પાળી, દ્રૌપદીના પૂર્યા ચીર,
નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારજો રે,
તમે સુભદ્રાબાઈના વીર રે ...શામળા

રહેવાને નથી ઝૂંપડું, વળી જમવા નથી જુવાર,
બેટા બેટી વળાવિયા રે,
મેં તો વળાવી ઘર કેરી લાડ રે ...શામળા

ગરથ મારું ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર,
સાચું નાણું મારે શામળો રે,
મારે મૂડીમાં ઝાંઝ પખવાજ રે ...શામળા

તીરથવાસી સૌ ચાલિયા, વળી આવ્યા નગરની બહાર,
વેશ લીધો વણિકનો રે,
મારું શામળશા શેઠ એવું નામ રે ...શામળા

હૂંડી લાવો હાથમાં, વળી આપું પૂરાં દામ,
રૂપિયા આપું રોકડા રે,
મારું શામળશા શેઠ એવું નામ રે ...શામળા

હૂંડી સ્વીકારી વહાલે શામળે, વળી અરજે કીધાં કામ,
મહેતાજી ફરી લખજો રે,
મુજ વાણોતર સરખા કામ રે ...શામળા

❀ ❀ ❀

## રાત રહે જાહરે પાછલી

રાત રહે જાહરે પાછલી ખટ ઘડી, સાધુપુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ, 'એક તું, એક તુ' એમ કહેવું.

જોગિયા હોય તેણે જોગ સંભારવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.

સુકવિ હોય તેણે સદ્‌ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તેમ તો ચિત્ત ધરવું.

આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંયાના સ્વામીને સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નર ને નારી.

❀ ❀ ❀

## સારી રે મૂરતમાં

સારી રે મૂરતમાં સાંવરિયો વહાલો, તું મારે ચાંદલિયે ચોંટ્યો.
ક્ષણ એક અળગો રહી ન શકું બેની,પ્રેમ રંગીલો પાતળિયો,
પ્રાણજીવન પાતળિયો, તું મારે ચાંદલિયે ચોંટ્યો...

ખડકીયે જાઉં તો અડકીને ઉભો, બારીએ જાઉં તો બેઠો,
શેરીએ જાઉં તો સામો આવે, અમૃત પાનથી મીઠો ...પ્રાણજીવન

જમવા ટાણે ભેળો બેઠો, સૂવા વેળા સેજલિયે,
વૃંદાવનને મારગ જાતા,આવીને વળગ્યો બેલડીયો ...પ્રાણજીવન

પ્રીત કરે તેનો કેડો ન મૂકે, રસિયામાં એ અતિ રસિયો,
ભલે મળ્યો મેતા નરસૈયાનો સ્વામી,
હૃદયકમળ બીચ વસીયો ...પ્રાણજીવન

❀ ❀ ❀

## સુખ દુઃખ મનમાં

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં .....સુખદુઃખ

નળરાજા સરખો નર નહિ, જેની દમયંતી રાણી,
અર્ધેવસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળે અન્ન ને પાણી .... સુખ દુઃખ

પાંચ પાંડવ સરખા બાંધવા, જેને દ્રોપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી .....સુખદુઃખ

સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી .... સુખ દુઃખ

રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી,
દશ મસ્તક છેદાઈ ગયા, બધી લંકા લૂંટાણી .... સુખ દુઃખ

હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારાલોચની રાણી,
તેને વિપત્તિ બહુ પડી, ભર્યા નીચ ઘેર પાણી .....સુખદુઃખ

શિવજી સરખા સતા નહીં, જેની પારવતી રાણી,
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી ......સુખદુઃખ

એ વિચારી હરિને ભજો, તે સા'ય જ કરશે,
જુઓ આગે સા'ય ઘણી કરી, તેથી અર્થ જ સરશે .....સુખદુઃખ

સર્વ કોઇને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી,
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંના સ્વામી ....સુખદુઃખ

❀ ❀ ❀

## કુપાત્રની આગળ વસ્તુ

કુપાત્રની આગળ વસ્તુ ન વાવીએ, સમજીને રહીએ ચૂપ જી,
મરને આવીને ધનનો ઢગલો કરે મોટો, ભલે હોય મોટો ભૂપ જી

.....કુપાત્ર

ભજની પુરુષને રહેવું બેપરવારી, કોઈની નહીં પરવાર જી,
ઓછાની આગળ રે, નવ રે ઉચ્ચારવું, સુરતામાં બાંધો એક તારજી

.... કુપાત્ર

ઉપદેશ દેવો પ્રથમ ભક્તિ દેખાડવી, ગાળી દેવો માંહ્યલો મોહજી,
કૃપા રે જો કરવી હોય, તેની ઉપર રે, રાખવો પૂરણ પ્રેમજી

....કુપાત્ર

સંશય ટળે તંઈ મનડું ગળે પાનબાઈ, રે'વે નહીં કોઈ પર દ્વેષ જી,
ગંગાસતી એમ બોલિયા રે, એવાને દેખાડો ગુરુજીનો દેશજી

....કુપાત્ર

❀ ❀ ❀

## ભક્તિ કરવી હોય તેણે

ભક્તિ કરવી હોય તેણે રાંક થઈને રેવું,
મેલવું અંતરનું અભિમાનજી,
સદ્‌ગુરુનાં ચરણમાં શીશ નમાવી,
કર જોડી લાગવું પાય જી......ભક્તિ
જાતિપણું મેલીને અજાતિ થાવું,
કાઢવો વરણ વિકાર જી;
જાતિ ને ભાતિ નહીં હરિના દેશમાં ને,
એવી રીતે રહેવું નિર્માન જી....ભક્તિ

પારકા અવગુણ ઉરમાં ન ધારે ને,
તેને કહીએ હરિનાં દાસ રે;
આશા ને તૃષ્ણા એકે નહિ મનમાં ને,
એનો દઢ કરવો વિસવાસ જી....ભક્તિ
ભક્તિ કરો તો એવી રીતે કરજો,
કે રાખજો વચનમાં વિશ્વાસ જી;
'ગંગાસતી' એમ બોલિયાં પાનબાઈ,
એને કહીએ હરિના દાસ જી....ભક્તિ

❀ ❀ ❀

## મનને સ્થિર કરી

મનને સ્થિર કરી આવો રે મેદાનમાં ને,
મિટાવું સરવે કલેશ રે;
હરિનો દેશ તમને એવો રે દેખાડું,
જ્યાં નહિ વરણને વેશ રે ... મનને
સૂક્ષ્મ સૂવું ને સૂક્ષ્મ ચાલવું ને,
સૂક્ષ્મ કરવો વહેવાર રે;
શરીરની સ્થિરતામાં ચિત્ત જેનું કાયમ ને,
વરતી ન ડોલે લગાર રે ...મનને
કુબુદ્ધિવાળાનો સંગ જ તજવો ને,
રહેવું એકાંતે અસંગ રે;
કુંચી રે બતાવું એનો અભ્યાસ કરવો ને,
ચડાવવો નિત્ય નવો રંગ રે...મનને
ચિત્ત ને વિષયમાંથી ખેંચવું ને,
રહેવું સદાય ઈન્દ્રિય જીત રે;
'ગંગાસતી' એમ બોલિયાં રે,
તેથી થાય નહિ વિપરીત ચિત્ત રે...મનને

❀ ❀ ❀

## મેરુ તો ડગે પણ

મેરુ તો ડગે પણ જેના મનડા ડગે નહીં, ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે હો જી.
વિપત્તિ પડે તો યે વણસે નહીં રે, સો હી હરિજનના પરમાણ રે હો જી ...મેરુ

ચિત્તની વૃત્તિ જેની સદા નિરમળ ને, કરે નહીં કોઈની આશ રે,
દાન દીયે પણ રહે અજાચી, રાખે વચનમાં વિશ્વાસ રે હો જી ...મેરુ

હરખ ને શોકની આવે નહીં હેડકી, આઠે પહોરે આનંદ રે,
નિત્ય રહે રે સત્સંગમાં ને, તોડે રે માયા કેરા ફંદ રે હો જી ...મેરુ

તન, મન, ધન જેણે ગુરુને સમર્પ્યાં, ધન્ય નિજારી નર ને નાર રે,
એકાંતે બેસીને આરાધ માંડે તો, હરિ પધારે એને દ્વાર રે હો જી ...મેરુ

સંગત કરો તો (તમે) એવાની કરજો, રહે ભજનમાં ભરપૂર રે,
ગંગાસતી એમ બોલિયા રે, જેને નયણે તો સાચા વરસે નૂર રે હો જી.
જેનાં નયણોમાં ઝાઝા વરસે નૂર રે હો જી ...મેરુ

❀ ❀ ❀

## વીજળીને ચમકારે

વીજળીને ચમકારે મોતીડાં પરોવો રે પાનબાઇ,
અચાનક અંધારા થાશે જી ;
જોત રે જોતામાં દિવસો વિયા એ ગિયા પાનબાઈ,
એકવીસ હજાર છસોને કાળ ખાશેજી ....વીજળીને

જાણ્યા રે જેવી આ તો અજાણ છે વસ્તુ,
કોઇ અધૂરીયાને નવ કે'વાય રે;
ગુપત રસનો આ ખેલ છે અટપટો રે,
આંટી ને મેલો તો સમજાય જી ....વીજળીને

નિર્મળ થઇને આવો રે મેદાનમાં રે,
જાણી લ્યો જીવ કેરી જાત જી;
સજાતિ વિજાતિની જુગતિ બતાવું ને,
બીબે પાડી દઉં બીજી ભાત જી ... વીજળીને

પિંડ રે બ્રહ્માંડથી એવા પર છે ગુરુજી અમારા,
એનો રે દેખાડું તમને દેશ રે;
ગંગાસતી એમ બોલિયા રે પાનબાઇ,
ત્યાં નહીં માયાનો જરીએ લેશ જી .....વીજળીને

❁ ❁ ❁

## સદ્‌ગુરુના વચનનાં થાઓ

હે સદ્‌ગુરુના વચનનાં થાઓ અધિકારી રે,
મેલી દો અંતર કેરું માન,
આળસ મેલીને આવો મેદાનમાં,
સમજો સદ્‌ગુરુજીની શાન,
અંતર ભાંગ્યા વિના ઊભરો નહિ આવે,
(પછી) હરિ દેખાય સાક્ષાત ......હે સદ્‌ગુરુ

સત્સંગ રસ એ તો અગમ અપાર છે,
પીવે કોઈ પીવણહાર,
તનમનની શુદ્ધિ જ્યારે ભૂલશો પાનબાઇ,
અરસપરસ મળશે એક તાર .....હે સદ્‌ગુરુ

ધડ રે ઉપર શીશ જેને નવ મળે,
ખેલ છે ખાંડા કેરી ધાર,
તમે તમારું શીશ ઉતારો, મન જ્યારે મરી જાય,
'ગંગાસતી' એમ બોલિયાં રે,
પછી હતું તેમ દેખાય ......હે સદ્‌ગુરુ

❀ ❀ ❀

## નાનક વાણી

૧ ગાંજા, ભાંગ, અફીન મદ, ઉતર જાત પરભાર,
નામ ખુમારી નાનકા, ચડી રહે દિન રાત.
૨ બડા બડાઈ ના કરે, બડા ન બોલે બોલ,
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.
૩ નાનક નન્હા વહી રહે, જૈસે નન્હી દૂબ,
ઘાસ ઘાસ ગૌ ચર ગઈ, દૂબ ખૂબ કી ખૂબ.
૪ દાસ કહાવન કઠીન હૈ, મૈં દાસનકો દાસ,
અબ તો ઐસે હોય રહું, જૈસે પાવ તલે કી ઘાસ.

❀ ❀ ❀

## તુમ શરણાઈ આયા

તુમ શરણાઈ આયા, ઠાકુર તુમ શરણાઈ આયા,
ઊતરી ગયો મેરે મનકા સંશય, જબ તોરા દરશન પાયા ....ઠાકુર
અનબોલત મેરી વ્યથા જાની, અપના નામ જપાયા,
દુઃખ નાઠે સુખ સહજ સમાયે, આનંદ આનંદ ગુણ ગાયા .....ઠાકુર
બાંહ પકરિ કરી લીને અપુને, ગૃહ અંધકૂપ તે માયા,
કહે નાનક ગુરુ બંધન કાટે, બિછુરત આન મિલાયા ....ઠાકુર

❀ ❀ ❀

## સાધો મનકા માન ત્યાગો

સાધો મનકા માન ત્યાગો,
કામ ક્રોધ સંગત દુર્જનકી, તાતે અહર્નિશ ભાગો ....સાધો

સુખ દુઃખ દોનું સમ કરિ જાને, ઔર માન અપમાના,
હરખ શોક સે રહે અતીતા, તિન જગ તત્ત્વ પિછાના ...સાધો

સ્તુતિ નિંદા દોઉ ત્યાગે, ખોજૈ પદ નિરવાના,
જન નાનક યહ ખેલ કઠિન હૈ, કિન હુ ગુરુમુખ જાના ....સાધો

❁ ❁ ❁

## કરના ફકીરી ક્યા દિલગીરી

કરના ફકીરી ક્યા દિલગીરી ? સદા મગનમેં રહેના જી.
કોઈ દિન ગાડી ને કોઈ દિન બંગલા,
કોઈ દિન જંગલ બસના જી ...કરના

કોઈ દિન હસ્તી ને કોઈ દિન ઘોડા,
કોઈ દિન પાઊં ચલના જી ...કરના

કોઈ દિન ખાજા ને કોઈ દિન લાડુ,
કોઈ દિન ફાકમફાકા જી ...કરના

કોઈ દિન ઢોલિયા, કોઈ દિન તલાઈ,
કોઈ દિન ભોંયપે લેટના જી ...કરના

મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ,
આંચ પડે સો સહના જી ...કરના

❁ ❁ ❁

## કોઈ કહે તેને કહેવા રે દઈએ

કોઈ કહે તેને કહેવા રે દઈએ, આપણે હરિભજનમાં રહીએ રે.

જગતને ભગતને સદાયે વેર છે, તેમાં ભગતપણું તે કોને રે કહીએ?
ભગતપણું અજબ જાણીએ, આપણે સહુનાં મેણલાં સહીએ ...કોઈ

હીરા ને કંકર એક જ રંગા, તેમાં હીરાપણું તે કોને રે કહીએ?
હીરાપણું અજબ જાણીએ, આપણે દાવત ઘણેરા સહીએ ...કોઈ

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ,
આપણે ચરણકમળ ચિત્ત દઈએ ...કોઈ

❀ ❀ ❀

## કોઈ શ્યામ મનોહર

કોઈ શ્યામ મનોહર લ્યો રે, સિર ધરે મટુકિયાં ડોલે

હરિ લ્યો હરિ લ્યો બોલે .... કોઈ

દધિકો નાંવ બિસર ગઈ ગ્વાલિન, હરિ લ્યો 'હરિ લ્યો' બોલે ...કોઈ

કૃષ્ણ રૂપ છકી હૈ ગ્વાલિન, ઔર હી ઔર હી બોલે ...કોઈ

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચેરી ભઈ બિન મોલે ...કોઈ

❀ ❀ ❀

## તુમ્હારે કારણ સબ સુખ

તુમ્હારે કારણ સબ સુખ છોડચાં, અબ મોહે ક્યું તરસાવો હો;
અબ છોડયા નહિ બને પ્રભુજી, તબ ચરન કે પાસ બુલાવો ...તુમ્હારે
બિરહ બિથા લાગી ઉર અંતર, સો તુમ આય બુઝાવો ....તુમ્હારે
મીરાં દાસી જનમ જનમકી, અંગસે અંગ લગાવો ....તુમ્હારે

❀ ❀ ❀

## જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું;
મારો હંસલો નાનો ને, દેવળ જૂનું તો થયું.

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે;
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહ્યું ....મારો

તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે;
ઊડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું ....મારો

બાઈ મીરાં કે પ્રભુ, ગિરિધરના ગુણ;
પ્રેમનો પ્યાલો તમને, પાઉં ને પીઉં ....મારો

❀ ❀ ❀

## મારો જનમ જનમરો સાથી

મારો જનમ જનમરો સાથી,
થામેં નાહી બીસરુંગી દિનરાતી.

થા દેખ્યા બીન કલ ન પરતુ હૈ,
જાણત મોરી છાતી;
ઊંચે ચડી ચડી પંથ નિહારું,
રોયે રોયે અખિયાં રાતિ ....થામેં

યેહ સંસાર સકલ જગ જૂઠો,
જૂઠો કૂલ રો દ્યાસી;
દોઉં કર જોરયાં અરજ કરું છું ,
સુણ લીજો મોરી બાતી ....થામેં

યો મન મેરો બડો અજ્ઞાની,
જો મદમાતો હાથી;
સદ્‌ગુરુ હાથ ધરો શીર ઉપર,
અંકુશ લઈ સમજાતી ....થામેં

પલ પલ પ્રભુ તેરો રૂપ નિહારું,
નીરખ નીરખ સુખ પાતિ;
દાસી મીરાં લાલ ગિરધર,
હરિ ચરણાં સુખ લાતિ ....થામેં

❁ ❁ ❁

## રામ રતન ધન પાયો

રામ રતન ધન પાયો, પાયોજી મૈંને રામ રતન ધન પાયો.

વસ્તુ અમોલિક દી મેરે સદ્‌ગુરુ, કિરપા કરી અપનાયો ..પાયોજી

જનમ જનમકી પૂંજી પાઈ, જગમેં સભી ખોવાયો ...પાયોજી

ખરચૈ ન ખૂટે વાકો ચોર ન લૂંટે, દિન દિન બઢત સવાયો ...પાયોજી

સતકી નાવ ખેવટિયા સદ્‌ગુરુ, ભવસાગર તર આયો ...પાયોજી

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરખ હરખ જસ ગાયો ...પાયોજી

❁ ❁ ❁

## સત્સંગનો રસ ચાખ

સત્સંગનો રસ ચાખ, પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ.
પ્રથમ લાગે કડવો ને તીખો, પછી આંબા કેરી શાખ.
સત્સંગથી બે ઘડીમાં મુક્તિ, શાસ્ત્રો પૂરે તેની સાખ.
આ રે કાયાનો ગર્વ ન કીજે, અંતે થવાની છે રાખ.
હસ્તી ને ઘોડા, માલ ખજાના, કોઈ ન આવે તારી સાથ.

કાચી રે કાયા કોટડી જેવી, ઢળતાં ન લાગે એને વાર.
કાચો રે કૂંપો જળે ભર્યો રે, ગળતાં ફૂટી જાયે પાર.
બાઈ મીરાં કે પ્રભુ ગિરધર નાગર, હરિચરણે ચિત્ત રાખ.

❁ ❁ ❁

## હરિ આવનકી આવાજ

સુની મૈં હરિ આવન કી આવાજ...

મહેલા ચઢી ચઢી જોઉં મોરી સજની,
અબ મિલે મહારાજ ....હરિ આવન

દાદુર મોર પપીહા બોલે, કોયલ મધુરી સાજ,
ઉમંગ્યો ઈંદ્ર ચહુ દિશ બરસે, દામિની છોડી લાજ ...હરિ આવન

ધરતી રૂપ નવા નવા ધરિયાં, ઈંદ્ર મિલનકે કાજ;
મીરાં કે પ્રભુ હરિ અવિનાશી, બેગી મિલો મહારાજ ...હરિ આવન

❁ ❁ ❁

## આઠ દૃષ્ટિની સજ્ઝાય

(શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત)

### પ્રથમ મિત્રા દૃષ્ટિ

શિવ સુખ કારણ ઉપદિશી, યોગતણી અડદિટ્ઠી રે,
તે ગુણ થુણી જિનવીરનો, કરશું ધર્મની પુટ્ઠી રે.
વીર જિનેસર દેશના. ૧

સઘન અઘન દિન રયણિમાં, બાલ વિકલ ને અનેરા રે;
અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે. વીર. ૨

દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરે રે;
ભેદ થિરાદિક દષ્ટિમાં, સમકિત દષ્ટિને હેરે રે. વીર. ૩

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે. વીર. ૪

દષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજે રે;
રયણિ શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તિમ છાજે રે. વીર. ૫

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દષ્ટિ હવે કહીએ રે;
જિહાં મિત્રા તિહાં બોધ જે, તે તૃણ અગનિસો લહીએ રે. વીર. ૬

વ્રત પણ યમ ઈહાં સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;
દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે. વીર. ૭

યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;
ભાવાચારજ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામો રે. વીર. ૮

દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વીર. ૯

લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સજઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીર. ૧૦

બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે. વીર. ૧૧

સદ્ગુરૂ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે;
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વીર.૧૨

ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે;
તેમ ભવિ સહજગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વીર. ૧૩

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્તે રે;
સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રર્વતે રે. વીર. ૧૪

કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે. વીર. ૧૫

❀ ❀ ❀

## બીજી તારા દૃષ્ટિ

દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે, ગોમય અગ્નિ સમાન; મ૦
શૌચ સંતોષ ને તપ ભલું, મ૦ સજઝાય ઈશ્વર ધ્યાન; મન. ૧

નિયમ પંચ ઈહાં સંપજે, મ૦ નહીં કિરિયા ઉદ્વેગ; મ૦
જિજ્ઞાસા ગુણતત્ત્વની, મ૦ પણ નહીં નિજ હઠ ટેગ; મન. ૨

એહ દૃષ્ટિ હોય વરતતાં, મ૦ યોગકથા બહુ પ્રેમ; મ૦
અનુચિત તેહ ન આચરે, મ૦ વાળ્યો વળે જિમ હેમ; મન. ૩

વિનય અધિક ગુણીનો કરે, મ૦ દેખે નિજગુણ હાણ; મ૦
ત્રાસ ધરે ભવભય થકી, મ૦ ભવ માને દુઃખખાણ ; મન. ૪

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ; મ૦
સુયશ લહે એ ભાવથી, મ૦ ન કરે જૂઠ ડફાણ. મન.૫

❀ ❀ ❀

## ત્રીજી બલા દષ્ટિ

ત્રીજી દષ્ટિ બલા કહીજી, કાષ્ઠઅગ્નિ સમ બોધ;
ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે.
જિનજી! ધન ધન તુજ ઉપદેશ. ૧

તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જિમ ચાહે સુરગીત;
સાંભળવા તિમ તત્ત્વનેજી, એ દષ્ટિ સુવિનીત રે. જિનજી. ૨

સરી એ બોધ પ્રવાહનીજી,એ વિણ શ્રુત થલકૂપ;
શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જિમ ભૂપ રે. જિનજી. ૩

મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;
તે ઈચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે. જિનજી. ૪

વિઘન ઈહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય;
અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે. જિનજી.૫

❀ ❀ ❀

## ચોથી દીપ્તા દષ્ટિ

યોગ દષ્ટિ ચોથી કહીજી, દીપ્રા તિહાં ન ઉત્થાન;
પ્રાણાયામ તે ભાવથીજી, દીપ પ્રભા સમ જ્ઞાન,
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ. મન. ૧

બાહ્ય ભાવ રેચક ઈહાંજી, પૂરક અંતર ભાવ;
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ. મન.૨

ધર્મ અરથે ઈહાં પ્રાણનેજી, -છાંડે, પણ નહીં ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દષ્ટિનો મર્મ. મન.૩

તત્ત્વ શ્રવણ મધુરોદકજી, ઈહાં હોયે બીજ પ્રરોહ;
ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ. મન.૪

સૂક્ષ્મબોધ તો પણ ઈહાંજી, સમક્તિ વિણ નવિ હોય;
વેદ્યસંવેદ્ય પદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય. મન.૫

વેદ્ય બંધ શિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ;
નયનિક્ષેપે અતિ ભલુંજી, વેદ્યસંવેદ્ય પ્રમાણ. મન.૬

તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેહલી પાપ પ્રવૃતિ;
તપ્તલોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોય અંત નિવૃતિ. મન.૭

એહ થકી વિપરિત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય;
ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય. મન.૮

લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ. મન.૯

એવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર;
સાધુ સંગ આગમતણોજી, તે જીત્યો ધુરંધોર. મન.૧૦

તે જીતે સહેજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણેજી, જિમ એ બઠર વિચાર. મન.૧૧

હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર;
આળસુઆ ગુરુ શિષ્યનોજી, તે તો વચન પ્રકાર. મન.૧૨

ધીજે તે પતિ આવવુંજી, આપમતે અનુમાન;
આગમ ને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન. મન.૧૩

નહીં સર્વજ્ઞ જુજુઆજી, તેહના જે વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મન.૧૪

દેવ સંસારી અનેક છેજી, તેહની ભક્તિ વિચિત્ર;
એક રાગ પર દ્વેષથીજી, એક મુક્તિની અચિત્ર. મન.૧૫

ઈંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમ હેત;
અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફળ ભેદ સંકેત. મન.૧૬

આદરકિરિયા રતિ ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છિ;
જિજ્ઞાસા બુદ્ધ સેવના જી, શુભકૃતિ ચિન્હ પ્રત્યચ્છિ. મન.૧૭

બુદ્ધિ ક્રિયા ભવફલ દીયેજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;
અસંમોહ કિરિઆ દીએજી, શીઘ્ર મુક્તિફલ ચંગ. મન.૧૮

પુદ્‌ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગ દીન. મન.૧૯

શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન;
કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. મન.૨૦

શબ્દ ભેદ ઝગડો કિસ્યોજી, પરમારથ જો એક;
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહીં છેક. મન.૨૧

ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ;
તો ઝઘડા મોટા તણોજી, મુનિને કવણ અભ્યાસ. મન.૨૨

અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દ્રષ્ટિ;
તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ. મન.૨૩

❀ ❀ ❀

## પાંચમી સ્થિરા દૃષ્ટિ

દ્રષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧

એ ગુણ વીર (રાજ) તણો ન વિસારું, સંભારું દિનરાત રે;
પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે. એ ગુણ. ૨

બાલ ધુલિ ઘર લીલા સરખી, ભવચેષ્ટા ઈહાં ભાસે રે;
રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહા સિદ્ધિ પાસે રે. એ ગુણ.૩

વિષય વિકારે ન ઈંદ્રિય જોડે, તે ઈહાં પ્રત્યાહારો રે;
કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે. એ ગુણ.૪

શીતલ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;
ધર્મજનિત પણ ભોગ ઈહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે. એ ગુણ.૫

અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે;
ચિદાનંદઘન સુયશ વિલાસી, કિમ હોય જગનો આશી રે. એ ગુણ.૬

❀ ❀ ❀

## છઠ્ઠી કાંતા દૃષ્ટિ

અચપલ રોગરહિત નિષ્ઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.
ધન ધન શાસન શ્રી જિનવરતણું. ધન. ૧

ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત;
લાભ ઈષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય. ધન. ૨

નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;
નાશ વૈરનો રે બુદ્ધિ ઋતંભરા, એ નિષ્પન્નહ યોગ. ધન. ૩

ચિન્હ યોગનાં રે જે પરગ્રંથમાં, યોગાચારય દિટ્ઠ;
પંચમ દૃષ્ટિ થકી તે જોડીએ, એહવા તેહ ગરિટ્ઠ. ધન. ૪

છટ્ઠી દૃષ્ટિ રે હવે કાન્તા કહું, તિહાં તારાભ પ્રકાશ;
તત્ત્વ મીમાંસા રે દ્રઢ હોયે ધારણા, નહિ અન્ય શ્રુત વાસ. ધન. ૫

મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દ્રઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધન. ૬

એહવે જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહિ ભવહેત;
નવિ ગુણદોષ ન વિષયસ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત. ધન. ૭

માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ;
સાચું જાણી રે તે બીતો રહે, ન ચલે ડામાડોલ. ધન. ૮

ભોગતત્ત્વને રે એમ ભય નવિ ટળે, જૂઠા જાણે રે ભોગ;
તે એ દષ્ટિ રે ભવસાયર તરે, લહે વળી સુયશ સંયોગ. ધન. ૯

❀ ❀ ❀

## સાતમી પ્રભા દષ્ટિ

અર્કપ્રભા સમ બોધ પ્રભામાં ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી;
તત્ત્વ તણી પ્રતિપત્તિ ઈહાં વળી, રોગ નહીં સુખપુઠ્ઠી રે,
ભવિકા ! વીર વચન ચિત્ત ધરીએ ૧

સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે? ..ભ૦૨

નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કુણ જાણે નરનારી રે. ..ભ૦૩

એહ દષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું રે. ..ભ૦૪

વિષભાગક્ષય, શાંત વાહિતા, શિવ મારગ ધ્રુવનામ;
કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ સુયશ પરિણામ રે. ..ભ૦૫

❀ ❀ ❀

## આઠમી પરા દષ્ટિ

દષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણું જી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણું જી;
નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહીં અતિચારી જી,
આરોહે આરુઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારી જી. ૧

ચંદન ગંધ સમાન ક્ષમા ઈહાં, વાસકને ન ગવેષે જી,
આસંગે વરજિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખે જી;
શિક્ષાથી જેમ રતન નિયોજન, દષ્ટિ ભિન્ન તેમ એહો જી,
તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહો જી. ૨

ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગી જી,
પર ઉપકાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગી જી;
સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહા જી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંતગુણ નિરીહા જી. ૩

❀ ❀ ❀

## ઉપસંહાર

એ અડદિટ્ઠી કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતે જી,
કુલયોગી ને પ્રવૃતચક્ર જે, તેહ તણે હિત હેતે જી;
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગી જી,
અદ્વેષી ગુરુદેવદ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગી જી. ૪

શુશ્રૂષાદિક અડ ગુણ સંપૂરણ, પ્રવૃતચક્ર તે કહિયે જી,
યમદ્વય લાભી પરદુગઅર્થી, આદ્ય અવંચક લહિયે જી;
ચાર અહિંસાદિક યમ ઈચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામે જી,
શુદ્ધ રુચે પાલે અતિચારહ, ટાળે ફળ પરિણામે જી. ૫

કુલયોગી ને પ્રવૃતચક્રને, શ્રવણ શુદ્ધ પક્ષપાત જી,
યોગદષ્ટિ ગ્રંથે હિત હોવે, તિણે કહી એ વાત જી;
શુદ્ધ ભાવ ને સૂનિ કિરિયા, બેહુમાં અંતર કેતો જી,
ઝળહળતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતો જી. ૬

ગુહ્ય ભાવ એ કહિએ તેહશું, જેહશું અંતર ભાંજે જી,
જેહશું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજે જી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતો જી,
ખમશે તે પંડિત પરખદમાં, મુષ્ટિપ્રહાર ને લાતો જી. ૭

સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદીસૂત્રે દિસે જી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશે જી;
લોક પૂરજો નિજ નિજ ઈચ્છા, યોગ ભાવ ગુણરચણે જી,
શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક યશને વયણે જી. ૮

❀ ❀ ❀

## મેરે સાહેબ તુમ હી હો

મેરે સાહેબ તુમ હી હો, પ્રભુ પાસ જિણંદા!
ખિજમતગાર ગરીબ હું, મૈં તેરા બંદા .....મેરે

મૈં ચકોર કરું ચાકરી, જબ તુમ હી ચંદા,
ચક્રવાક મૈં હુઈ રહું, જબ તુમ હી જિણંદા .....મેરે

મધુકર પરિ મૈં રણઝણું, જબ તુમ હી અરવિંદા,
ભક્તિ કરું ખગપતિ પરે, જબ તુમ હી ગોવિંદા .....મેરે

તુમ જબ ગર્જિત ઘન ભયે, તબ મૈં શિખિનંદા,
તુમ સાયર જબ મૈં તદા, સુરસરિતા અમંદા .....મેરે

દૂર કરો દાદા પાસજી! ભવ દુઃખકા ફંદા,
વાચક જશ કહે દાસકું, દિયો પરમાનંદા .....મેરે

❀ ❀ ❀

## સુખદાઈ રે સુખદાઈ

સુખદાઈ રે સુખદાઈ, દાદા પાસજી સુખદાઈ,
ઐસો સાહિબ નહિ કોઈ જગમેં, સેવા કીજે દિલ લાઈ ...સુખદાઈ

સબ સુખદાયક એ હી જ નાયક, એ હી જ સહાયક સુસહાઈ,
કિંકરકુ કરે શંકર સરીખો, આપે અપની ઠકુરાઈ ...સુખદાઈ

મંગલ રંગ વધે પ્રભુ ધ્યાને, પાપવેલી જાય કરમાઈ,
શીતલતા પ્રગટે ઘટ અંતર, મીટિ મોહકી ગરમાઈ ...સુખદાઈ

કહા કરુ સુરતરૂ ચિંતામણી કું, જો મૈં પ્રભુસેવા પાઈ,
શ્રી જસ વિજય કહે દર્શન દેખ્યો, ઘર આંગન નવનિધિ આયી ...સુખદાઈ

❁ ❁ ❁

## સોભાગી જિનશું લાગ્યો

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ.

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીમાહે મહકાય ...... .....સોભાગી
આંગળીએ નવિ મેરુ ઢંકાયે, છાબડીએ રવિતેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુહેજ.... સોભાગી
હુઓ છીપે નહીં અધર -અરુણ- જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ....સોભાગી
ઢાંકી ઈક્ષુ -પરાળશુંજી-, ન રહે લહિ વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુતણોજી તિમ મુજ પ્રેમપ્રકાર .. .....સોભાગી

❁ ❁ ❁

## અબ હમ આનંદ કા ઘર પાયા

અબ હમ આનંદ કા ઘર પાયા; આનંદ કા ઘર પાયા

તજ પ્રપંચ વિવિધ બીધ કર બીધ, ચરણ કમલ ચિત્ત લાયા;
કામ ક્રોધકી ગાગર ફોડે, મમતા નીર બહાયા ....આનંદકા

આતમરામ ભયે યા તન ગુજરી, સુરતકા ટોપ બનાયા;
હઠ ઘર છોડ બેહદ ઘર આસન, ગગન મંડળ મઠ છાય...આનંદકા

ચાંદ સૂરજ દિવસ નહિ રજની, જહાં જાઈ ધ્યાન લગાયા;
કહત કબીર જે પીયાકી પ્યારી,પીયા પીયા પીયા રટલાયા ..આનંદકા

❀ ❀ ❀

## કબીરવાણી

૧ તનકો જોગી સબ કરે, મનકો વિરલા કોઈ,
સહજે સબ વિધિ પાઈએ, જો મન જોગી હોય.

૨ પોથી પઢ પઢ જગ મુઆ, પંડિત ભયા ન કોઈ,
ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.

૩ એસી વાણી બોલીયે, મનકા આપા ખોય,
ઔરનકો શીતલ કરે, આપ હી શીતલ હોય.

૪ પ્રેમ ભાવ એક ચાહિયે, ભેષ અનેક બતાય,
ચાહે ઘર મેં બાસ કરે, ચાહે બનકો જાય.

૫ કબીર કુત્તા રામ કા, મોતી નામ ધરાય,
ગલ બિચ દોરી પ્રેમકી, જિથ ખેંચે તિથ જાય.

૬ જબ મૈં થા તબ ગુરુ નહીં, અબ ગુરુ હૈ હમ નાહિ,
પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દો ન સમાહિ.

૭ માલા તો કર મે ફિરે, જીભ ફિરે મુખ માંહિ,
મનુવા ચોહુ દિસિ ફિરે, યહ તો સુમિરન નાહિ.

૮ સુમિરન સુરત લગાઈકે, મુખ તેં કછુ ન બોલ,
બાહર કે પટ દેઈ કે, અંતર કે પટ ખોલ.

૯ અંતર જામી એક તુમ, આતમ કે આધાર,
જો તુમ છોડો હાથ તો, કૌન ઉતારે પાર.

૧૦ ધરતી કા કાગજ કરું, કલમ કરું વનરાઈ,
સાત સમુદ્ર કી શાહી કરું, ગુરુ ગુન લિખ્યા ન જાય.

૧૧ ગુરુ ગોંવિદ દોનુ ખડે, કાકુ લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી, ગોંવિદ દિયો બતાય.

૧૨ દુઃખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોય,
જો સુખમેં સુમિરન કરે, દુઃખ કાહે કો હોય.

❀ ❀ ❀

## કોઈ રે મિલાવો અમને

કોઈ રે મિલાવો અમને જોગીયો જી, જોગી મારી કાયા રે તણો આધાર
સુરતા મિલાવો મારા શામ શું જી ...કોઈ

મેં તો હરણી, ગુરુ મારા પારધી જી, માર્યા મુને શબદુના બાણ,
ઘાયલ કિધા રે મારા પાંજરા જી, વિંધાણા તન મન ને પ્રાણ ...કોઈ

મેં તો પિયાસી, ગુરુ તારા પ્રેમની જી, મટુકી ભરી કોઈ પાઓ જી,
જોગીયો મળે તો જીવી જાણજો જી, મેરમ મેળવી બચાવો જી ...કોઈ

હું તો જોગણી, ગુરુ મારો જોગીયો જી, મારા તન-મન તુમ પાસ,
કહત કબીરા પ્રીત્યું પાલને જી, ફેર તો મિલન કેરી આસ ...કોઈ

❀ ❀ ❀

## જા ઘર કથા નહીં

જા ઘર કથા નહીં હરિ કે કીરતન, સંત નહીં મિજમાના,
તા ઘર જમડા ડેરા દીયા, સાંજ પડે સમશાના.

મેરી મેરી કરી મરી ગયો મૂરખ, છૂટે ન માન ગુમાના,
સદ્ગુરુ સંતકી સેવા ન કીની, કિસબિધિ હોવે કલ્યાણ? ....જા ઘર

ફૂલ્યો ફાલ્યો ક્યા ફિરત હૈ, ક્યા બતલાવત અંગા?
એક પલકમેં ફના હો જાયેગા, જૈસે રંગ પતંગા ....જા ઘર

નાભિ કમલસેં નાવ ચલત હૈ, દ્વાદશ મીન ઠેરાના,
અધર તખત પર સૂરત નિશાના, સોહી સતગુરૂકી સાના ....જા ઘર

જ્ઞાન, ગરીબી, પ્રેમ-ભક્તિ, લો સત્ય નામ નિશાના,
બિરહ વૈરાગ ગુરુ ગમ સે જાગે, તા ઘર કોટિ કલ્યાના ....જા ઘર

કાલ હી ડંકા દેઈ રહ્યો હૈ, ક્યા બુઢા ક્યા જુવાના,
કહેત કબીર સુનો ભાઈ સાધુ, છોડ ચલો અભિમાના ....જા ઘર

❀ ❀ ❀

## તનમન માંજણા રે

તનમન માંજણા રે, એકદિન મિટ્ટી મેં મિલ જાના.
મિટ્ટી કહે કુંભારકો, તું ક્યા ખોદે મુજકો,
એક દિન એસા વખત આયગા, મેં ગલાવું તુજકો ...તનમન

લકડી કહે સુતારકો, તું ક્યા છીલે મુજકો,
એક દિન એસા વખત આયગા, મેં જલાવું તુજકો ....તનમન

કપડા કહે દરજીકો, તું ક્યા ફાડે મુજકો,
એક દિન એસા વખત આયગા, લપેટ લે જાઉં તુજકો ....તનમન

સુતલી કહે બનિયાકો, તું ક્યા તોલે મુજકો,
એક દિન એસા વખત આયગા, બાંધ લે જાઉં તુજકો ....તનમન

કબીરા કહે સંતોકો, યે પદ હૈ નિરવાણી,
જો ઈસકી નિંદા કરે સો, નરક કા ભાગી પ્રાણી ...તનમન

❀ ❀ ❀

## પાનીમેં મીન પિયાસી

પાનીમેં મીન પિયાસી, મોહે દેખત આવે હાંસી રે ...પાનીમેં

આત્મા ચિન્હા બિના આત્માઈ, તો ભટકે મથુરા કાશી;

પંડિત હો કે પુસ્તક બાંચે, તોય ન મિલે અવિનાશી ...પાનીમેં

જોગી હો કે જટા બઢાવે, બન બન ફિરે ઉદાસી;

મસ્જિદ ચડકે મુલ્લા પુકારે, તોય ન મિટે ચોરાશી રે ...પાનીમેં

કહત કબીરા સુનો ભાઈ સાધુ, ગુરુ બિન મિટે ન ચોરાશી રે ...પાનીમેં

❀ ❀ ❀

## ભજનમેં હોત આનંદ

ભજનમેં હોત આનંદ આનંદ ...ભજનમેં

બરસત શબ્દ અમીકે બાદલ, ભીંજત હૈ કોઈ સંગ ...ભજનમેં

અગ્રબાસ જહાં તત્ત્વકી નદિયાં, માનો અઠારહ ગંગ;
કરી સ્નાન મગન વ્હે બૈઠે, ચઢે શબ્દકો રંગ ...ભજનમેં

રોમ રોમ અમી અંતર ભીંજે, પારસ પરસત અંગ;
ગ્રહો નિજ નામ ત્રાસ તન નાહિ, સાહેબ હૈ તેરે સંગ ....ભજનમેં

પીવત નામ ચહૈ ન સુધારસ, ચૂવત અમીકી ગંગ;
સો હંસા સત લોક સિધાવે, નિર્મલ પાકો રંગ ....ભજનમેં

શ્વાસ સાર રચ્યો હૈ સાહેબ, જહાં નહિ માયા મોહંગ;
કહત કબીર સુનો ભાઈ સાધો, જપો સોહમ સોહમ ....ભજનમેં

❀ ❀ ❀

## ભજન બીના બીતા જાયે

ભજન બીના બીતા જાયે
બીતા જાયે રે સારા જીવના......ભજન

મંદિર સુના એક દીપ બીના, દીપ સુના એક જ્યોત બીના,
પર્વત સુના એક વૃક્ષ બીના, વૃક્ષ સુના એક ફલ બીના ..બીતા.

ફોજ સુના એક રાજા બીના, રાજા સુના એક ન્યાય બીના,

સંગીત સુના એક સુર બીના, સુર સુના એક ભગતિ બીના ..બીતા.

કહત કબીર સુનો ભાઈ સાધો, જીવન સુના હરિ નામ બીના .. બીતા.

❀ ❀ ❀

## મન મસ્ત હુઆ

મન મસ્ત હુઆ તબ ક્યોં બોલે ? મન મસ્ત હુઆ ફિર ક્યા બોલે?
હીરા પાયો ગાંઠ ગઠિયાયો, બાર બાર વાકો ક્યોં ખોલે? ...મન
સૂરત કલારી ભઈ મતવારી, મદવા પી ગઈ બિન તોલે ...મન
હંસા પાયે માન સરોવર, તાલ તલૈયા ક્યોં ડોલે? ....મન
તેરા સાહિબ હૈ ઘર માંહી, બાહર નૈના ક્યોં ખોલે? ....મન
કહે કબીર સુનો ભાઈ સાધો, સાહિબ મિલ ગયે તિલ ઓલે ...મન

❁ ❁ ❁

## મૈં મારુંગી નિશાન બાણ

મૈં મારુંગી નિશાન બાણ, ચોટ અશ્માનકી;
ચોટ અશ્માનકી, બુટી નિજ નામકી ........ મારુંગી

નીચી નીચી નુરત રખો, સુરત અશ્માનકી;
ભણકતા ભમરાને પાડો, સૂરજ રથ ભાણકી ......... મારુંગી

દયા ધરમકો દારૂ મંગાયલે, ગોલી ગુરૂ જ્ઞાનકી;
પ્રેમને પલીતે ધાગુ, ચાકર રાજા રામકી ........ મારુંગી

જલમલ જલમલ જ્યોત જલત હૈ, આરીસેમેં આરસી;
આપમેં ખોજો હો સાધુ, સદ્‌ગુરુ બોલે ફારસી ....... મારુંગી

પાંચ ચોરકું પકડ મંગાય લે, સુરત નુરત નિશાનકી;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, કાશી વાસી ધામકી ...... મારુંગી

❁ ❁ ❁

## રસ ગગન ગુફામેં

રસ... ગગન ગુફામેં અજર ઝરે રસ
બિન બાજા ઝનકાર ઉઠે જહાં, સમુઝી પરે જબ ધ્યાન ધરે ..રસ

બિના તાલ જહાં કમલ ફૂલાને, તેહી ચઢી હંસા કેલી કરે,
બિન ચંદા ઉજિયારી દરસે, જહાં તહાં હંસા નજર પરે ...રસ

દસમે દ્વારે તાલી લાગી, અલખ પુરખ જાકો ધ્યાન ધરે,
કાલ કરાલ નિકટ નહીં આવે, કામ ક્રોધ મદ લોભ જરે ...રસ

જુગન જુગન કી તૃષા બુઝાતી, કરમ ભરમ અઘ બ્યાધિ હરે,
કહે કબીર સુનો ભાઈ સાધો, અમર હોએ કબહુ ન મરે ...રસ

❀ ❀ ❀

## રામરસ પ્યાલા

રામ રસ પ્યાલા હૈ ભરપૂર
પીયો કોઈ, ઘટક ઘટક ઘટક ....રામરસ

સદ્‌ગુરુ શબ્દકી ચોટ કલેજામેં, ખટક ખટક ખટક,
નૂરત-સૂરતકી સીડી પકડ કર,
ચઢ જાઓ સંતો, ચટક ચટક ચટક ...રામરસ

તનકુ ખોજો, મનકુ ધોજો,
ચડેગા પ્રેમરસ, ચટક ચટક ચટક,
ઈસ કાયામેં ચોરકુ પકડો,
મનકું મારો તુમ, પટક પટક પટક ....રામરસ

સાધક સિદ્ધક કછુએ ન સાધે,
ઐસી માયાકી, લટક લટક લટક,
તીરથ-બિરથ જો કછુએ કરના,
વો તો હૈ મરના, ભટક ભટક ભટક ...રામરસ

અધર બીચકો ખેલ રચ્યો હૈ,
ચઢે સો શુરા, નટક નટક નટક,
દાસ કબીરકી જ્ઞાન ગોદડી,
બિછાલો સંતો, ઝટક ઝટક ઝટક ....રામરસ

❀ ❀ ❀

## શૂન્ય શિખર ઘર મેરા

શૂન્ય શિખર ઘર મેરા મેરે અવધૂ, શૂન્ય શિખર ઘર મેરા હો જી
શૂન્ય શિખર પર શહેર હમેરા, કોટ બનેરા ચોગેરા,
સાત સમુદ્રકી ખાઈ બની હૈ, બહોતેર કોઠા ગેરા .....શૂન્ય

ઈસ નગરીમેં રાજા રાજ કરત હૈ, ભારી ફોજા ભેરા,
યમકો દાવ ઉંવા નહિ લાગે, નહિ કાલકા હેરા ....શૂન્ય

ઈસ નગરીમેં એક ઉડધ મુખ કુવા, ઉસમેં નીર ઘણેરા,
અમૃત નામ અમીરસ પીયા, મગન ભયા મન મેરા
....શૂન્ય

ત્રિકુટી મહેલ પર જ્યોત જલત હૈ, ચઉદીશ ભયા ઉજારા,
જ્યોત પ્રકાશી દર્શન પાયા, મીટ્યા ચોરાશીકા ફેરા
....શૂન્ય

ગગના ગાજે અનહદ બાજે, ઘંટા બાજે ગેહેરા,
કહેત કબીર સુનો ભાઈ સાધુ, શૂન્યમેં કરલે દેરા ...શૂન્ય

## સદગુરુ શબ્દાંસે હેરી

સદગુરુ શબ્દાંસે હેરી, દેખો દિલ દરિયા કેરી લહેરીજી,
સન્મુખ શબ્દાંસે હેરી, દેખો દિલ દરિયા કેરી લહેરી.

ઉલટા બાણ ગગન જાઈ લાગા, ઉંવા દીશે એક દેરીજી,
ઉસ દેરીમેં અલખ બીરાજે, ઉંવા લવ લાગી મેરીજી.

ઉસ દેરીમેં બાજા બાજે, બાજે આઠોએ પેરીજી,
તાલ મૃદંગ વીણા અનહદ બાજે, સો બાજે બંસી ઘેરીજી.

સાત સમુંદર ઓલે ઘોલે, નવસો નદિયા ઘેરીજી,
ખારે સમુદ્રમેં એસી લીલા, બીચ અમીકી વીરીજી.

ગમસે દૂર અગમસે આગે, ઉંવા જાઈ વસ્તુ હેરીજી,
નાભિ કમલમેં શ્વાસ ખેલાવે, ઉંવા કાલ નહિ ઘેરીજી.

અગમ અગોચર નિરભય પાયા, લાધી સુષમણ શેરીજી,
કહેત કબીર સુનો ભાઈ સાધુ, નિર્ગુણમાલા ફેરીજી.

## સંગત સંતનકી કરલે

સંગત સંતનકી કર લે, જનમકા સાર્થક કછુ કર લે.
ઉત્તમ દેહી નર પાયા પ્રાણી, ઈસકા હિત કછુ કર લે;
સદ્ગુરૂ શરણ જાકે બાબા, જનમ-મરણ દૂર કર લે ....સંગત

કહાંસે આયા કહાં જાયેગા, યે કુછ માલૂમ કર લે;
દો દિનકી જિંદગાની બંદે, હોશિયાર હોકર ચલ લે ....સંગત

કોન કિસીકે જોરુ લડકે, કોન કિસીકે સાલે;
જબ લગ પલ્લોમેં પૈસા ભાઈ, તબ લગ મીઠા બોલે .....સંગત

કહત કબીર સુનો ભાઈ સાધો, બાર બાર નહીં આના;
અપના હિત કછુ કર લે ભૈયા, આખર અકેલા જાના .....સંગત

❀ ❀ ❀

## સાહેબસે લગનીયા લાગી

સાહેબસે લગનીયા લાગી હો, લગનીયા લાગી રે.
જબસે દયા કીની સદ્ગુરુ સ્વામી,
કામ ક્રોધ સબ ત્યાગી હો ...લગનીયા
બંધનકારન કીની ગુરુ મુક્ત,
મોહલોભ સબ ત્યાગી હો ...લગનીયા
કહત કબીર સુનો ભાઈ સાધો,
તબસે ભયે બૈરાગી હો ...લગનીયા

❀ ❀ ❀

## સાહેબ કા ઘર એસા લંબા

ક્યા ગાવે ઘર દૂર ગફલ મન, ક્યા ગાવે ઘર દૂર ;
ક્યા ગાવે ઘર દૂર દિવાને, ક્યા ગાવે ઘર દૂર : ||

સાહેબકા ઘર એસા લંબા, જૈસી લંબી ખજૂર;
ચડે તો ચાખે પ્રેમ રસ ઓર, ગીરે તો ચકના ચૂર : ॥

મહમદશા હક્ક હક્ક પોકારે, શૂળી ચડે મનસૂર;
શેખ ફરીદ કુવે બિચ લટકે, હો ગયે ચકના ચૂર : ॥

ગોરખ ગોપીચંદ ભરથરી, શીર પે ડાલી ધૂળ ;
દેશ બંગાલા શહેર ઉજ્જૈની, છોડ ચલે ભરપૂર : ॥

સેવા સુમરણ ઓર બંદગી, એ સંતનકા મૂલ;
વોહી સંતનમેં હીલના મીલના, રહેના સદા હજૂર : ॥

નાનક સાહેબ નિમ નજરમેં; નિરમલ વર્ષે નૂર;
કહત કબીર સુનો ભાઈ સાધુ, સોદા પૂરન પૂર : ॥

❁ ❁ ❁

## સાધો સહજ સમાધ ભલી

સાધો સહજ સમાધ ભલી,
ગુરુ પ્રતાપે જા દિનસે લાગી, દિન દિન અધિક ચલી ....સહજ

જહાં જહાં ડોલોં સો પરિકરમા, જો કુછ કરોં સો સેવા;
જબ સોવોં તબ કરોં દંડવત, પૂજો ઓર ન દેવા ....સાધો

કહોં સો નામ સુનોં સો સુમિરન, ખાવોં પિયોં સો પૂજા;
ગિરહ ઉજાડ એક સમ લેખોં, ભાવ મિટાવોં દૂજા ...સાધો

આંખ ન મૂંદોં કાન ન રુંધોં, તનિક કષ્ટ નહિ ધારોં;
ખૂલે નૈન પહિચો હંસ હંસ કર, સુંદર રૂપ નિહારોં .....સાધો

શબદ નિરંતરસે મન લાગા, મલિન વાસના ત્યાગી;
ઉઠત બેઠત કબહૂ ન છૂટે, ઐસી તારી લાગી ....સાધો

કહ કબીર યહ ઉનમુનિ રહની, સો પરગટ કરિ ગાઈ;
દુઃખ-સુખસે કોઈ પરે પરમપદ, તેહિ પદ રહા સમાઈ ....સાધો

❁ ❁ ❁

# વિભાગ-૫
# અન્ય પદો

## અબ મોહે આનંદ અદ્ભૂત

અબ મોહે આનંદ અદ્ભૂત આયા, આનંદ અદ્ભૂત આયા.
કિયા કરાયા કછુ ભી નાહીં, સહેજે પિયાજી કો પાયા ...આનંદ

દેશ ના છોડ્યા વેશ ના છોડ્યા, ના છોડ્યા સંસારા,
સૂતા નર નિદ્રાસે જાગ્યા, મિટ ગયા સુપના સારા ...આનંદ

કૃપા નાલ અંતરસે છૂટી, ગોલા જ્ઞાન મિલાયા,
આડ અટક સબ ફોડકે નિસર્યા, દૂરસે અજ્ઞાન ઉડાયા ...આનંદ

સારા કહે કોઈ બૂરા કહે ભાઈ, અપની મતિ અનુસારા,
ખારા મોળા લોહા પારસ પરખે, સોન ભયા સોનારા ...આનંદ

❀ ❀ ❀

## અબ સોંપ દીયા ઈસ જીવન કો

અબ સોંપ દીયા ઈસ જીવનકો, ભગવાન તુમ્હારે ચરણોમેં.
મૈં હું શરણાગત પ્રભુ તેરા, રહો ધ્યાન તુમ્હારે ચરણોંમેં ...અબ

મેરા નિશ્ચય બસ એક હી વહી, મૈં તુમ ચરણોંકા પૂજારી બનું;
અર્પણ કર દું દુનિયા ભરકા, સબ પ્યાર તુમ્હારે ચરણોંમેં ...અબ

જો જગમે રહું તો એસે રહું, જ્યું જલમેં કમલકા ફૂલ રહે;
હૈ મન વચ કાય હૃદય અર્પણ, ભગવાન તુમ્હારે ચરણોંમેં ...અબ

જહાં તક સંસારમેં ભ્રમણ કરું, તુજ ચરણોંમેં જીવન ધરૂં;
તુમ સ્વામી મૈં સેવક તેરા, ધરૂં ધ્યાન તુમ્હારે ચરણોંમેં ....અબ

મૈં નિર્ભય હું તુજ ચરણોમેં, આનંદ મંગલ હૈ જીવન મેરા;
રિદ્ધિસિદ્ધિ ઔર સંપત્તિ સબ, મિલ ગઈ હૈ પ્રભુ તુજ ચરણોંમેં ...અબ

મેરી ઈચ્છા બસ એક હી પ્રભુ, એક બાર તુઝે મિલ જાઊં મૈં;
ઈસ સેવક કી એક રગ રગકા, હો તાર તુમ્હારે હાથોંમેં ....અબ

❀ ❀ ❀

## અમારાં અંગ છો સર્વે

અમારાં અંગ છો સર્વે, જગતમાં ધર્મ બંધુઓ,
નથી ન્યારા અમારાથી, તમારા વણ નથી હું તો. ૧

અરે વૈશેષિકો સાંખ્યો, ચરણ મારાં તમે બે છો,
અરે મિમાંસકો બૌદ્ધો, તમે છો હાથ બે મ્હારા. ૨

અરે જડવાદી ચાર્વાકો, ઉદર મ્હારું તમે છો રે !
ખરા સ્યાદવાદી જૈનીઓ, સદા મ્હારું તમે શિર છો. ૩

ઉપર અંદર ભલી શોભા, સદા છે શિર્ષથી મ્હારી,
જગતના ધર્મ મુજ અંગો, મળેલાં અંગથી અંગો. ૪

બધા અંગો તણી પુષ્ટિ, અમારી પુષ્ટિ તે નક્કી,
બધાથી હું નથી જુદો, બધા છે અંગ મારામાં. ૫

પડે જુદા તે કુઅંગો, મળ્યા વણ થાય બહુ હાનિ,
નયોની એ અપેક્ષાથી, બધા તે હું સકલ મુજમાં. ૬

બધા અંગો અમારામાં, તમારામાં અહો અંશે,
સદા અંગાગી ભાવે છું, અપેક્ષાએ સકલમાં હું. ૭

સરિતાઓ જ સાગરમાં, નદીમાં અંશથી ઉદધિ,
અમારામાં તમારામાં, ખરો એ ભાવ અંશાશી. ૮

અમારાથી તમો છો સહુ, તમારાથી અહો હું છું,
કરીને સંપ ચાલીશું, સદા આનંદમાં રહીશું. ૯

પરસ્પર કલેશ દોષોને, હરીને સંપી ચાલીશું,
પરસ્પર અંગની મૈત્રી, કરીશું ઉન્નતિ અર્થે. ૧૦

સકલને ભાગ આપીશું, કરીશું સર્વનું સારું,
બુદ્ધ્યબ્ધિ ધર્મબંધુઓ, સદા આનંદમાં રહીશું. ૧૧

❀ ❀ ❀

## અમે મહેમાન દુનિયાના

અમે મહેમાન દુનિયાના, તમે મહેમાન દુનિયાના,
સહુ મહેમાન દુનિયાના, છીએ મહેમાન દુનિયાના. ૧

અહીં ઘડી પહોર કે દિન માસ, કે બહુ વર્ષ રહેવાના,
છતાં ક્યારે જશું નક્કી, નહીં એ સાફ કહેવાના. ૨

બરાબર બાજરી ખૂટે, ઊઠીને તુર્ત જાવાના,
સંબંધી રોકશે તોયે, પછી ના પલક રહેવાના. ૩

પ્રભુની મહેર ત્યાં સુધી, અમો આ ખેલ જોવાના,
નિહાળી વ્યોમ તો એનો, બઢો આનંદ લેવાના. ૪

જમા કીધું જશું મેલી, નથી કાંઈ સાથ લેવાના,
નથી માલેક તો અંતે, અમો ફૂટી બદામોના. ૫

નથી તો કાંઈ લાવેલા, ન કાંઈ લેઈ જાવાના,
પ્રભુજીના પરોણાને, કશી વાતે કમીના ના. ૬

ભલે વ્હાલા ઊડી જાએ, અમે ના લેશ રોવાના,
અમો પણ એ જ મારગમાં, છીએ આખર જાવાના. ૭

❁ ❁ ❁

## અનહદ શબ્દ ઉઠે રણકાર

અનહદ શબ્દ ઉઠે રણકાર
ઉહાં વસીયે સોહી દરબાર
ઠાકોર મેરા, અનહદ શબ્દ ઉઠે રણકાર ।

કાયાનગર અવિનાશી રાજા હોજી,
ગુરુ મેરો નિરાધાર, આતમરો આધાર,
ઘડીપલક અબ કૈસે ભૂલું ?
દમદમ હરદમ ચેત સંભાલ ।

ઈડા પિંગલા સુષમણ શોધો હોજી,
જહાં ચડે મેરૂદંડ પવન દો ધાર,
ત્રિવેણીકે પેલે પાર અગમ ખુલ ગયે બીશ કમાડ ।

ઉંચે ચડકર અગમ ઘર ગોતો હોજી,
જાકુ મેરે સદ્‌ગુરુ દેત સિઆર
ઉલટા પવન ગગનમેં ડોલે,
જલમલ જ્યોતિ અલખ અપાર ।

શશી ઘર શૂર, શૂર ઘર શશી હોજી,
જહાં ચંદ્રમાં સૂરજ ઝળકે ઝણકાર,
ત્રીવેણી કે પેલે પાર અખંડ બરસે અમી રસ ધાર ।

જો જન ચલે અગમસે આગે હોજી,
જહાં ઉડે ન પંછી લગે ન વાર,
અગમ અગોચર દૂર પિયાણ,
શૂન્યમેં દરશે અલખ અપાર ।

જ્ઞાનપુરિ સદ્‌ગુરૂજીકે શરણે હોજી,
જાકી નુરતસુરત અગમ હૈ ધાર,
ઉંચો પરશ્યો ગઢ ગિરિનાર,
ભગવી દ્વજા ફરકે ગુરુદ્ધાર ।

❁ ❁ ❁

## અનંતકાળથી સંસાર સુખરૂપ

અનંતકાળથી સંસાર સુખરૂપ લાગ્યો
મોહને કારણે અનંતાનંત દુઃખ પામ્યો
જો તને સંસાર એકાંતે દુઃખરૂપ લાગશે
તો ૐ આજ્ઞામાં અવ્યાબાધ સુખ લાધશે
ૐની આજ્ઞામાં, ૐની આજ્ઞામાં
ૐની આજ્ઞામાં સુખ પામો.

❁ ❁ ❁

## અનુક્રમે સંયમ

અનુક્રમે સંયમ સ્પર્શતો જી, પામ્યો ક્ષાયકભાવ રે,
સંયમ શ્રેણી ફુલડે જી, પૂજું પદ નિષ્પાવ રે.

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે,
હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે.

દર્શન જે થયા જૂજવાં, તે ઓઘ નજરને ફેરે રે,
ભેદ થિરાદિક દ્રષ્ટિમાં, સમકિત દ્રષ્ટિને હેરે રે.

યોગના બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે,
''ભાવાચારજ'' સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે.

❀ ❀ ❀

## અહો દેવના દેવ

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી, કરું હું સ્તુતિ આપની શીશ નામી;
દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર મારો.

પ્રભુ આપ છો સર્વને પાળનારા,તમે છો સદા સંકટો ટાળનારા;
કીધા છે કરોડો તમે ઉપકારો, દીનાનાથ તું એક આધાર મારો.

અમે બાળકો બોલીએ હાથ જોડી, અમારી મતિ હે પ્રભુ છેક થોડી;
સદા આપજો આપ સારા વિચારો, દીનાનાથ તું એક આધાર મારો.

❀ ❀ ❀

## અંગમ્ ગલિતમ્

અંગમ્ ગલિતમ્ , પલિતમ્ મુંડમ્; દશનવિહિનમ્ જાતમ્ તુંડમ્.
વૃદ્ધો યાતિ ગૃહિત્વા દંડમ્; તદપિ ન મુંચતિ આશાપિંડમ્.

❀ ❀ ❀

## અંતર મમ વિકસિત

અંતર મમ વિકસિત કરો અંતરતર હે,
નિર્મલ કરો ઉજજવલ કરો સુંદર કરો હે;
જાગૃત કરો ઉદ્યત કરો નિર્ભય કરો હે,
મંગલ કરો નિરલસ નિઃસંશય કરો હે ....અંતર

યુક્ત કરો હે સબાર સંગે મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે શાંત તોમાર છંદ;
ચરણપદ્મે મમ ચિત્ત નિઃસ્પંદિત કરો હે,
નંદિત કરો નંદિત કરો નંદિત કરો હે ....અંતર

❀ ❀ ❀

## આ આત્માને ઓળખ્યા વિના

આ આત્માને ઓળખ્યા વિના રે,આ ભવના ફેરા નહીં મટે રે જી,
આ ભ્રમણાને ભાંગ્યા વિના રે,આ લખચોરાશી નહીં મટે રે જી.

આ કોયલડી ને કાગ રે, ઈ તો વાને બેઉ એક જ છે રે જી,
ઈ તો કોયલડી બોલડીએ વરતાયે રે... આ ભવના ફેરા

આ હંસલો ને બગલો રે, ઈ તો વાને બેઉ એક જ છે રે જી,
ઈ તો એના આહારથી ઓળખાયે રે... આ ભવના ફેરા

આ સતી ને ઈ ગુણિકા રે, ઈ તો વાને બેઉ એક જ છે રે જી,
ઈ સતી નારી, એની સેવા થકી ઓળખાયે રે..આ ભવના ફેરા

❀ ❀ ❀

## આજ ગઈ'તી હું સમવસરણમાં

આજ ગઈ'તી હું સમવસરણમાં, જિન વચનામૃત પીવા રે,
શ્રી પરમેશ્વર વદન કમલ છબી, નિરખ નિરખ હરખેવા રે.
આજ

તીન ભુવન નાયક શુદ્ધાત્તમ, તત્ત્વામૃતરસ વુઠુ રે,
સકલ ભવિક વસુધાની લાણી, મારું મન પણ તુઠુ રે.
આજ

મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધો રે,
પૂરણાનંદ અક્ષય અવિચલરસ, ભક્તિ પવિત્ર થઈ પીધો રે.
આજ

જ્ઞાનસુધા લાલીની લહેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે,
સમ્યક્જ્ઞાન સહજ અનુભવરસ, શુચિ નિજ બોધ સમાર્યો રે.
આજ

ભોળી સખીયો એમ શું જોવો, મોહ મગન મત રાચો રે,
દેવચંદ્ર પ્રભુ શું એકતાને, મિલવો તે સુખ સાચો રે.
આજ

## આજ મારા સભામંડપમાં

આજ મારા સભામંડપમાં મોતીના મેહ વરસ્યા રે.

આજ મારા મનમંદિરમાં રત્નોના મેહ વૂઠ્યા રે,
રાજપ્રભુ અવની અવતરિયા, તત્ત્વામૃત રસ વરસ્યા રે ...૧

ધન્ય ભૂમિ ભારત ઝળહળતી, ગૌરવવંતી ગાજે રે,
જગપાવનકર જનમ્યા આજે, જન્મશતાબ્દી રાજે રે ...૨

ઓગણીસો ચોવીશ કારતકની, શુભ્ર પૂર્ણિમા સોહે રે,
દેવદિવાળી જન હિતકારી, રાજચંદ્ર જગ મોહે રે ...૩

પૂર્વ ભવો પ્રત્યક્ષ નિહાળ્યા, લઘુવયથી મહાજ્ઞાની રે,
ભવાબ્ધિથી ભવ્યો ઉદ્ધરવા, મહાસમર્થ સુકાની રે ...૪

આત્મ અનુભવ ઝળહળ જ્યોતિ, પ્રતિભા શી ઉલ્લસંતી રે ।
ભવ્યોનાં અજ્ઞાન તિમિરને, હરવા અતિ ઝલકંતી રે ...૫

અંતર્મગ્ન દશા મનોહારી, શાંત મૂર્તિ વૈરાગી રે,
શરીર છતાં અશરીરી ભાવે, રાજે અંતર્ત્યાગી રે ...૬

અદ્‌ભુત અમૃત રસ વરસંતી, વાણી ભવિમન ઠારે રે,
જન્મ મરણ ભવ તાપ નિવારે, સુખ શાંતિ વિસ્તારે રે ...૭

શ્રી લઘુરાજ સુભાગ્ય જૂઠાભાઈ, અંબાલાલ સુભાગી રે,
સ્વરૂપદર્શન સ્હેજે પામ્યા, સહજાતમ લય લાગી રે ...૮

સમ્યગ્દર્શન જ્ઞાન ચરણરૂપ, રત્નત્રય વરસાવી રે,
બહુ ભવ્યોનાં કારજ સાર્યા, કૃપા અતિ દર્શાવી રે ...૯

કૃપા કૃપાળુ અમ પર કરજો, ઉર અંધારું હરજો રે,
સર્વ જગતનું શ્રેય કરી પ્રભુ, વિશ્વ શાંતિ વિસ્તરજો રે ...૧૦

સત્ય સનાતન શાશ્વત વસ્તુ, આત્મા ઘટ ઘટ ભાસે રે,
પ્રેમ પ્રીતિ તે પ્રત્યે જાગે, તુંહિ તુંહિ તત્ત્વ પ્રકાશે રે ...૧૧

સત્ય અહિંસા સમતા ક્ષાંતિ, તત્ત્વદૃષ્ટિ ઉર ઉલ્લસે રે,
સત્‌સુખ સત્‌શાંતિ સૌ પામી, નિર્ભય નિજપદ વિલસે રે ...૧૨

❀ ❀ ❀

## આત્મપ્રકાશ

નો કર્મથી ભિન્ન હું, આત્મસ્વરૂપ,
દ્રવ્ય કર્મથી ભિન્ન હું, આત્મસ્વરૂપ
ભાવકર્મથી ભિન્ન હું, આત્મસ્વરૂપ ૧

દેહાદિથી ન્યારો હું, શુદ્ધ ચિદ્‌રૂપ
મોહાદિથી ન્યારો હું, શુદ્ધ ચિદ્‌રૂપ
રાગાદિથી ન્યારો હું, શુદ્ધ ચિદ્‌રૂપ ૨

સર્વ જીવોથી પર હું, નિજ સ્વરૂપ
જડ દ્રવ્યોથી પર હું, ચેતન રૂપ
જડ ભાવોથી પર હું. જ્ઞાયકરૂપ ૩

કર્તા નહી હું કર્મનો, કર્તા આપ સ્વભાવ
ભોકતા નહી હું કર્મનો, ભોકતા નિજ સ્વભાવ ૪

પરભાવથી મુક્ત હું, આત્મ સ્વરૂપ
કેવળ અસંગ હું, આત્મ સ્વરૂપ
અસંખ્ય પ્રદેશી હું, આત્મ સ્વરૂપ ૫

નિજ અવગાહના પ્રમાણ સ્વરૂપ, અજરામર ધ્રુવ શુદ્ધ સ્વરૂપ,
સ્વપર્યાય પરિણામી, સમયાત્મક રૂપ.
શુદ્ધ ચૈતન્ય હું આત્મ સ્વરૂપ, નિર્વિકલ્પ દ્રષ્ટા હું સ્વસ્વરૂપ. ૬

હું છું ચેતન શુદ્ધસ્વરૂપ, ત્રિકાળી નિર્મળ બુદ્ધસ્વરૂપ,
ચૈતન્ય ઘન હું સુખસ્વરૂપ, અખંડ કેવળ જ્ઞાનસ્વરૂપ,
શુદ્ધ નિરંજન જયોતિસ્વરૂપ, અમલ અરૂપી મોક્ષસ્વરૂપ,
અવિનાશી હું જ્ઞાનસ્વરૂપ, અજરામર હું જ્ઞાનસ્વરૂપ. ૭

સહજાનંદ હું જ્ઞાયકભાવ, પરમાનંદ હું જ્ઞાયકભાવ,
અખંડાનંદ હું જ્ઞાયકભાવ, ચિદાનંદ હું જ્ઞાયકભાવ.
શાંત સ્વરૂપ હું ચેતનભાવ, શીતલ સ્વરૂપ હું ચેતનભાવ,
સમતારૂપ હું ચેતનભાવ, સત્ય સ્વરૂપ હું ચેતનભાવ,
ચેતનભાવ હું ચેતનભાવ, જ્ઞાયકભાવ હું જ્ઞાયકભાવ. ૮

દેહ મરે ભલે પણ હું નથી મરતો, અજરામર હું આત્મ સ્વરૂપ,
ઓમ ગુરુદેવ જય ગુરુદેવ, જય ગુરુદેવ, ઓમ ગુરુદેવ,
ઓમ અરિહંત જય અરિહંત, જય અરિહંત ઓમ અરિહંત. ૯

શાંત સ્વરૂપ હું આત્મા છું,
આત્મા છું હું આત્મા છું, શુદ્ધ ચૈતન્ય આત્મા છું.
આત્મા છું હું આત્મા છું, શીતળ સ્વરૂપ હું આત્મા છું.
શીતળ સ્વરૂપ હું આત્મા છું, શુદ્ધ ચૈતન્ય આત્મા છું.
આત્મા છું હું આત્મા છું, જ્ઞાન સ્વરૂપ હું આત્મા છું.
જ્ઞાન સ્વરૂપ હું આત્મા છું, શુદ્ધ નિરંજન આત્મા છું.
આત્મા છું હું આત્મા છું, આનંદ સ્વરૂપ હું આત્મા છું.
આનંદ સ્વરૂપ હું આત્મા છું, શુદ્ધ ચિદાનંદ આત્મા છું.
આત્મા છું હું આત્મા છું, મોક્ષ સ્વરૂપ હું આત્મા છું.
મોક્ષ સ્વરૂપ હું આત્મા છું, શુદ્ધ પર્યાયરૂપ આત્મા છું.
આત્મા છું હું આત્મા છું, આત્મા છું હું આત્મા છું.
સહજાનંદી શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મા છું.
દેહ મરે ભલે પણ હું નથી મરતો, અજરામર હું આત્મા છું. ૧૦

ઓમ ગુરુદેવ જય ગુરુદેવ, જય ગુરુદેવ ઓમ ગુરુદેવ.
ઓમ અરિહંત જય અરિહંત, જય અરિહંત ઓમ હરિહંત. ૧૧

દેહ વિનાશી હું અવિનાશી, અજર અમર હું આત્મસ્વરૂપ.
દેહ મરે ભલે પણ હું નથી મરતો,
અવિનાશી હું આત્મસ્વરૂપ, અવિનાશી હું શુદ્ધ સ્વરૂપ. ૧૨

દેહથી ભિન્ન હું આત્મા છું, આત્મા છું હું આત્મા છું.
આત્મા છું હું આત્મા છું, શાંત સ્વરૂપ હું આત્મા છું.
આત્મા છું હું આત્મા છું, અજર અમર હું આત્મા છું.
અવિનાશી હું આત્મા છું, આત્મા છું હું આત્મા છું.
શાંત સ્વરૂપ હું આત્મા છું, આત્મા છું હું આત્મા છું. ૧૩

❁ ❁ ❁

## આવો હે વીર

આવો હે વીર હે મહાવીર
મારે આંગણીયે આવોજી રે ....આવો
રાજ તુમારી દાસી છું, ત્રણ દિનની ઉપવાસી છું,
મહાવીર સ્વામી આવો ને, ચંદનબાળા પુકારે ....આવો
હાથે પગે બેડી માથે મુંડન, બાકુડા વ્હોરાવું તુને ભગવન,
મુખ ના ઉચ્ચારે અંતર ઉદ્‌ગારે, ચંદનબાળા પુકારે ....આવો
ચંદન આંગણે પ્રભુ પધાર્યા, આંસુ ન જોયા પાછા વળિયા,
ચંદન નયણે આંસુની ધારે, ચંદનબાળા પુકારે ....આવો
બાકુડા ચંદને વ્હોરાવ્યા, લાભ દઈ મુનિવર સિધાવ્યા,
ચંદનની થઈ કંચન કાયા, ચંદનબાળા પુકારે ....આવો

❁ ❁ ❁

## આંખ મારી ઉઘડે ત્યાં

આંખ મારી ઉઘડે ત્યાં રાજપ્રભુ દેખું,
ધન્ય મારું જીવન કૃપા એની લેખું.

આંખ મારી ઉઘડે ત્યાં સદ્‌ગુરુ દેખું,
આનંદઘન હું શુદ્ધ સ્વરૂપ હું.

વચનામૃતજી છે મારી અંતર આંખો,
અપૂર્વ અવસર મારી અંતર આંખો,
પ્રભુએ દીધી છે મને ઉડવાની પાંખો.

કૃપાળુ ભગવંત નીરવ શાંતિ આપો,
જન્મ મરણના ફેરા ટાળો....આંખ મારી ઉઘડે

❀ ❀ ❀

## આજ્ઞા કે રસ સે

આજ્ઞા કે રસ સે પ્રભુ તુજે પાઉં
મેરી ઈસ ઈચ્છાકો પ્રભુ તું સફલ કર,
આજ્ઞાકે તપસે ઈસ રસ મેં રહું નિત
ઐસી પરિણતિ મેરી પ્રભુ તું કર.

તેરે ઘર કી શાંતિ, તેરે ઘર કા દીપક
ઈસ જગ કો દે સદા પૂજા કી તક,
ઈસ પૂજા કી વર્ષા સે મેરે દિલમેં આકર
મુજે દે સદા તેરે આજ્ઞા કા પંથ.

તેરે પંથ કી એક અનોખી અદા હૈ
જિસે મિલે વો બને અલખ નિરંજન,
ઈસ પંથકા મુજે પથિક બના દે
તો પાઉં મૈં તેરે ધર્મ કા અપૂર્વ મૂલ.

ધર્મ કા અપૂર્વ મૂલ તેરી આજ્ઞા હૈ
આજ્ઞાકે રસસે મિલતા સ્વભાવ હૈ,
સ્વભાવ કે સાગરમેં, આજ્ઞાકી ગહરાઈસે
હરેક કણ સે રહુ મૈં તેરે ચરણમેં.

તેરે ચરણકા ભક્ત બના દે
રોમે રોમે અનુભવું તેરી આજ્ઞા,
ઈસ આજ્ઞા કે માધ્યમ સે મિલેંગી ઐસી તક
જિસે સદા પાઉં તેરી શાંતિ ઔર દીપક.

❀ ❀ ❀

## ઈશ્ક ક્યા હૈ

ઈશ્ક ક્યા હૈ કીસી કામિલ સે પૂછા ચાહીએ,
કીસ તરહ જાતા હૈ દીલ, બેદીલસે પૂછા ચાહીએ.

કયા તડપને મેં મજા હૈ, કત્લ હો પ્યારે કે હાથ,
ઉસકી લજ્જ ત કો કીસી, બિસ્મીલસે પૂછા ચાહીએ.

જીસને ઉસકા જખ્મ ખાયા, વો ઉસે માલૂમ હૈ,
તેગ અબરૂકી સીફત, ઘાયલસે પૂછા ચાહીએ.

ચારકે મીલનેકી હમકો, કોઈ તરહ આતી નહીં,
તરેહ મીલનેકી કીસી, વસ્લસે પૂછા ચાહીએ.

આહના લેકી હકીકત, દેખતા હું હીજ્ર મેં,
ક્યા ગુજરતી હોગી તૌબા, દીલસે પૂછા ચાહીએ.

❀ ❀ ❀

## ઓ સમતાના ધરનારા

મમતા નહીં મનમાં જરી, સમતાના ભંડાર,
એવા શ્રી વીર પ્રભુને, વંદન વાર હજાર.

ઓ સમતાના ધરનારા, તારા જીવન રહસ્યો ન્યારા,
દુશ્મનને પણ પૂર્ણ પ્રેમથી ક્ષેમકુશળ પૂછનારા,
તારા જીવન રહસ્યો ન્યારા. ૧

સુખદુઃખમાં તેં સમતા રાખી, તું જ ખરો મહાવીર,
ઉપસર્ગોના પહાડ તૂટ્યા, પણ ડગ્યો નહીં જ લગીર,
ઓ વજ્રહૃદય ધરનારા, તારા જીવન રહસ્યો ન્યારા. ૨

ચંડકોશીયો કરડ્યો પગમાં, ઝેર હળાહળ દીધું,
ત્યારે તેં તો કરૂણા આણી, કંઈક સમજ એમ કીધું,
ઓ ઝેરના જીરવનારા, તારા જીવન રહસ્યો ન્યારા. ૩

ભાન ભૂલી ભરવાડે જ્યારે, ખીલા ઠોકિયા કાને,
રોક્યા નહીં એના હાથ લગીરે, અડગ ઉભા નિજ દ્યાને,
ઓ હસતે મુખ સહેનારા, તારા જીવન રહસ્યો ન્યારા. ૪

તારા પગનો ચૂલો કરીને, ઉપર ખીર બનાવી,
અંગે અંગ બળે પણ મુખ પર, શીતળતા પ્રસરાવી,
ઓ દાવાનળ પીનારા, તારા જીવન રહસ્યો ન્યારા. ૫

ગોશાળાએ કરી ઘેલછા, તેજોલેશ્યા છોડી,
સંહારકને ક્ષમા કરીને, દીધી શીખામણ થોડી,
ઓ કરૂણાના કરનારા, તારા જીવન રહસ્યો ન્યારા. ૬

પ્રચંડ શક્તિ હતી છતાં પણ, પરમ શાંતતા ધારી,
મનથી પણ નહીં દ્વેષ ચિંતવ્યો, અજબ તિતિક્ષા તારી,
ઓ જગમંગલ ગાનારા, તારા જીવન રહસ્યો ન્યારા,
ઓ કરૂણાના કરનારા, તારા જીવન રહસ્યો ન્યારા. ૭

❀ ❀ ❀

## એક જનમ્યો રાજ દુલારો

એક જનમ્યો રાજ દુલારો, દુનિયાનો તારણહારો,
વર્ધમાનનું નામ ધરીને, પ્રગટ્યો તેજ સિતારો ...એક

અવનિ પરથી અંધકારના, વાદળ જાણે વિખરાયા,
ગાય ઉમંગે ગીત અપ્સરા, દેવોના મન હરખાયા,
નારકીના જીવે નિરખ્યો, તેજ તણો ઝબકારો ....એક

ધાન વધ્યાં ધરતીના પેટે, નીર વધ્યાં સરવરીયાનાં,
ચંદ્ર સૂરજના તેજ વધ્યાં ને, સંપ વધ્યાં સૌ માનવમાં,
દુઃખના દિવસો દૂર ગયા ને, આવ્યો સુખનો વારો ...એક

રંક જનોનાં દિલમાં પ્રસર્યું, આશ ધરેલું અજવાળું,
બેલી આવ્યો દિન દુઃખિયાનો, રહેશે ના કોઈ નોધારું,
ભીડ જગતની ભાંગે એવો, સૌનો પાલનહારો ...એક

વાગે છે શરણાઈ ખુશીની, સિદ્ધારથના આંગણિયે,
હેતે હિંચોળે ત્રિશલા રાણી, વીર કુંવરને પારણિયે,
પ્રજા બની આનંદઘેલી, ઘર ઘર ઉત્સવ આયો ...એક

❀ ❀ ❀

## એક વાર આ જીવનમાં

એક વાર આ જીવનમાં, દર્શન પ્રભુ તમારા.
કરવાની આશ દિલમાં, દર્શન પ્રભુ તમારાં.

લાગી છે એક લગની, પરવા નથી આ જગની,
ચરણોમાં પ્રીતિ પ્યારા, દર્શન પ્રભુ તમારાં.

વિયોગ ના સહેવાય, દુઃખ કોને આ કહેવાય,
નયનોમાં અશ્રુધારા, દર્શન પ્રભુ તમારાં.

પાપી હજારો તાર્યા, અમને જ કાં વિસાર્યા,
અપરાધ શું અમારો, દર્શન પ્રભુ તમારાં.

❀ ❀ ❀

## એનું સ્વપ્ને જો દર્શન

એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાય કૃષ્ણનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારનો સંગ રે.
હસતાં રમતાં પ્રગટ હરિ દેખું, મારું જીવ્યું સફળ તવ લેખું;
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે.

❀ ❀ ❀

## કરજે કૃપા તું ભગવન

કરજે કૃપા તું ભગવન, મુજ પ્રાણ તારે ચરણે,
તુજ નામ રોમે રોમે, મુજ પ્રાણ તારે ચરણે ...કરજે

પાવાપુરીના પટમાં, ગિરનારજી ઘુમ્મટમાં,
કેસરિયાજી નિકટમાં, મુજ પ્રાણ તારે ચરણે ...કરજે

ષડરિપુ આક્રમણમાં, વરતું પ્રતિક્રમણમાં,
હો સામાયિક જીવનમાં, મુજ પ્રાણ તારે ચરણે ...કરજે

નિત જાવું દેરાસરમાં, ચારિત્રના શરણમાં,
શિવપુરીના સ્મરણમાં, મુજ પ્રાણ તારે ચરણે ...કરજે

શત્રુંજયે તીરથમાં, તીર્થંકરો નજરમાં,
આરત હો તનમાં, મનમાં, મુજ પ્રાણ તારે ચરણે ...કરજે

અણગારને નમું હું, નવકારને ગણું હું,
ભવ પાર આ તરું હું, મુજ પ્રાણ તારે ચરણે ...કરજે

❀ ❀ ❀

## કામનો કામનો કામનો રે

કામનો કામનો કામનો રે, તું અહીંયા આવ્યો શા કામનો ?

સંતસ્વરૂપી ગંગા ન નહાયો, ભજન કિયો ન સિયારામનો રે ..તું

પાપ કરતાં તેં પાછું ન જોયું, ઠરી બેઠો નહીં ઠામનો રે ..તું

આ રે કાયામાં શું રે મોહ્યા છો, કોથળો છે હાડચામનો રે ..તું

ભાણ કહે તું ચેતી લે પ્રાણી, પછી નહીં રહે ઘાટ ગામનો રે ..તું

❀ ❀ ❀

## કોઈ લાખ કરે ચતુરાઈ

કોઈ લાખ કરે ચતુરાઈ રે, કરમકા લેખ મિટે ના રે ભાઈ.
જરા સમજો ઈસકી સચ્ચાઈ રે, કરમકા લેખ મિટે ના રે ભાઈ.

ઈસ દુનિયામેં ભાગ્ય કે આગે, ચલે ન કિસીકા ઉપાય,
કાગજ હો તો સબ કોઈ બાંચે, કરમ ન બાંચા જાય,
એક દિન કિસ્મતકે કારણ બનમેં ચલે રઘુરાઈ,
કરમકા લેખ મિટે ના રે ભાઈ .....કોઈ

કાહે તું મનવા ધીરજ ખોતા, કાહે તૂ નાહક રોય,
અપના સોચા કભી નહીં હોતા, ભાગ્ય કરે સો હોય,
ચાહે હો રાજા ચાહે ભિખારી, ઠોકર સભીને યહાં ખાઈ,
જરા સમજો ઈસકી સચ્ચાઈ રે, કરમકા લેખ મિટે ના રે ભાઈ ....કોઈ

❀ ❀ ❀

# કૃપાળુ દેવને વંદી

કૃપાળુ દેવને વંદી, ખમાવું સર્વ જીવોને;
ક્ષણિક આ જીવન ત્યાં, શાશ્વત સદા સત્શાંતિ હો સૌને. ૧

બહિર્દષ્ટિથી જોતાં તો, ઉદય પ્રારબ્ધ નિહાળો;
નયન અંતર તણા ખૂલતાં, સ્વરૂપની સાધના ભાળો. ૨

અહો ભવ્યો ! સદા સાધો, રૂડી અધ્યાત્મ ઉન્નતિને;
બનો સૌ ઊર્ધ્વગામી તો, તજી આત્મિક અવનતિને. ૩

રૂડી અભિલાષ એ નિત્યે, અવર આશય ઉરે નાંહી;
જગતમાં શ્રેય સૌનું હો, પ્રબળ આ ભાવ દિલમાંહી. ૪

તથાપિ જીવ જો દુભવ્યાં, તમારા આ જીવનમાંહી;
નથી આશય દુભવવાનો, વિમલ છે ભાવ તો ત્યાંહી. ૫

છતાં વ્યવહારમાં સાચું, કહેતાં ચિત્ત સુહૃદયનાં;
દુભાયા જો કદી ક્ષમજો, બની સત્પાત્ર શિવપદનાં. ૬

તજીને રોષ કે તોષ, નિજાત્મા સાધવો રંગે;
શમાવું સ્વરૂપમાં સાધી, સમાધિ બોધિ સત્સંગે. ૭

નમન હો ! સ્વરૂપસાધકને, સ્વરૂપસિદ્ધિ લહી જેણે;
ઉરે રાજેશ વચનોથી, જીવન સાર્થક કર્યું જેણે. ૮

❀ ❀ ❀

# કૃપાળુ દેવ સદ્ગુરૂ દેવ

કૃપાળુ દેવ, સદ્ગુરૂ દેવ.
દયા ને શાંતિ આપો, સદ્ગુરૂ દેવ.
સમતા ને ક્ષમા આપો, સદ્ગુરૂ દેવ.
સત્ય ને ત્યાગ આપો, સદ્ગુરૂ દેવ.
વૈરાગ્યને સ્થિરતા આપો, સદ્ગુરૂ દેવ.
શૂન્યતાને શુકલતા આપો, સદ્ગુરૂ દેવ.
ૐની આજ્ઞા આપો, સદ્ગુરૂ દેવ.
આજ્ઞા ને સંવર આપો, સદ્ગુરૂ દેવ.
સંવર ને મહાસંવર આપો, સદ્ગુરૂ દેવ.
મહાસંવર ને વીતરાગતા આપો, સદ્ગુરૂ દેવ.
કલ્યાણ પ્રેરિત વીતરાગતા આપો, સદ્ગુરૂ દેવ.
આજ્ઞા પ્રેરિત વીતરાગતા આપો, સદ્ગુરૂ દેવ.
મૈત્રી પ્રેરિત વીતરાગતા આપો, સદ્ગુરૂ દેવ.
શ્રેણીની વીતરાગતા આપો, સદ્ગુરૂ દેવ.
સયોગી કેવળી વીતરાગતા આપો, સદ્ગુરૂ દેવ.
અયોગી કેવળી વીતરાગતા આપો, સદ્ગુરૂ દેવ.
વીતરાગતાની પૂર્ણતા આપો, સદ્ગુરૂ દેવ.
પૂર્ણતા ને સિધ્ધિ આપો, સદ્ગુરૂ દેવ.

## ખનખના રહીમ

ઐસી દેની દેન જુ, કિત સીખે હો સૈન,
જ્યોં જ્યોં કર ઉંચો કરો, ત્યોં ત્યોં નીચો નેન.

દેનહાર કોઈ ઓર હૈ, ભેજત હૈ દિન રૈન,
લોગ ભરમ હમસે કરે, તાસે નીચો નેન.

❁ ❁ ❁

## ગમે તે સ્વરૂપે ગમે ત્યાં

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો,
પ્રભુ ! મારાં વંદન, પ્રભુ ! મારા વંદન.
ભલે ના નિહાળું નજરથી તમોને,
મળે ગુણ તમારા, સફળ મારું જીવન ...ગમે

જનમ જે અસંખ્યા મળ્યા તે ગુમાવ્યા,
ધરમ ના કર્યો કે ના તમને સંભાર્યા,
હવે આ જનમમાં કરું હું વિનંતી,
સ્વીકારો તમે તો તૂટે મારાં બંધન ...ગમે

મને હોંશ એવી ઉજાળું જગતને,
કિરણ ના મળે મારા મનના દીપકને,
તમે તેજ આપો જલે એવી જ્યોતિ,
અમરપંથના સૌને કરાવે એ દર્શન ...ગમે

❁ ❁ ❁

# ગાવું તારું ગીત

ગાવું તારું ગીત, પામું તારી પ્રીત
એવું દે પ્રભુ વરદાન મને
સ્નેહથી અંકિત, ગુંજે રે સંગીત.....એવું દે પ્રભુ

ભીંજાતુ રહે સદા ભક્તિના રસથી
જોજે ના કાળજુ કોરું રહી જાય,
ધર્મનો દિપક પ્રગટે અહીં ત્યાં
જોજે ના આયખુ પૂરું થઈ જાય,
વાટ છે વેરાન, થાવું ના હેરાન.... એવું દે પ્રભુ

સરિતાના જળ જેમ વહેતા અખંડ એમ
ગાવું નિરંતર તારાં ગુણગાન,
જોજે નહીં આવે મને જરા અભિમાન અને
જોજે ના ચૂકું કદિ પ્રભુ તારું ધ્યાન,
હવે મુજ આશ, થાવું ના નિરાશ....એવું દે પ્રભુ

ભૂલભૂલામણી જેવી આ જિંદગી
ક્યાંયે ના પંથ દેખાય મને,
ક્રોધ, માન, માયા અને લોભ કેરી છાયા મહીં
તારું દર્શન નહીં થાય મને,
અંધારી છે રાત, પ્રગટે પ્રકાશ.... એવું દે પ્રભુ

❀ ❀ ❀

# ગુજારે જે શિરે

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે. ૧

દુનિયાની જૂઠી વાણી વિશે જો દુઃખ ભાસે છે,
જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે. ૨

કચેરીમાંહી કાજીનો નથી હિસાબ કોડીનો,
જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે. ૩

જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે,
ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે. ૪

રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,
દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહિ કહેજે. ૫

વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે. ૬

રહે ઉન્મત્ત સ્વાર્નંદે ખરું એ સુખ માની લે,
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી લેજે. ૭

કટુ વાણી સુણે જો કોઈની વાણી મીઠી કહેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે. ૮

અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે. ૯

અહો શું પ્રેમમાં રાચે નહિ ત્યાં સત્ય પામે તું ?
અરે તું બેવફાઈથી ચડે નિંદા તણે નેજે. ૧૦

લહે છે સત્ય જે સંસાર તેનાથી પરો રહેજે,
અરે એ કીમિયાની જો મઝા છે તે પછી કહેજે. ૧૧

વફાઈ તો નથી આખી દુનિયામાં જરા દીઠી,
વફાદારી બતા'વા ત્યાં નહિ કોઈ પળે જાજે. ૧૨

રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,
જગત બાજીગરીનાં તું બધા છલબલ જવા દેજે. ૧૩

પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે. ૧૪

કવિરાજા થયો શી છે પછી પીડા તને કાંઈ ?
નિજાનંદે હંમેશા 'બાલ' મસ્તીમાં મઝા લેજે. ૧૫

❀ ❀ ❀

## ગુરુવર તેરે ચરણોંકી

ગુરુવર તેરે ચરણોંકી, મુઝે ધૂલ જો મિલ જાએ,
ચરણોંકી રજ પાકર, તકદીર બદલ જાએ ...ગુરુવર

મેરા મન બડા ચંચલ હૈ, ઉસે કૈસે મૈં સમજાઉં,
જિતના ભી મૈં સમજાઉં, ઉતના હી મચલ જાએ ...ગુરુવર

મેરી નાવ ભંવરમેં હૈ, ઉસે પાર લગા દેના,
તેરે એક ઈશારે સે, મેરી નાવ ઉભર આયે ...ગુરુવર

નજરો સે ગિરાના ના, ચાહે કિતની સઝા દેના,
નજરો સે જો ગિર જાએ, ફિર કૈસે સંભલ પાએ ...ગુરુવર

મેરી એક તમન્ના હૈ, તુમ સામને હો મેરે,
તુમ સામને હો મેરે, ચાહે પ્રાણ નિકલ જાએ ...ગુરુવર

❁ ❁ ❁

## ગુરુ સવ્વે ઘરીલી

ગુરુ સવ્વે ઘરીલી આજ કુસ્તી રે, પ્રેમાચી ચડલી માજા મસ્તી..ગુરુ

કાલાચી પદી તુડવીલે, સંસાર સર્વ બુડવીલે, ગુરુપાહી ગુરુપાહી;
ગુરુપાહી કેલી આજ કુસ્તી રે, પ્રેમાચી ચડલી માજા મસ્તી .....ગુરુ

અભિમાન ટાકુની પાહતાસર્વત્ર દીસે ગુરુ ત્રાતા,વ્યાપુની વ્યાપુની;
વ્યાપુની ઉરલા આદી અંતી રે, પ્રેમાચી ચડલી માજા મસ્તી....ગુરુ

અવધૂત ગુરુ શોભતો, પ્રેમમાજી નિત્ય ડોલતો, ગુરુપાહી ગુરુપાહી;
ગુરુપાહી સહજ નિશ્ચિંતીરે, પ્રેમાચી ચડલી માજા મસ્તી ......ગુરુ

❁ ❁ ❁

## ઘડીએ ના વસરે મુંજે

ઘડીએ ના વસરે મુંજે ઘટરે, સજન સાંવરો લા,
ઘડીએ ના વસરે મુંજે ઘટરે.
જાની સોમાંતા મુંજે, ચિત્તમેરે વાલા મુંજા,
જાની જાગાતાં અચેમું વટરે સજનસાંવરોલા ......ઘડીએ

જાની વન્યા ભા, જારમેરે વાલા મુંજા
સામાતાં સરગાપુરીએ હટરે સજનસાંવરોલા .....ઘડીએ

આઉંની ભાઈઆં રે કાન, હકડોરે વાલા મુંજા,
ભેરા આંઇ ગોપીએંજા ઘટરે સજનસાંવરોલા ......ઘડીએ

મેકોની ચૌએ હાણે, મેહેર થઈ વાલા મુંજા,
મુકિતાં રખજા આંઈ વટરે સજનસાંવરોલા........ઘડીએ

❀ ❀ ❀

## ચત્તારિ પરમંગાણિ

ચત્તારિ પરમંગાણિ
દુલ્લહાણી હ જન્તુણો
માણુસત્તં સુઈ સધ્ધા
સંજમિચ વીરિયં ॥

ચારે અંગો ચ દુઃષ્પ્રાપ્ય
જીવો ને જગમાં બહુ
મનુષ્યત્વ શ્રુતિ શ્રદ્ધા
સંચમે વીર્ચ જાગવું.

❀ ❀ ❀

## ચિદાનંદની લહેરો ઘટમાં

ચિદાનંદની લહેરો ઘટમાં, કેમ પડું હું ખટપટમાં
બાહ્યભાવના નીચ દશા છે, કેમ પડું હું લટપટમાં.

અંતરમાં શાંતિ છે સાચી, શ્રદ્ધા તેની ખરી કરી
ચેતન ગુણની અનંત લીલા, અનુભવી મેં દિલ ખરી.

સ્થિર ઉપયોગે-સુરતા લાગી, ભૂલાણી દુનિયાદારી
રંગાચો અનુભવના રંગે, પ્રગટી જયોતિ જયકારી.

શાંત દૃષ્ટિથી સઘળે શાંતિ, ભાસ્યો અનુભવ અંતરમાં
આતમ તે પરમાતમ પોતે, ભાસ્યું સાચું ભણતરમાં.

લય લાગી અંતરમાં પ્યારી, અકળ કળા પ્રભુની સારી
પ્રગટ્યું અજવાળું અંતરમાં, નાઠ્યું મિથ્યાતમ બારી.

દેખું તે પોતે હું નિશ્ચય, સ્વપર પ્રકાશ્યો સુખકારી
અનુભવ પ્યાલા પીધાં પ્રેમી, કદી ન ઉતરે ખુમારી.

બીજાને કહેવું શા માટે, વાણી અગોચર નિર્ધાર્યો
પ્રારબ્ધ યોગે લખવું કથવું, પણ હું છું સૌથી ન્યારો.

સમજે સમજુ મસ્તાના કોઇ, અવધૂત યોગી ખેલાડુ
બાહ્યભાવની ભ્રાંતિ ટાળી, અંતરે સદ્‌ગુરુ અજવાળુ.

અલખ દેશમાં નિશદિન રહેશું, નિરાકાર પદને વરશું
સોહમ્ સોહમ્ અલખ ધ્યાનથી, નિર્ભય ઠામે ઝટ ઠરશું.

❀ ❀ ❀

## ચેતન ચાલોને હવે

ચેતન ચાલોને હવે, સુખ નહી પરમાં મળે,
આ તો સાગરનાં પાણી, તૃષા નહીં રે છિપાણી,
તૃપ્તિ નહીં રે મળે ...ચેતન

જડ ને ચૈતન્યની પ્રીતિ રે પુરાણી,
અનંત જન્મારામાં કરી શું કમાણી ?
મતિ માયામાં મૂંઝાણી, આત્મશક્તિ રે લૂંટાણી,
શાંતિ નહીં રે મળે ...ચેતન

દુઃખના દરિયામાં ડૂબવાને લાગ્યો,
ડૂબતાને પ્રભુજીએ આવીને ઉગાર્યો,
હતો સ્વરૂપથી અજાણ, તેની કરાવી પિછાણ,
ભવથી મુક્તિ રે મળે ...ચેતન

ભવ્ય આત્મા જાગે એને તાલાવેલી લાગે,
પ્રભુ કેરા પંથે પગલાં ભરતો રે આગે,
ચાહે આત્માનું જ્ઞાન, સાચા સ્વરૂપનું ભાન,
શાશ્વત સિદ્ધિ રે મળે ...ચેતન

વ્હાલા ચાલો ને હવે, સુખ નહીં પરમાં મળે.

❀ ❀ ❀

## ચેત ચેત નર ચેત

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત,
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત.
જોર કરીને જીતવું, મરેખરું રણખેત,
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત.
ગાફીલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત,
હવે જરૂર હોશિયાર થઈ, ચેત ચેત નર ચેત.
તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત,
પાછળ સૌ રહેશે પડ્યા, ચેત ચેત નર ચેત.
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત,
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત.
રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત,
તું તો તરણા તુલ્ય છો, ચેત ચેત નર ચેત.

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.
કાળા કેશ મટી ગયા, સર્વે બન્યા છે શ્વેત,
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત.
માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત,
ક્યાંથી આવ્યો ક્યાં જવું, ચેત ચેત નર ચેત.
શુભ શિખામણ સમજતો, પ્રભુ સાથે કર હેત,
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત.

❁ ❁ ❁

## જગતમેં ખબર નહીં પલકી

જગતમેં ખબર નહીં પલકી,
સુકૃત કર લે, પ્રભુ નામ સમર લે, કૌન જાને કલકી? ...જગત
જબ લગ હંસા બસે કાયામેં, તબ લગ દેહ મંગલકી,
હંસ દેહી છાંડ ચલા જબ, તબ માટી જંગલકી .....જગત
તારા મંડલ રવિ ચંદ્રમા, સબ હી ચલાચલકી,
દિન ચારકે ચમત્કારમેં, બિજલી જાય ચમકી .....જગત
માતા પિતા સુત કુટુંબકબીલે, દુનિયા મતલબકી,
કાયા માયા નાર સસ્નેહી, અંતે રહે અલગી .....જગત
કુડકપટ કર માયા જોડી, કરેં બાતાં છલકી,
પાપકી પોટ ધરે શિર ઉપર, કૈસે હોય હલકી ? ....જગત
જગતકી આશા છોડકર, અબ યાદ રખ રબકી,
ચોરાસીકો ફેરો મિટે, (તબ) રહે ન ભય જમકી .....જગત

❁ ❁ ❁

## જન્મીને મરી જવું

જન્મીને મરી જવું એટલી તો વાત છે,
એમાં તો માનવીને કેટલી પંચાત છે.

ધરતી પર રહેવું ને સ્વપ્ના આકાશના,
પુણ્ય કેરા પલ્લામાં ખોટ અપાર છે ....એમાં

ઉપર છે આભ ને નીચે છે ધરતી,
એકની વાત બીજાને કહેવી,
પાપ કેરાં પલ્લામાં નફો અપાર છે ....એમાં

જિનવરનું નામ એક જ બેડો પાર છે,
બાકી તો દુનિયા બધી જંજાળ છે ....એમાં

❀ ❀ ❀

## જતી હતી હું વાટમાં

જતી હતી હું વાટમાં, સદ્‌ગુરુ મળ્યા સાથમાં;
શુદ્ધ ચારિત્ર જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ....જતી

નીચી નજરે ચાલતાં, પહેલું મહાવ્રત પાળતાં;
ઈર્યા સમિતિ જોઈ હું તો, થંભી ગઇ થંભી ગઈ...જતી

અમૃત વચનો બોલતાં, શાંત રસમાં ઝૂલતાં;
પ્રેમમૂર્તિ જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ ...જતી

પાંચ મહાવ્રત પાળતાં, અંતરને અજવાળતાં;
શુદ્ધ જીવનને જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ...જતી

સંસારી સંગ છોડતાં, સ્વરૂપમાં મન જોડતાં;
નિઃસંગ ભાવ જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ..જતી

દેહભાવ ભૂલતાં, આત્મભાવમાં ડોલતાં;
એકાગ્રતાને જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ ...જતી

શુદ્ધ ચારિત્ર પાળતાં, આત્મ ભાવના ભાવતાં;
એવા મુનિને જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ ...જતી

પાંચ સમિતિ પાળતાં, ત્રણ ગુપ્તિ ધારતાં;
શુદ્ધ સંયમને જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ ...જતી

અંતર સંયમ પાળતાં, મહાવીર પંથે ચાલતાં;
રાજપ્રભુને જોઈ હું તો, જાગી ગઈ જાગી ગઈ ...જતી

વંદના સ્વીકારજો, રાજપ્રભુ તમે તારજો;
તારક પ્રભુને જોઈ હું તો, શરણે ગઈ શરણે ગઈ ...જતી

❀ ❀ ❀

## સહજાત્મરૂપી સેવ્ય ગુરુને (જય જગતત્રાતા)

જય જગતત્રાતા, જગતભ્રાતા, જન્મહર જગદીશ્વરા,
સુખ સર્વ કારણ, ધર્મધારણ, ધીર વીર મહેશ્વરા,
અતિ કર્મકંદન ચિત્તચંદન, ચરણકમળે ચિત્ત ધરું;
સહજાત્મરૂપી સેવ્ય ગુરુને વંદના વિધિએ કરું.

આનંદસાગર ચંદ્રનાગર, વૃંદ શ્રી સુખકંદ છો,
ભવ ફંદહારક છંદધારક, સર્વ સદ્‌ગુણ ચંદ્ર છો;
સુખકાર છો ભવપાર નહીં કંઈ, સાર ચિત્તમાં હું ધરું ...સહજાત્મ

વિકરાળ આ કળિકાળ કેરી, ફાળથી ભય પામતો,
ગુરુચરણ કેરા શરણ આવ્યો, ચિત્તમાં વિશ્રામતો;
ગુરુ પૂરણપ્રેમી કર ધરે શિર, એમ આશા આચરું ...સહજાત્મ

કરી કોપ ચાર કષાય બાંધે, બંધ આશાપાશનો,
અતિ માર મારે માર તેમાં, કામની અભિલાષનો;
છો નિર્વિકારી પાસ રાખો, ભક્તિ હું દિલમાં ધરું ...સહજાત્મ

નિજ ધામ ચંચળ વિત્ત ચંચળ, ચિત્ત ચંચળ સર્વથી,
હિત મિત્ર ને સુકલત્ર ચંચળ, જાય શું મુખથી કથી;
સ્થિર એક સદ્‌ગુરુ દેવ છો, એ ટેક અંતર આદરું ...સહજાત્મ

ભવ મંડપે કરી પ્રીત, માયાસેજ સુંદર પાથરી,
ત્યાં નિત્ય સૂતો ગાઢ નિદ્રા, મોહની અતિ આચરી;
જાગૃત કરી ગુરુ રાજચંદ્રે, બોધદાન કર્યું શરૂ ...સહજાત્મ

જયકાર શ્રી ગુરુદેવનો, જન જગતમાંહી ગજાવજો,
શુભ ભક્તના જે ધર્મ તે, અતિ પ્રેમ સાથ બજાવજો;
ગુરુ ધર્મધારક કર્મવારક, ધ્યાનમાં નિત્યે ધરું ...સહજાત્મ

❀ ❀ ❀

## જયમ જયમ દરદ

જયમ જયમ દરદ આવ્યા કરે, ત્યમ ત્યમ ખુશી ત્યાં માણવી,
સમજી જવું કે દિલબરે કંઈ, ભેટ આપી નવી નવી ...જયમ

સુખ કાજ શાને આથડે, સુખ દુઃખ બધું છે મન વડે,
મનથી ચડે મનથી પડે, મનથી બન્યું છે માનવી .... જયમ

આશક થવું નથી મશ્કરી, દિલદારથી ખરી દિલબરી,
આ ખલકને ખાલી કરી, મર્દાનગી બતલાવવી ....જયમ

શી પ્રીતિ ચીજ અહો બડી, ના ટકે જ્યાં બીજી વાતડી,
ખપ હોય તેને અબ ઘડી, સારી જહાંને પી જવી ...જયમ

સાગરે જીતી લીધી જિંદગી, અવ્વલથી હો આખર લગી,
બસ હોય સાચી દિલગી તો, મુક્ત માહાત્મ્યો લઈ જવી ...જયમ

❀ ❀ ❀

## જાગ જાગ અવધૂતા જોગી

જાગ જાગ અવધૂતા જોગી, પુરે પાયક પીયા હૈ,
જોગી જાગે સબજુગ સુતા, સબજુગ સુતા,
મેરો સ્વામીરાજા જાગે, જાગૃત સંતે લીયા હૈ : ॥

પટણા નગરી પુરા પચીસા, પાંચ મંદિર ઘર લીયા હૈ,
ચંદન ચોકમેં વસે મેરો સાહેબો, ઉસકા દર્શન કીયા હૈ ....જોગી

શૂન શિખરપર ધૂખતી ધૂણી, તરવેણી ઘર કીયા હૈ,
ભરમભૂજ રસોઈ બનાઈ, બ્રહ્મખુમારી લીયા હૈ ....જોગી

ગગન મંડલમેં ગુપ્તિ ગંગા, જ્ઞાની અમીરસ લીયા હૈ,
અનંત સંતારી આશા વર્તી, પ્રેમ પ્યાલા પીયા હૈ ....જોગી

જડમેં જીવ સકલ વિશ્વ જ્યોતિ, બ્રહ્મ ઉજાલા હુવા હૈ,
બિન દર્પણ દિદાર દિખાયા, જોગી જુગોજુગ જીયા હૈ ....જોગી

ઝરણા ઝારો બ્રહ્મ વિચારો, ઈસ બંગલે ઓધરણા હૈ,
એસી એસી ઝરણા ઝારો મેરા ભાઈડા,ફેર જનમ નહિ ધરણા હૈ ...જોગી

અધર તખ્તપર અટલ અવિનાશી, ક્રોડ દ્વાદશ લીયા હૈ,
મચ્છેંદ્ર પ્રતાપે જતિ ગોરખ બોલ્યા, થરકસ થાણા કીયા હૈ ....જોગી

❀ ❀ ❀

## જિગરનો યાર જુદો તો

જિગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે,
બધા સંસારથી હે યાર, બેદરકાર જુદો છે. ૧

ગણું ના રાવ રાયાને, ગણું ના આખી દુનિયાને,
પરંતુ જાણી લે ભાઈ, પ્રભુનો પ્યાર જુદો છે. ૨

હજારો બોધ મંદિરો, અહીં નિત્યે ભલે થાજો,
અમો મસ્તાનના ઉસ્તાદનો દરબાર જુદો છે. ૩

બધા પ્રકાર તુફાને, થઈ ચંચળ મૂકે નિશાન,
અમારા ચિત્ત ચા કરમનો, અચળ પ્રકાર જુદો છે. ૪

ઘડીભર બેસ બતલાવું, શીખાવું પ્રેમનો જાદુ,
અમો જાદુગરોનો ચાર, ના બજાર જુદો છે. ૫

શીખે જો પ્રેમ પૂરો તું, અચળ અભેદ પામે તું,
નથી જ્યાં પ્રેમ છે ત્યાં ભેદ, એ વ્યવહાર જુદો છે. ૬

ભલે તે માહરા પંથે, બધા એ દુઃખને દેખે,
મને તો સુખસાગર લ્હેર-નો, કોઈ બ્હાર જુદો છે. ૭

થયો જે પ્રેમમાં પૂરો, થયો છે મુક્ત સર્વેથી,
મહા મસ્તાન જ્ઞાનીનો, મગજનો તાર જુદો છે. ૮

❀ ❀ ❀

## જી રે લાખા કહો તો વાતું

જી રે લાખા ! કહો તો વાતું કહ્યામાં પણ ના વે !
જી રે લાખા ! પહેલ પ્રથમ તો નીમ ન લઈએ,
નીમ લઈએ તો સહી સહી પળીએ;
જી લાખા ! સાચા સદ્‌ગુરૂને શરણે રહીએ;
આપણ એમ અલખને વરીએ : ॥ જી રે લાખા

જી રે લાખા ! ગુરૂના વચન જે કોઈ મિથ્યા કરશે,
તે તો ભવસાગર કેમ તરશે ?
જી રે લાખા ! તેને નિશ્ચે ચોરાસીનો ફેરો પડશે,
તેના પિંડ અગોરૂમાં પડશે : ॥ જી રે લાખા

જી રે લાખા ! ઉંચા ઉચા જાપ અજંપાના ચ્હડવા,
આપણે નિંદ્રા તે કેણી પર કરીએ?
જી રે લાખા ! આપ મટીને એક બ્રહ્મને ઓળખીએ,
આપણે એમ અલખમાં ભળીએ : ॥ જી રે લાખા

જી રે લાખા ! આદ-જુગાદનો પાટ મંડાણો,
તીહાં બલિરાજા ધર્મ આદરીઓ:
જી રે લાખા ! ગુરૂપ્રતાપે બાઈ લોયણ બોલ્યાં,
આપણે એમ અલખને આરાધો : ॥ જી રે લાખા

❁ ❁ ❁

## જીવન જલ સુકાઈ જાય

જીવન જલ સુકાઈ જાય, કરૂણા વરસંતા આવો,
માધુરી માત્ર છુપાઈ જાય, ગીત સુધા ઝરંતા આવો ...જીવન

કર્મના જ્યારે કાળા વાદળ, ગરજી ગગડી ઢાંકે સહુ સ્થળ,
હૃદય આંગણે હે નીરવનાથ, પ્રશાંત પગલે આવો ...જીવન

મોટું મન જ્યારે નાનું થઈ, ખૂણે ભરાઈ તાળું દઈ,
તાળું તોડી હે ઉદારનાથ, વાજંતા ગાજંતા આવો ...જીવન

કામ ક્રોધનાં આકરા તુફાન, આંધળા કરી ભૂલાવે ભાન,
હે સદા જાગન, પાપ ધ્રુવન્ત,વિજળી ચમકંતા આવો ...જીવન

❁ ❁ ❁

## જીવનજ્યોત જગાવો

જીવનજ્યોત જગાવો, પ્રભુ હે! જીવનજ્યોત જગાવો.
ટચુકડી આ આંગળીઓમાં, ઝાઝું જોર જમાવો,
આ નાનકડા પગને વેગે, રમતાં જગત બતાવો,
અમને સંચરતાં શીખવાડો ............પ્રભુ

વણ દીવે અંધારે જોવા, આંખે તેજ ભરાવો,
વણ જહાજે દરિયાને તરવા, બળ બાહુમાં આપો,
અમને ઝળહળતાં શીખવાડો ............પ્રભુ

ઊગતાં અમ મનનાં ફૂલડાંને, રસથી સભર બનાવો,
જીવનના રંગો ત્યાં ભરવા, પીંછી તમારી હલાવો,
અમને મઘમઘતાં શીખવાડો .............પ્રભુ

ઉરની સાંકલડી શેરીના, પંથ વિશાળ રચાવો,
હૈયાના નાના ઝરણાને, સાગર જેવું બનાવો,
અમને ગરજંતા શીખવાડો ............પ્રભુ

અમ જીવનની વાદળી નાની, આભ વિષે જ ઉડાવો,
સ્નેહ શક્તિ બલિદાન નીરથી, ભરચક ધાર ઝરાવો,
અમને સ્થળ-સ્થળમાં વરસાવો ............ પ્રભુ

❀ ❀ ❀

## જુઓ રે જુઓ રે જૈનો

જુઓ રે જુઓ રે જૈનો કેવાં વ્રતધારી,
કેવાં વ્રતધારી એને વંદના હમારી.

જુઓ જુઓ જંબૂસ્વામી, બાળ વયે બોધ પામી,
તજી રાજ ઋદ્ધિ જેણે, તજી આઠ નારી.
તજી આઠ નારી, તેને વંદના હમારી.

ગજસુકુમાળ મુનિ, ધગે શિરપર ધૂણી,
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ન લગારી.
ડગ્યા ન લગારી, તેને વંદના હમારી.

કોશાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થૂલિભદ્ર,
વેશ્યા સંગ વાસો તોયે, થયા ન વિકારી.
થયા ન વિકારી, તેને વંદના હમારી.

સતી તો રાજુલ જેવી, જગમાં ન જોડી એવી,
પતિવ્રતા માટે કન્યા, રહી એ કુમારી.
રહી એ કુમારી, તેને વંદના હમારી.

જનક સુતા જે સીતા, વરસ તો બારે વીત્યાં,
ઘણું દુઃખ વેઠ્યું તોયે, ડગ્યાં ન લગારી.
ડગ્યાં ન લગારી, તેને વંદના હમારી.

સતી કળાવતી નામે, થયા શંખપુર ગામે,
કર નિજ કાપ્યા તોયે, રહ્યા ટેક ધારી.
રહ્યા ટેક ધારી, તેને વંદના હમારી.

દુઃખડાં તો દીધાં દેવે, સહ્યાં એ તો કામદેવે,
ઘણું દુઃખ વેઠ્યું તોયે, ડગ્યા ન લગારી.
ડગ્યા ન લગારી, તેને વંદના હમારી.

ધન્ય ધન્ય નરનારી, એવી દૃઢ ટેક ધારી,
જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવપારી.
પામ્યા ભવપારી, તેને વંદના હમારી.

## જૂઠ કભી બોલના

જૂઠ કભી બોલના અચ્છા નહીં હૈ,
સત્ય સદા બોલના ભાઈ સબસે અચ્છા હૈ.

ઝગડા કભી કરના અચ્છા નહીં હૈ,
પ્યારસે હી બઢના આગે સબસે ભલા હૈ.

ઘમંડ કભી કરના અચ્છા નહીં હૈ,
શાંતિ, વિનય, જીવનસાથી સબસે ભલા હૈ.

ઈર્ષા, ઘૃણા, કટુભાષા અચ્છા નહીં હૈ,
જીવદયા, માનવ પ્રેમ સબસે ભલા હૈ.

❁ ❁ ❁

## જેણે તારો રાહ છે ઝાલ્યો

જેણે તારો રાહ છે ઝાલ્યો, જે તારો છે એક સહારો,
તેને તેને આંગળી આપી, દોર્યા વિના ચાલશે ના,
પ્રેમ કર્યા વિના ચાલશે ના.

મૂંગા મૂંગા જેના પોકારો, જોઈ પીગળે પથ્થર પ્હાડો,
જેના આંસુની ધારે ધારે, તારે માટે વેદના ચાલે,
ચાંપ્યા વિના ચાલશે ના, પ્રેમ કર્યા વિના ચાલશે ના.

ઠોકે ઠોકે રોજ સવારે, બારણાં તોયે ના તું ઉઘાડે,
તેને થાક બધો ય ભૂલ્યાને, નીંદ તજીને બહાર ઊભાને,
ભેટ્યા વિના ચાલશે ના, પ્રેમ કર્યા વિના ચાલશે ના.

લાત મારે તોય જે પગ ચાટે, તુચ્છકારે તોય પ્રેમે પધારે,
તેના સુકોમળ અંતરતારે, ગાન બનીને કો'ક સવારે,
જાગ્યા વિના ચાલશે ના, પ્રેમ કર્યા વિના ચાલશે ના,
શ્રદ્ધા કર્યા વિના ચાલશે ના.

ડૂમે ડૂમે આંસુડાં ચાલે, નીંદ ન આવે રાત દહાડે,
તેના દર્શને ધન્ય થવાને, નેહમાં નહાવાને શુદ્ધ થવાને,
પાગલ છેક બનીને રે, આવ્યા વિના ચાલશે ના,
પ્રેમ કર્યા વિના ચાલશે ના.

❀ ❀ ❀

## જૈન ધર્મોસ્તુ મંગલમ્

જૈન ધર્મોસ્તુ મંગલમ્
મંગલમ્ મંગલમ્ મંગલમ્ મંગલમ્ ...જૈન

નવકાર મંત્ર છે, મંત્ર એ ધર્મ છે,
ધર્મ એ પરમ તત્ત્વ છે,
જપો મંત્ર નવકાર, ઉતરો તમે ભવપાર ...મંગલમ્

સત્ય તારામાં, સમતા તારામાં, સંયમ પણ તારામાં,
ધન્ય બનો જૈન ધર્મ સાધીને, કાપો કર્મના બંધન,

સફલ કરો જીવન ...મંગલમ્

રાગે રંગાયા, બંધને બંધાયા, ભમી રહ્યા સંસારે,
ઓ અરિહંતા અરજી અવધારો, સફલ કરો જીવન,
નમુ તુજ ચરણમ્ ...મંગલમ્

❀ ❀ ❀

# જો મોક્ષ હૈ તું ચાહતા

જો મોક્ષ હૈ તું ચાહતા વિષ સમ વિષય તજ તાત રે
આર્જવ, ક્ષમા, સંતોષ, શમ, દમ પી સુધા દિન રાત રે,
સંસાર જલતી આગ હૈ, ઈસ આગસે ઝટ ભાગ કર;
આ શાંત શીતલ દેશમેં, હો જા અજર, હો જા અમર... (૧)

પૃથ્વી નહીં જલ ભી નહીં, નહીં અગ્નિ તું નહીં હૈ પવન
આકાશ ભી તું હૈ નહીં, તું નિત્ય હૈ ચૈતન્યઘન,
ઈન પાંચકા સાક્ષી સદા, નિર્લેપ હૈ તું સર્વ પર;
નિજ રૂપકો પહિચાન કર, હો જા અજર, હો જા અમર... (૨)

ચૈતન્યકો કર ભિન્ન તનસે, શાંતિ સમ્યક્ પાયેગા
હોગા તુરત હી તું સુખી, સંસારસે છૂટ જાયેગા,
આશ્રમ તથા વર્ણાદિકા, કિંચિત ન તું અભિમાન કર;
સંબંધ તજ દે દેહસે, હો જા અજર, હો જા અમર... (૩)

નહીં ધર્મ હૈ ન અધર્મ તુજમેં, દુઃખ સુખ ભી લેશ ના
હૈ યે સભી અજ્ઞાનમેં, કર્તાપના ભોક્તાપના,
તું એક દ્રષ્ટા સર્વકા, ઈસ દ્રશ્ય સે હૈ દૂર તર;
પહિચાન અપને આપકો, હો જા અજર, હો જા અમર... (૪)

કર્તુત્વકે અભિમાન કાલે, સર્પ સે હૈ તું ડંસા
નહીં જાનતા હૈ આપકો, ભવ પાશમેં ઈસસે ફંસા,
કરતા ન તું તિહૂ કાલમેં, શ્રદ્ધા સુધાકા પાન કર;
પી કર ઉસે હો જા સુખી, હો જા અજર, હો જા અમર... (૫)

મેં શુદ્ધ હું મેં બુદ્ધ હું, જ્ઞાનાગ્નિ એસી લે ભલા
મત પાપ મત સંતાપ કર, અજ્ઞાન વનકો દે જલા,
જ્યોં સર્પ-રસ્સી માંહી જિસમેં, ભાસતા બ્રહ્માંડ ભર;
સો બોધ સુખ તું આપ હૈ, હો જા અજર, હો જા અમર... (૬)

માન રખતા મુક્તિ કા, સો ધીર નિશ્ચય મુક્ત હૈ
અભિમાન કરતા બંધકા સો, મૂઢ બંધન યુક્ત હૈ,
જૈસી મતિ વૈસી ગતિ, લોકોક્તિ યહ સચ માન કર;
ભવબંધ સે નિર્મુક્ત હો, હો જા અજર, હો જા અમર... (૭)

આત્મા અચલ સાક્ષી અચલ, વિભુ પૂર્ણ શાશ્વત મુક્ત હૈ
ચેતન અસંગી નિઃસ્પૃહી, શુદ્ધિ શાંત અચ્યુત તૃપ્ત હૈ,
નિજ રૂપ કે અજ્ઞાન સે, જન્મા કરે ફિર જાય મર;
ભોલા સ્વયંકો જાનકર, હો જા અજર, હો જા અમર... (૮)

❀ ❀ ❀

## જોગી થઈને જાય મહાવીર

આ જગની માયા છોડી, ને વૈભવને તરછોડી,
જોગી થઈને જાય મહાવીર, જોગી થઈને જાય.
તનડાના સગપણ તોડી, મમતાથી મનડું મોડી .....જોગી

રાજપાટથી પરવારીને વાટ લીધી જંગલની,
અંગે અંગે ભરી ભાવના દુનિયાના મંગલની ;
નારીને વિસારી એણે તજ્યા સૌ સંસારી .....જોગી

વન વગડાના ઘોર ભયંકર એણે મારગ વીંધ્યા,
હસતે મુખડે કષ્ટ સહીને એણે વિખડા પીધા;
અન્ન અને જળ ત્યાગી એ તો મુક્તિનો અનુરાગી ....જોગી

ચંદનબાળા ચંડકોશીયા સૌને લીધાં ઉગારી,
જીવો ને જીવવા દ્યો એવો મંત્ર રહ્યા લલકારી;
સતનું સંગીત ગાયું એણે પ્રેમનું અમૃત પાઈ ....જોગી

❀ ❀ ❀

## તારી જો હાક સુણી

તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે,
એકલો જાને, એકલો જાને, એકલો જાને, એકલો જાને રે

જો સૌનાં મોં સિવાય,
ઓ રે ઓ રે ઓ અભાગી, સૌનાં મોં સીવાય,
જ્યારે સૌએ બેસે મોં ફેરવી સૌએ ડરી જાય;
ત્યારે હૈયું ખોલી,
અરે તું મોં મૂકી તારા મનનું ગાણું, એકલો ગાને રે ...તારી

જો સૌ એ પાછાં જાય,
ઓ રે ઓ રે ઓ અભાગી, સૌએ પાછા જાય,
જ્યારે રણ વગડે નીસરવા ટાણે સૌ ખૂણે સંતાય;
ત્યારે કાંટા રાને,
તારે લોહી નીગળતે ચરણે ભાઈ, એકલો ધાને રે ...તારી

જ્યારે દીવો ના ધરે કોઈ,
ઓ રે ઓ રે ઓ અભાગી, દીવો ન ધરે કોઈ,
જ્યારે ઘનઘોર તૂફાની રાતે બારવાસે તને જોઈ;
ત્યારે આભની વીજે,
ત્યારે સળગી જઈ સૌનો દીવો, એકલો થાને રે ...તારી

❁ ❁ ❁

## તારા દિલડાને પૂછી જોજે

તારા દિલડાને પૂછી જોજે રે, કોણ છે કોનું ?
તારા મનડાને પૂછી જોજે રે, કોણ છે કોનું ? ....તારા

પિતા કહે પુત્ર મારો, જાણે આકાશે તારો,
ઊગ્યો એ તો ખરવાનો રે, કોણ છે કોનું ? ....તારા

બેની કહે વીરો મારો, જાણે અમૂલ્ય હીરો,
હીરો એ તો ઝેરે ભર્યો રે, કોણ છે કોનું ? ....તારા

વીરો કહે બેની મારી, જાણે એ ગુલાબ વેલી,
વેલી એ તો કાંટે ભરેલી રે, કોણ છે કોનું ? ....તારા

પતિ કહે પત્ની મારી, જાણે એ જન્મી મીરા,
જન્મી એ તો મરવાની રે, કોણ છે કોનું? ....તારા

પત્ની કહે પતિ મારો, જાણે એ પ્રેમી દરિયો,
દરિયો એ તો ખારો ભર્યો રે, કોણ છે કોનું ? ....તારા

## તારા પ્રેમનો સંદેશો

તારા પ્રેમનો સંદેશો મારા જીવનમાં ઉતારું,
એવી શક્તિ મને તું પ્રભુ આપજે.
તારા અગણિત ગુણને હું રાત દિ' સંભારું,
એવી ભક્તિ મને તું પ્રભુ આપજે.

મૈત્રી હોજો સર્વ પ્રાણીથી કોઈની સાથે ન લડવું,
મીઠાં વેણ સરે મુજ મુખેથી કોઈને કહેવું ન કડવું,
મોહ મમતાને મારું અને સમતાને ધારું.

શાંતિ ને સમતામાં રમતાં એવી જ્ઞાનની અભિલાષા,
જ્ઞાન દર્શન ને ચારિત્ર વધે એવા પુરૂષાર્થની આશા,
તારા ધ્યાનમાં થઈને ગુલતાન હું લલકારું.

જીવનમાં રાગ અને દ્વેષને છેદીને પ્રેમની કરું હું સાધના,
પ્રેમની સાધનામાં અનુભવું હું સર્વથી મૈત્રી ભાવના,
મૈત્રી ભાવમાં વાસ કરીને માણું તારી વીતરાગતા.

❁ ❁ ❁

## તુજ ભક્તિમાં મગન બન્યો છું

તુજ ભક્તિમાં મગન બન્યો છું, લગન અનેરી લાગી રે,
પ્રભુજી તુમ પર રાગી થઈને, હું તો બન્યો વૈરાગી રે.

પ્રેમનું વાગે વાજિંતર, સતનું સંગીત ગુંજે,
શ્રદ્ધાના સુરમાં ન્હાતા ન્હાતા,અર્પણતાને જાચું રે.

અર્પણતામાં ઉંડો ઉતરી, ધ્યાનમાં હું સ્થિર થાઉં,
સ્થિરતાને વેગ આપી, ઉદાસ ભાવમાં રાચું રે.

જ્ઞાન ને દર્શનના ભંડાર પ્રભુજી, શુદ્ધ ચારિત્ર પાળનાર,
કેવળી પ્રભુની આજ્ઞા પાળીને, અનુભવું વીતરાગતા.

❁ ❁ ❁

## તુમ દેખે સુખ ઉપજે

તુમ દેખે સુખ ઉપજે, તુમ દેખે દુઃખ જાય,
તુમ સંગે પ્રભુજી મને, શાંતિ અપૂર્વ થાય.

તું તો તારણહાર છો, સ્મરતાં થઈએ પાર,
જ્યોતિસ્વરૂપ નિહાળીને, હૃદય કમળ મોઝાર.

તારક પ્રભુને નીરખી, હૃદયે હર્ષ ન માય,
એક થયા તુજ સ્વરૂપમાં, ઉર્મિ અંગ ન માય.

મન મોહ્યું તુમ શું પ્રભુ, ન ગમે બીજી વાત,
સમતા સાગરમાં પ્રભુ, જીવું દિવસને રાત.

તું તો કરુણા રસ ભર્યો, અનંત ગુણોની ખાણ,
તુજ વચનો હૃદયે પ્રભુ, વાગ્યા રામના બાણ.

જગ દેખે છે બહારથી, ઉપરના શણગાર,
મેં તો તમને દેખિયા, ભવદુઃખ ભંજનહાર.

ઉત્તમ મારગ તાહરો, પંચમગતિ દાતાર,
જે કો' ભવિજન આદરે, પામે ભવનો પાર.

જ્યોતિ સ્વરૂપે નીરખીને, અંતર કંઈ કંઈ થાય,
કેમ લખું આ વાતને, કહ્યું કહી ન શકાય.

❁ ❁ ❁

## તેરા રામજી કરેંગે બેડા પાર

કાહેકો ડરે રે રામ કાહેકો ડરે, તેરા રામજી કરેંગે બેડા પાર,
ઉદાસી મન કાહેકો ડરે
...ઉદાસી

નૈયા તેરી રામ હવાલે, લહર લહર હરિ આપ સંભાલે;
હરિ આપ હી ઉઠાવે તેરા ભાર ...ઉદાસી

કાબૂમેં મઝધાર ઉસીકે, હાથોમેં પતવાર ઉસીકે;
તેરી હાર ભી નહીં હૈ તેરી હાર ...ઉદાસી

સહજ કિનારા મિલ જાયેગા, પરમ સહારા મિલ જાયગા;
દોરી સોંપકે તો દેખો એક બાર ...ઉદાસી

તું નિર્દોષ તુઝે ક્યા ડર હૈ, પગ પગ પર સાથી ઈશ્વર હૈ;
જરા ભાવનાસે કીજિઓ પુકાર ...ઉદાસી

❁ ❁ ❁

## તેરે નામકા સુમિરન કર કે

તેરે નામકા સુમિરન કરકે, મેરે મનમેં સુખ ભર આયા,
તેરી કૃપાકો મૈંને પાયા, તેરી દયા કો મૈંને પાયા.

દુનિયા કી ઠોકર ખાકે, જબ હુઆ કભી બેસહારા,
ના પા કે અપના કોઈ, જબ મૈંને તુઝે પુકારા,
હે નાથ, મેરે શિર ઉપર, તુંને અમૃત બરસાયા ...તેરી

તું સંગમેં થા નિત મેરે, યે નયના દેખ ના પાયે,
ચંચલ માયા કે રંગમેં, યે નયન રહે ઉલઝાયે,
જિતની ભી બાર ગિરા હું, તુને પગ પગ મુઝે ઉઠાયા ...તેરી

ભવ સાગર કી લહરોંને, ભટકાઈ મેરી નૈયા,
તટ છૂના ભી મુશ્કિલ થા, નહીં દીસે કોઈ ખેવૈયા,
તું લહરકા રૂપ પહન કર, મેરી નાવ કિનારે લાયા ...તેરી

હર તરફ તુંહી હો મેરે, હર તરફ તેરા ઉજિયારા,
નિર્લેપ રમૈયા મેરે, હર રૂપ તુંહી મૈં ધારા,
હો શરણ તેરી હે દાતા, તેરા તુઝહી કો ચઢાયા ...તેરી

❁ ❁ ❁

## દર્શન દ્યો ગુરુ રાજ

દર્શન દ્યો ગુરુ રાજ વિદેહી,
તુમ બિન દુઃખ પાવત મુજ દેહી ............ દર્શન
શ્રી સહજાત્મ સ્વરૂપ સોહાવે,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી ભાવે .............. દર્શન
શ્રીમદ્ સદ્ગુરુ અગમ અપારા,
કેહી કારણ કહો મોય બિસારા? ............ દર્શન

ગૃહ જગજાલ ન પલક સોહાવે,
ભોર ભયો મોસેં રહ્યા ન જાવે .............. દર્શન
નેક ન રહી શકું નિરાધાર,
હરદમ પંથ નિહારું તિહારા.................. દર્શન
અન્ન નહીં ભાવે, નિંદ ન આવે,
બેર બેર મોય વિરહ સતાવે ................. દર્શન
જૈસેં મીન મરે બિન વારી,
તૈસેં તુમ બિન દશા અમારી ................. દર્શન
જૈસેં મણિ બિન ફણિ વિકરાળા,
તૈસેં તુમ બિન હાલ અમારા ................. દર્શન
જૈસેં માત બિના બાલ બિચારા,
તૈસેં તુમ બિન હમ ઓસિયારા .............. દર્શન
રત્નત્રયીમેં તુમ એક અપ્પા,
મેટી ત્રિપુટી અબ તો ન તપ્પા .............. દર્શન

❁ ❁ ❁

## દિન નીકે બીતે જાતે હૈ

દિન નીકે બીતે જાતે હૈ,
સુમરન કર જીયા રામ નામકા...

કૌન તુમ્હારા કુટુંબ કબીલા,
યે સબ મતલબકા હાહીલા,
સબ જીતે જીકે નાતે હૈ .......સુમરન

લાખ ચૌરાસી ભુગત કે આયા,
બડે ભાગ મનુષ તન પાયા,
તા પર ભી નહીં કરી કમાઈ,
ફિર પાછે પછતાતે હૈ ......સુમરન

❁ ❁ ❁

## દિલ દરિયામેં દેવ નિરંજન

દિલ દરિયામેં દેવ નિરંજન, તેનું ચેતન ચાલ્યો ચાલ્યો માંહે આવે રે,
પ્રેમ ભક્તિ કોઈ પુરા સંત પાવે, સામા સતગુરુ સોહી લાવે રેઃ ॥ ટેક

અનહદ નાદ ગગન ધુન ગાજે, નુરત સુરત વ્હાં લે લાગી રે ઃ ॥ ટેક
અણી અગર પર અધર ગલેચા, રમતા રામ નજરે આવે રે .... દિલ

જ્ઞાન ગરીબી સાધુની સેવા, વેલા વૈકુંઠ સોહી જાવે રે,
આતમ એક નિરંતર દેખે, સમદ્રષ્ટિ સંત સોહી કહાવે રે .... દિલ

શૂરા સાધુ સનમુખ રેવે, કાયર ભાગી ભાગી વન જાવે રે,
જેણે ન માન્યા સદ્‌ગુરુજીના શબ્દા, ગાફલ ગોથા બહુ ખાવે રે .... દિલ

ખેમભાણ રવિ રમતાં રામા, અરસ પરસ ગુરૂ એક એક કહાવે રે,
પાંચ તત્ત્વમાં પ્રગટ ખેલે, આપ બોલે ગુરૂ બોલાવે રે .... દિલ

આગે હતા સો અબ મેં પાયા, ફરી ફરી મનવો મેરો નહિ આવે રે,
ત્રીકમદાસ સંત ખેમકે શરણે, ઠીક કરી ગુરૂ ઠેરાવે રે .... દિલ

❁ ❁ ❁

## દીન દુઃખિયાનો તું છે

દીન દુઃખિયાનો તું છે બેલી, તું છે તારણહાર,
તારા મહિમાનો નહીં પાર.
રાજપાટ ને વૈભવ છોડી, છોડી દીધો સંસાર,
તારા મહિમાનો નહીં પાર.

ચંડકોશિયો ડસિયો જ્યારે, દૂધની ધારા પગથી નીકળે,
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશિયો આવ્યો શરણે,
ચંડકોશિયાને તારી, કીધો ઘણો ઉપકાર ...તારા

કાને ખીલા ઠોક્યા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે,
તોય પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે,
ક્ષમા કરીને તે જીવોને, તારી દીધો સંસાર ... તારા

મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુની ધાર વહાવે,
ક્યાં ગયા એકલા મૂકી મુજને, હવે નથી જગમાં કોઈ મારે,
પશ્ચાતાપ કરતાં કરતાં, ઉપજ્યું કેવળજ્ઞાન ... તારા

જ્ઞાન વિમલ ગુરુ વચણે આજે, ગુણ તમારા ગાવે ભાવે,
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નૈયા પાર કરાવે,
અરજ અમારી દિલમાં ધારી, વંદન વારંવાર ... તારા

❀ ❀ ❀

## દીનાનાથ દયાળ નટવર

દીનાનાથ દયાળ નટવર ! હાથ મારો મૂકશો મા,
હાથ મારો મૂકશો મા, હાથ મારો મૂકશો મા
.....દીનાનાથ

આ મહા ભવસાગરે, ભગવાન હું ભૂલો પડ્યો છું,
ચૌદલોક નિવાસ ચપલાકાંત ! આ તક ચૂકશો .....દીનાનાથ

ઓથ ઈશ્વર આપની, સાધન વિષે સમજું નહિ હું,
પ્રણતપાલક ! પોત જોઈ, શંખ આખર ફૂંકશો મા ....દીનાનાથ

માત તાત સગાં સહોદર, જે ગણું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર ! દાસ સારુ સૂકશો મા .....દીનાનાથ

શરણ કેશવલાલનું છે, ચરણ હે હરિ રામ તારું,
અખિલનાયક ! આ સમય, ખોટે મસે પણ ખૂટશો મા ...દીનાનાથ

# દેખો ભાઈ મહા વિકલ સંસારી

દેખો ભાઈ મહા વિકલ સંસારી...
દુઃખિત અનાદિ મોહકે કારણ, રાગ દ્રેષ ભ્રમ ભારી ...દેખો

હિંસારંભ કરત સુખ સમઝે, મૃષા બોલે ચતુરાઈ
પરધન હરત સમર્થ કહાવે, પરિગ્રહ બઢત બઢાઈ ...દેખો

વચન રાખ કાયા દઢ રાખે, મિટે ન મન ચપલાઈ
યાં તે હોત ઔર કી ઔરે, શુભ કરની દુઃખદાયી ...દેખો

જોગાસન કરી કર્મ નિરોધે, આતમદ્રષ્ટિ ન જાગે
કથની કરત મહંત કહાવે, મમતા મૂલ ન ત્યાગે ...દેખો

આગમ વેદ સિદ્ધાંત પાઠ સુન, હિયે આઠ મદ આને
જાતિ લાભ કુલ બલ તપ વિદ્યા, પ્રભુતા રૂપ બખાને ...દેખો

જડ સો રાચી પરમપદ સાધે, આતમ શક્તિ ન સુઝે
બિના વિવેક વિચાર દરવ કે, ગુન પર જાય ન બુઝે ...દેખો

જસવાલે જસ સુનિ સંતોષે, તપ વાલે તન સૌંપે
ગુન વાલે પર ગુન કો દોંસે, મત વાલે મત પૌસે ...દેખો

ગુરુ ઉપદેશ સહસ ઉદયાગતિ, મોહ વિકલતા છૂટે
કહત બનારસી હૈ કરુના-રસી, અલખ અખય નિધિ લૂટે ...દેખો

❀ ❀ ❀

## દેખંધા કોઈ આ દલમાંય

દેખંધા કોઈ આ દલમાંય, પરખંધા કોઈ આ ઘટમાંય,
ઝણણણઝણણણ ઝલક ઝાલરી વાજે હોજી........

બોલે બોલાવે સબઘટ બોલે, સબ ઘટમાં તું રહ્યો સમાય,
જ્યાં જ જેવો ત્યાં જ તેવો, થિરકરી થાના દીયા ઠેરાય ...ઝણણ

નવ દરવાજે નવી રમતું હો, દશમેં મહલે ઈ દેખાય,
ઈ મહલમાં મેરમ બોલે, આયો ત્યાગે ઈ ઘર જાય ...ઝણણ

તાંત બીન તુંબેરી, બીના મુખે મોરલી બજાય,
બીના દાંડીયે નોબત વાગે, એસા હૈ કોઈ વો ઘર જાય ...ઝણણ

આ દુકાને દડદડ વાગે, કરબીન બાજા અર્હનીશ વાય,
બીના આરસી આપા સુઝે, બીના દીપક જ્યોત જલાય
...ઝણણ

જાપ અજપા વો ઘર નાહીં, ચંદા સૂરજ પહોંચત નાહીં,
સૂસૂમ ટેકથી સો ઘર જાય ....ઝણણ

અખર અજીત અરજ એ સુણજો, આજ સુણજો એક અવાજ,
દાસી જીવણ સત ભીમકે ચરણે, મુજરો માનું ગરીબ રિવાજ...ઝણણ

❁ ❁ ❁

# ધોવા દો રઘુરાય

ધોવા દો રઘુરાય, પ્રભુ! મને શક પડ્યો મનમાં ય,

પગ મને ધોવા દો રઘુરાયજી.

રામ લક્ષ્મણ જાનકીજી, તીર ગંગાને જાયજી,

નાવ માંગી નીર-તરવા, ગુહો ઊભો ગમ ખાય...પગ

રજ તમારી કામણગારી, નાવ નારી બની જાયજી,

તો અમારા રંક જનની, આજીવિકા ટળી જાય... પગ

જોઈ ચતુરતા ભીલ જનની, જાનકીજી મુસ્કાઈજી,

અભણ કેવું યાદ રાખે, ભણેલા ભૂલી જાય...પગ

આ જગતમાં દીન દયાળુ, ગરજ કેવી ગણાયજી,

ઊભા રાખી આપને, પછી પદ પખાળી જાય...પગ

નાવડી માંહે બાવડી ઝાલી, આપની ભીલરાયજી,

પાર ઊતરી પૂછીચું, તમે શું લેશો ઉતરાઇ....પગ

નાઈની કદી નાઈ નો લ્યે, આપણે ધંધા-ભાઈજી,

હું ઊતારું ગંગા પાર, પ્રભુ કરો મને ભવ પાર...પગ

❀ ❀ ❀

## નમન નમન તમને સદ્‌ગુરુ

નમન નમન તમને સદ્‌ગુરુ, નમન નમન તમને
જ્યોતિ પ્રગટ ગુરૂદેવ સ્વરૂપે,
રૂપચિત રાખું ચરણે ...નમન

કાલું ઘેલું છે મારું પૂજન,જેવું તેવું અરપણ તનમન,
શક્તિ આપો, ભકિત આપો, ભાવ ભજનમાં રમતો રાખો,
આશિષ એ અમને ...નમન

નીરખી નીરખી નયનો ઠારું, આપ કૃપા મહિમા ગુણ ગાઉં,
શુદ્ધ ભક્તિમાં લીન કરી લો, આનંદ એ અમને ...નમન

દેહતણું અભિમાન મુકાવ્યું, પ્રેમતણું અમીપાન પીવડાવ્યું,
આપની કૃપા આવી મળે છે, ભાવ ઝીલે ભજને ...નમન

❁ ❁ ❁

## નમસ્કાર ગુરુદેવકો

નમસ્કાર ગુરુદેવકો, જય જય સંત મહાન
કિતને કરૂણા ચિત્તસે, દિયા ધરમકા દાન ||૧||
પંથ ભૂલા, દિગ્ભ્રમ હુઆ, રહા હૃદય ખુલાય
ધન્ય ધન્ય ગુરૂદેવજી, સતપથ દિયા બતાય ||૨||
સદ્‌ગુરુકી સંગત મિલી, મિલા સત્યકા સાથ
જીવન સફલ બના દિયા, હલકા હો ગયા ભાર ||૩||
યદિ સદ્‌ગુરુ મિલતે નહીં, ધરમ ગંગ કે તીર
તો બસ ગંગા પૂજતા, કભી ન પીતા નીર ||૪||

કેવલ હોતી ધર્મકી ચર્ચા, તર્ક, બખાન
મનુષ્ય જનમ યું બીતતા, બિન ચાખે નિર્વાણ ॥૫॥
આજ નમન દિવસ હૈ, અંતર ભરી ઉમંગ
શ્રદ્ધા ઔર કૃતજ્ઞતા, વિમલ ભક્તિ કા રંગ ॥૬॥
રોમ રોમ કૃતજ્ઞ હુઆ, ઋણ ન ચૂકાયા જાય
જન જન બાંટુ ધરમ રસ, યહી એક ઉપાય ॥૭॥
જનમ જનમ કે દુ:ખ મિટે, જન જન મંગલ હોય
મિટે સભી કી ગ્રંથીયા, સબકા મંગલ હોય ॥૮॥

❀ ❀ ❀

## નાથનકો નાથ યહાં

નાથનકો નાથ યહાં આય ગયો રે,
આય ગયો આકે નયનોમેં સમાય ગયો રે.

મનન મનન મનન મનન, મૈં તો કરન બૈઠી
મોરે તો મનકો યે ઉઠાય ગયો રે..... .......... આય ગયો

બુદ્ધિયનકી બાત તુમ બુદ્ધિવાન જાન લો
મોરી બુદ્ધિકો યે બુઝાય ગયો રે.... ........... આય ગયો

ચિત્તકી ચિતવની જબ મૈં કરન લગી
મેરે તો ચિત્તમેં યે છાય ગયો રે.... ............ આય ગયો

દાસન કે દાસ અહો નાથજીકી બાવરી
બાવરીકો બાવરો ઉઠાય ગયો રે.... ........... આય ગયો

❀ ❀ ❀

## નામ જપન ક્યોં છોડ દિયા

નામ જપન ક્યોં છોડ દિયા?

ક્રોધ ન છોડા જૂઠ ન છોડા, સત્ય વચન ક્યોં છોડ દિયા ?

જૂઠે જગમેં દિલ લલચાકર, અસલ વતન ક્યોં છોડ દિયા ?

કૌડિકો તો ખૂબ સમ્હાલા, લાલ રતન ક્યોં છોડ દિયા ?

જિહિ સુમિરન તેં અતિ સુખ પાવૈ, સો સુમિરન ક્યોં છોડ દિંયા ?

ખાલસા ઈક ભગવાન ભરોંસે, તન મન ધન ક્યોં ન છોડ દિયા ?

❀ ❀ ❀

## નૈયા ઝુકાવી મેં તો

નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના.

સ્વાર્થનું સંગીત ચારેકોર વાગે,
કોઈ નથી કોઈનું આ દુનિયામાં આજે;
તનનો તંબૂરો જોજે બેસૂરો થાય ના ...ઝાંખો

પાપ અને પુણ્યના ભેદ રે ભૂલાતાં,
રાગ અને દ્વેષ આજે ઘર ઘર ઘૂંટાતા;
જોજે આ જીવતરમાં ઝહર પ્રસરાય ના ...ઝાંખો

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે,
નિશદિન પ્રેમકેરું તેલ એમાં પૂરજે;
મનના મંદિરે જોજે અંધારું થાય ના ...ઝાંખો

❀ ❀ ❀

## પરમાત્મા એ આત્માને શાંતિ

હે નાથ ! જોડી હાથ પાયે, પ્રેમથી સહુ માંગીએ;
શરણું મળે સાચું તમારું, એ હૃદયથી માંગીએ;
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો ....પરમાત્મા

વળી કર્મના યોગે કરી, જે કુળમાં એ અવતરે;
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભક્તિ કરે;
લક્ષ ચોરાસી બંધનોને, લક્ષમાં લઈ કાપજો ....પરમાત્મા

સુખ સંપત્તિ સુવિચાર ને, સત્કર્મનો લઈ વારસો;
જનમોજનમ સત્સંગથી, કિરતાર પાર ઉતારજો;
આ લોક ને પરલોકમાં તવ, પ્રેમ રગ રગ વ્યાપજો ....પરમાત્મા

વળી મોક્ષ ને સુખ સ્વર્ગનાં, આશા ઉરે એવી નહીં;
દેજો દેહ દુર્લભ માનવીનો, યોગ સાધવા પ્રેમથી;
સાચું બતાવી રૂપ શ્રી ગુરુરાજ હૃદયે સ્થાપજો ...પરમાત્મા

❁ ❁ ❁

## પાયા હૈ પ્રભુકા પરમ સાથ

પાયા હૈ પ્રભુકા પરમ સાથ,
મિલા હૈ ધુરંધર ગુરુકા હાથ,

ધર્મને દિયા હૈ આજ્ઞાકા અપૂર્વ માર્ગ,
ક્યું કરતા હૈ સંસારસે ઈતના રાગ ? ....પાયા હૈ

પાયા હૈ શુકલ પરિણામ કા અપૂર્વ ધ્યાન,
મિલા હૈ શમ-સમાધિકા અલૌકિક પાન,
પ્રભુ દે રહે હૈ પરમેષ્ટિજીકા કલ્યાણ,
ક્યું ભજતા હૈ સંસારકા રૂપી નિર્માણ? ....પાયા હૈ

નહીં આયે હૈ કોઈ મોક્ષ સે સંસાર કી ઓર,
મોક્ષમેં હી હૈ પરમ શાંતિ ઓર આજ્ઞાકા જોર,
આજ્ઞામેં હી હૈ અનુપમ વીતરાગતાકા સ્વરૂપ રસ,
બના લે આજ્ઞા કો હી તેરા ધ્રુવ લક્ષ ....પાયા હૈ

તજ લે ઈસ સંસાર કા સર્વ લૌકિક ભાવ,
અસાર સંસારમેં ડૂબેગી હરેક અસતકી નાવ,
વીતરાગ ધર્મ સે હી મિલેગા પ્રાપ્તિકા સંતોષ,
પ્રભુ કો પુકાર લે, ઈસ પુરુષાર્થકા નિરંતર હોંશ....પાયા હૈ

## પીયો પીયાલા અગ્નિલાલા

પીયો પીયાલા, અગ્નિલાલા, મગનીલાલા, મતવાલા,
અબ ચડી ખુમારી પીયુસે યારી, બ્રહ્મ સુરતમેં લગ રહી તાળી;
ખુલ ગઈ તમરી ભયા અજવાડા, જબ હરી સ્મરણકી લગી ઝડી,
હરખ હરિરસ પ્રેમ પીઆલા, પીયોજી દાતા ઘડી ઘડી ॥

સદ્ગુરૂ શબ્દ સાચકા સમરણ, અવલ કવલ દોય નિજવાણી,
ખફન ખરાધી તુખમ તુરક જ્યું, અલા અલખ મોએ રબજાની;
મનવા ભાઈ સમજો માંહી, પાંચ તીન સંગ રહ્યો લપટાઈ,
જામર જોર વડુંદા ભાઈ, ઉલટી કમતી ક્યું તાણી,
સફમસફા દીદારકા નફા,ગુરૂ પીઓ પ્રેમરસ તન છાંડી,
શબ્દા સેંતી જાય અડુંગી, અબની લોલા ખડાખડી,
હરખ હરિરસ પ્રેમ પીયાલા, પીઓ પરંગુરૂ ઘડી ઘડી ॥

મેં મેરે સતકે પીચું બંધનપર, તરવેણી હાજર આણી,
અટલ જાહીરા શરદા સાધુ, પલ પલમેં પાચા લાગુ;
ખડા સીપાઈ, હુકમ બજાઈ, પાંચ પચીસા લેઉં લડાઈ,
સદ્દગુરૂ શબ્દે દેઉ હટાઈ, જબ પીઠ ન દેઈ ન પાછા ભાગું;
સદ્દગુરૂ શબ્દે કરૂં ખવાસી, જબ આઠપેર પેરે જાગુ,
શબ્દા સેંતી જાય અડુંગી, અબની લોલા ખડાખડી,
હરખ હરિરસ પ્રેમ પીચાલા, પીઓ પરંગુરૂ ઘડી ઘડી ।।

તીન મહા બળીઆ પાંચ પખડીચા, આઠજીત કોઈ જાગેજી,
પાંચ પાંચ પાંચા સંગ ચેરા, પછમ વેલ કર ત્યાગેજી,
પુરણ સામી ફોજ ચડાઈ, ગોડે ધુમામે નોબત વાઈ,
શબ્દ સરીખી ઉડે હવાઈ, નામ નીરપર હુઈ ચડાઈ,
જબ કરમ કીચ સબ ભાગેજી.
સદ્દગુરૂ ખેપ ચડે ભોમીચાપર, નામ નિરંતર જાગેજી,
શબ્દા સેંતી જાય અડુંગી, અબની લોલા ખડાખડી,
હરખ હરિરસ પ્રેમ પીચાલા, પીઓજી દાતા ઘડી ઘડી ।।

સમજ મોલ ઉંચા અતિભારી, જારી ચડવારી શેરી ન્યારી,
અગમ દેશ લેના ચિત્ત ચોકસ, કરમ કુંજરપર અસ્વારી,
જ્ઞાન ધ્યાન શબ્દા શીર ધારા, શુરવીર જોધા બડકારા,
હદ બેહદ નિશાન ઉડાયા, અગમપુરીકા લીચા અખાડા,
જબ ઈશ્વરદાસ ગુરૂ અધિકારી બગસો બોલે,
વાણી તોલે સંતારી મતિ અતિભારી,
શબ્દા સેંતી જાય અડુંગી, અબની લોલા ખડાખડી,
હરખ હરિરસ પ્રેમ પીચાલા, પીઓજી દાતા ઘડી ઘડી ।।

❁ ❁ ❁

## પૂર્ણ છો પ્રભુ પૂર્ણ છો

પૂર્ણ છો પ્રભુ પૂર્ણ છો, અતીતકાળે વર્તમાને અનાગતે પ્રભુ પૂર્ણ છો
પૂર્ણ છું પ્રભુ પૂર્ણ છું, અતીતકાળે વર્તમાને અનાગતે હું પૂર્ણ છું.

જે નિગોદે સિદ્ધમાં તે દ્રવ્ય કાંઈ કરતું નથી,
કાર્ય થાતું બાહ્યમાં એ દ્રવ્ય કાંઈ કરતું નથી,
શુદ્ધ છો પ્રભુ શુદ્ધ છો,
અતીતકાળે વર્તમાને, અનાગતે હું શુદ્ધ છું .....પૂર્ણ

પરિણતિ એ એક સમયે ધ્રુવને ટીકી ટીકી જુએ,
પરિણતિના ધ્યાનમાં એ માત્ર ધ્રુવ જ ઊભરે,
સ્થિર છો પ્રભુ સ્થિર છો,
અતીતકાળે વર્તમાને અનાગતે હું સ્થિર છું ...પૂર્ણ

મારે મને મારાથી જોવો કાર્ય કાંઈ મોટું નથી,
છોડ્યા વિણ કશું બાહ્યમાં આ ભાવમાં ખોટું નથી,
નિત્ય છો પ્રભુ નિત્ય છો,
અતીતકાળે વર્તમાને અનાગતે હું નિત્ય છું ...પૂર્ણ

અપૂર્ણ માન્યો એ અનાદિ ભૂલ એક જ થઈ હતી,
અપૂર્ણતાની માન્યતામાં પરિણતિ રોકાઈ હતી,
ધ્રુવ છો પ્રભુ ધ્રુવ છો,
અતીતકાળે વર્તમાને અનાગતે હું ધ્રુવ છું ...પૂર્ણ

❀ ❀ ❀

## પ્રભો અંતરયામી

પ્રભો અંતરયામી, જીવન જીવના દીન શરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા.
પ્રભા કીર્તિ કાંતિ, ધન વૈભવ સર્વસ્વ જનના,
નમું છું વંદુ છું, વિમલ સુખ સ્વામી જગતના.

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો હું છું તો તુજ દરશના દાન દઈ જા.

સ્વભાવે, બુદ્ધિથી શુભ અશુભ જે કાંઈ, કરું,
ક્ષમા દ્રષ્ટે જો જો તુજ ચરણમાં નાથજી ધરું.
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટી વારે, પ્રભુ તને નમસ્કાર જ હજો.

❁ ❁ ❁

## પ્રભુ તારું ગીત મારે

પ્રભુ તારું ગીત મારે ગાવું છે,
પ્રેમનું અમૃત પાવું છે ...પ્રભુ

થાય જીવનમાં તડકા ને છાયા, માગું તારી એક જ માયા,
ભક્તિના રસમાં ન્હાવું છે ...પ્રભુ

ભવસાગરમાં નાવ ઝુકાવી, ત્યાં તો ભયાનક આંધી ચડી આવી,
સામે કિનારે મારે જાવું છે ...પ્રભુ

તું વીતરાગી હું અનુરાગી, તારા જીવનની રઢ મને લાગી,
પ્રભુ તારા જેવું મારે થાવું છે ...પ્રભુ

❁ ❁ ❁

## પ્રભુજી દયા કરો

પ્રભુજી દયા કરો,
મનમેં આન બસો ....પ્રભુજી

તુમ બિના લાગે સૂના,
ખાલી ઘટમેં પ્રેમ ભરો ....પ્રભુજી

તંત્ર, મંત્ર, પૂજા નહી જાનુ
મૈં તો કેવલ તુમકો હી માનુ ...પ્રભુજી

સારે જગમેં ઢુંઢા તુમકો
અબ તો આકર બાંહ્ય ધરો ....પ્રભુજી

❀ ❀ ❀

## પ્રભુજી હું આવ્યો છું

પ્રભુજી હું આવ્યો છું, તારે શરણે પામવા સુખ
નથી મળ્યું આવું સુખ, હવે મળશે શાશ્વત સુખ
ધર્મનો છે એ જ મૂળ, આજ્ઞાને પામવા એ છે પુલ.

ગુરુજી હું આવ્યો છું, આપો ને આજ્ઞાનો પુલ
આજ્ઞાને પામવા માગુ છું, અપૂર્વ ભક્તિ ચરણની ધૂળ
ચરણની ધૂળ પામવા હું, માગું છું વિનયનો ગુણ
વિનયને આરાધવા માગુ છું, સરળતાનો તારો ગુણ.

આજ્ઞાનો દિપક બળશે નિત, જો હું પામુ પ્રભુજીની પ્રીત
પ્રભુજીની પ્રીત પામવા હું, ગુરુજી આવ્યો ચરણે હું
ગુરુજીથી પ્રભુજી મળશે, પ્રભુજીથી પરમેષ્ટિ મળશે
પરમેષ્ટિના ચરણમાં પરમેષ્ટિ રૂપ, મળશે ઉત્તમ સિદ્ધ સ્વરૂપ.

❀ ❀ ❀

## પ્રેમ સુધારસ પાઈ

પ્રેમ સુધારસ પાઈ, સદ્ગુરુ પ્રેમ સુધારસ પાઇ
લાલી અખિચન લાઈ ...સદ્ગુરુ

આપ છકી દોય છકી મોરી નયના, તન મન તપત બુઝાઈ,
વ્યાપી રોમેરોમ ખુમારી, અધર રહે મુસકાઈ ..સદ્ગુરુ

વીણા ઘંટ સિતાર બાંસુરી, નૌબત ઢફ તબલાઈ,
ધોં ધોં ધપ ધપ ધનન ધનન ધન, શંખ મૃદંગ શહનાઈ,
અનહદ નાદ બહુત બજાઈ ...સદ્‌ગુરુ

કોટિ ચંદા સૂર્ય પ્રકાશે, બીજ ચમક ચમકાઈ,
ખિલી અમલ-કમલ પાંખુરિયા, દિવ્ય સુગંધ ફૈલાઈ,
સુંઘત ભૌંરી અઘાઈ ...સદ્‌ગુરુ

ચિન્મય સહજાનંદ મૂરતિ, આપ વિરાજત આયી,
સહસ્ત્ર દલી સૈયા પે પીયુજી, અર્ધાંગે અપનાઈ,
શ્રદ્ધા સુમતિ ઔર બઢાઈ ...સદ્‌ગુરુ

❁ ❁ ❁

## પ્રેમળ જ્યોતિ તારો

પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ,
મારો જીવન પંથ ઉજાળ ....પ્રેમળ

દૂર પડ્યો નિજ ધામથી હું ને, ઘેરે ઘન અંધાર;
માર્ગ સૂઝે નહીં ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવન પંથ ઉજાળ ....પ્રેમળ

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય ....પ્રેમળ

આજ લગી રહ્યો ગર્વમાં હું ને, માગી મદદ ન લગાર;
આપબળે માર્ગ જોઈને ચાલવા, હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર ....પ્રેમળ

ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણથી, સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ ....પ્રેમળ

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ, આજ લગી પ્રેમ ભેર;
નિશ્ચે મને તે સ્થિર પગલેથી, ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર ....પ્રેમળ

કર્દમભૂમિ કળણ ભરેલી, ને ગિરિવર કેરી કરાડ;
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડજે નિજદ્વાર ....પ્રેમળ

રજની જશે ને પ્રભાત પ્રગટશે, ને સ્મિત કરશે પ્રેમાળ;
દિવ્યગણોનાં હૃદય મનોહર, હૃદયે વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયા હતાં ક્ષણવાર ....પ્રેમળ

❁ ❁ ❁

## પ્યાલો મેં તો પીધો રે

પ્યાલો મેં તો પીધો રે લીધો મેં લગન કરી
પરિબ્રહ્મ ભાખ્યા રે અદ્વૈત સભર ભરી

સદ્ગુરૂ મુખે શ્રવણ રસ રેડ્યો, ચોંટ્યો હૈયાની માંય
સાંધે સાંધે એ રસ સંચરીયો, ઉન્મુન રહ્યો ઠેરાય
સુરતી સેજે શૂન્ય થઈ રે, ઉતરે નાહી ફરી ....પ્યાલો

કથની બકની છુટી કરીઆ, કેના ગાયે ગીત
બોલણહારો માંહો ખોવાણો આપે થયો અદ્વૈત
પારો ગળી પાણી રે હતું તેમ રહ્યું ઠરી ....પ્યાલો

કામ ક્રોધ મદ નહી માયા, આવરણ પામ્યા અસ્ત
નવ પંદર અભ્યાસ અંતરથી, મટી ગઈ પીડા સમસ્ત
નજરે નાવે રે, દુજો કોઈ વિના હરિ ....પ્યાલો

ગુંગે સાકર ગળી ગળામાં, સમજ સમજ મુસકાય
રવીરામ રસ કહે કોનસે, વસ્તુ વણ જીવાય
ઘટોઘટ બોલે રે, સ્વાંગ તો અનેક ધરી ....પ્યાલો

❁ ❁ ❁

## બડે ભાગ મનુષ તન

બડે ભાગ મનુષ તન પાયા,
સુર સુંદર સબ ગ્રંથ હી ગાયા.
બડે ભાગ પાવહી સતસંગા,
અલ્પ પ્રયાસ તરી ભવગંગા...

❁ ❁ ❁

## બાબા મનકી આંખે ખોલ

બાબા મનકી આંખે ખોલ, બાબા મનકી આંખે ખોલ ;
મનકી આંખે ખોલ, બાબા મનકી આંખે ખોલ.

દુનિયા ક્યા હય એક તમાશા, ચાર દિનોંકી જુઠી આશા;
પલમેં તોલા પલમેં માશા, જ્ઞાન તરાજુ લેકે હાથમેં;
તોલ સકે તો તોલ, બાબા મનકી આંખે ખોલ.

મતલબ કી સબ દુનિયાદારી, મતલબ કે સબ હૈ સંસારી;
જગમેં તેરા કો હિતકરી, તનમનકા સબ જોર લગાકર;
નામ હરિકા બોલ, બાબા મનકી આંખે ખોલ.

❁ ❁ ❁

## બિરાજૈ રામાયણ ઘટમાંહિ

મર્મી હોય સો મરમ હી જાને, મૂરખ સમજે નાહીં,
બિરાજૈ રામાયણ ઘટમાંહિ.

આતમરામ જ્ઞાન ગુણ લક્ષ્મણ, સીતા સુમતિ સમેત,
શુભ ઉપયોગ વાનર દલ મંડિત, વર વિવેક રનખેત ...બિરાજૈ

ધ્યાન ધનુષ ટંકાર શોર સુની, ગઈ વિષયદિતિ ભાગ,
ભયી ભસ્મ મિથ્યામત લંકા, ઊઠી ધારણા આગ ...બિરાજૈ

જરે અજ્ઞાન ભાવ રાક્ષસ કુલ, લરે નિકાંક્ષિત સુર,
જુઝે રાગ-દ્વેષ સેનાપતિ, સંશય ગઢ ચકચૂર ...બિરાજૈ

વિલખિત કુંભકર્ણ ભવ વિભ્રમ, પુલકિત મન દરયાવ
થકીત ઉદાર વીર મહી રાવણ, સેતુ બન્ધ સમભાવ ...બિરાજૈ

મૂર્છિત મંદોદરી દુરાશા, સજગ ચરણ હનુમાન
ઘટી ચતુરગતિ પરિણતી સેના, છૂટે ક્ષપકગુણ બાન ...બિરાજૈ

નીરખી શક્તિ ગુન ચક્ર સુદર્શન, ઉદય વિભીષણ દીન,
ફિરૈ કબન્ધ મહીરાવણ કી, પ્રાણભાવ શિરહીન ...બિરાજૈ

ઈહ વિધિ સકલ સાધુ ઘટ અંતર, હોય સહજ સંગ્રામ,
યહ વ્યવહાર દૃષ્ટિ રામાયણ, કેવલ નિશ્ચય રામ ...બિરાજૈ

❀ ❀ ❀

## ભક્તિમાં હું લીન થઈને

શક્તિ નથી પણ ભક્તિ કરવા, આવ્યો છું ભગવાન,
સ્નેહે ભરેલું સંગીત ગાઉં, છેડું મીઠી તાન,
તારા ગુણોમાં મસ્ત બનું......

રગ રગમાં છે રાગ દ્વેષ ને, ગાઉં છું વૈરાગ,
આશા છે કે એક દિવસ, આ દૂર થાશે અનુરાગ,
શ્રદ્ધા છે કે અંતરમાંથી, ઉતરશે અભિમાન......

તારે ખોળે આવી બેઠા, કંઈ જ્ઞાની અજ્ઞાની,
દુઃખિયાને તે સુખિયા કીધા, અંતર કરૂણા આણી,
કૃપા કરીને આપજે મને, તારું સમ્યક્જ્ઞાન.......

મારું મલિન મન તારી ભક્તિથી, જરૂર ઉજ્જવળ થાશે,
એક દિન તારા પ્રેમ ભરેલા, પાવન પગલા પાશે,
ભક્તિમાં હું લીન થઈને, ઈચ્છું તારું ધામ...

❁ ❁ ❁

## ભજ મન રામ રામ રામ

ભજ મન રામ રામ રામ, ભજ મન રામ રામ રામ.

મારું મારું કરતા તારું, જીવિત નક્કી વ્યર્થ જનારું,
અંતે તારું સર્વ જનારુ, દામ દામ દામ ...ભજમન

સગા સહોદર સહુ છે ખોટા, એ માયાના ગોટમગોટા,
સમજ સમજ ભજ પ્રીતે સુંદર, શ્યામ શ્યામ શ્યામ ...ભજમન

રજ્જુમાં જેમ સર્પ ભાસે, એ માયાનો ખેલ વિકાસે,
માટે ભજ તું હરિને સુખના, ધામ ધામ ધામ ...ભજમન

છોડ અહંતા જૂઠી મમતા, સચરાચરમાં ધરને સમતા,
પ્રભુ ચરણમાં રાખો તુલસી, શ્યામ શ્યામ શ્યામ ...ભજમન

❁ ❁ ❁

## ભર મન બ્રહ્મપ્રેમનો પ્યાલો

ભર મન બ્રહ્મપ્રેમનો પ્યાલો રે મને હરિરસ ભાયો રે

અંગૂરને આંબાનાં રસને, મનથી મૂકી દીધાં,
સત વાચકનો લીલો લીમડો, ઘૂંટી ઘૂંટી પીધો,
મારગ સૂરગંગાનો લીધો રે ...મને હરિરસ

સંતોને સજીવન કીધું, ગયો માર્ગ ભાઠારો,
આખરની વૃંદાવન કુંજે, ગુંજે મુરલીવાળો,
ઊડે ચેતન રંગ ગુલાલ રે ...મને હરિરસ

❁ ❁ ❁

## ભલે દુશ્મન બને દુનિયા

ભલે દુશ્મન બને દુનિયા, તમે ના કોપશો બાપુ;
અમીમય આંખ-ક્યારીમાં, અમલ ના રોપશો બાપુ. ૧

તમારી જ્યાં દયા દૃષ્ટિ, સદા ત્યાં છે અમીવૃષ્ટિ;
બને સ્નેહી સકલ સૃષ્ટિ, સદા હૃદયે વસો બાપુ. ૨

અમારા દોષ ના જોશો, દયાળુ દુર્ગુણો ધોશો;
અમે તો આપના છોરૂ, સુબુદ્ધિ આપશો બાપુ. ૩

ખપી જવું પ્રેમમાં તારા, સમર્પણ એ અમે કહીએ;
દફન થવું શેરીમાં તારી, અમારું સ્વર્ગ એ કહીએ. ૪

દરશ તારું, શ્રવણ તારું, અને તુંમાં જ ગુમ થાવું;
પરમ પ્રજ્ઞાન ને મુક્તિ, ધરમ એને અમે કહીએ. ૫

સફર તારી ગલીમાં તે, શહનશાહી અમે કહીએ;
રહેલું ચિંત્ત્વને તારા, પરાભક્તિ અમે કહીએ. ૬

તુંમાં છે જે તું છે જેમાં, પછી શું શોધવું તેને?
ખબર નહીં તે જ ગફલત છે, અગર અજ્ઞાન તે કહીએ. ૭

ચરણ ચુમતાં કપાવ્યું શિર, સનમના પ્રેમને ખાતર;
સમર્પણ એ અમે કહીએ, પરાભક્તિ જ એ કહીએ. ૮

દિવાનું ઘેલુ તુજ પ્રેમી, ત્વદર્પિત પ્રાણ તન મન ધન;
ગુલામી કાયમી તારી, સનમનો રાહ એ કહીએ. ૯

❀ ❀ ❀

## ભેદ વિજ્ઞાન

ભેદ વિજ્ઞાન જગ્યો જિન્હ કે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન,
કેલી કરે શિવ મારગમેં, જગમાંહિ જિનેસરકે લઘુનંદન.

સત્ય સ્વરૂપ સદા જિન્હ કે, પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકંદન,
શાંત દશા તિન્હ કી પહિચાની, કરૈ કર જોરી બનારસી વંદન.

❀ ❀ ❀

## ભોગે રોગ ભયમ્

ભોગે રોગ ભયમ્ કુલે ચ્યુતિભયમ્,
વિત્તે નૃપાલાદ્ ભયમ્,
માને દૈન્યભયમ્ બલે રિપુભયમ્,
રૂપે તરૂણ્યા ભયમ્.

શાસ્ત્રે વાદ ભયમ્ ગુણે ખલ ભયમ્,
કાયે કૃતાંતાદ્ ભયમ્,
સર્વ વસ્તુ ભયાન્વિત ભુવિ નૃણામ્,
વૈરાગ્યમેવ અભયમ્.

❁ ❁ ❁

## મને કોઈ કહેતું

મને કોઈ કહેતું કે જગત ખોટું, તે તો મેં હવે જાણ્યું ;
મને કોઈ કહેતું કે જગત સાચું, તે (પણ મેં) હવે જાણ્યું.

કદી ખોટું તો મારે શું? કદી સાચું તો મારે શું?
નથી થાતું નથી જાતું, હું માંહે હું સમાયો છું.

❁ ❁ ❁

## મમતા તુ ન ગઈ

હે....મમતા, ઓ... મમતા

તુ ન ગઇ મેરે મનસે રે મમતા

પાકે કેશ જનમ કે સાથી, લાજ ગઈ લોકન સે;
શ્રવણ વચન ના સુનત કાહુ કે,
જ્યોતિ ગઈ નૈનનસે પર મમતા .....તુ ન ગઈ

તન થાકે કર કાંપન લાગે, બલ ગયે સબ ઈન્દ્રિયન કે;
તૂટે દશન વચન નહીં આવત,
શોભા ગઈ મુખનસે પર મમતા.....તુ ન ગઈ

કફ પિત્ત વાત કંઠ પર બૈઠે, સૂત હી બુલાવત કરતે;
ભાઈ બંધુ સબ પરમ પિયારી,
નારી નિકાલત ઘરસે પર મમતા .....તુ ન ગઈ

જૈસે શશીમંડલ બીચ શ્યાહી, છૂટે ન કોટિ જતનસે;
તુલસીદાસ બલિ જાઉં ચરણ તે,
લોભ પરાયે ધનસે પર મમતા.....તુ ન ગઈ

❁ ❁ ❁

## મરવું તો હક છે બાબા

મરવું તો હક છે બાબા, મરવું તો હક છે,
રામભજન વણ જીવવું બાબા, ધિક ધિક એ ધિક છે.

મરવું ધર્મ શરીરી સહુનું, એમાં તે શું ડરવું,
પટકુળ બદલી પિયુને મળવું, ગગન ઉપર ઘર કરવું ...બાબા મરવું

પીર, પૈગંબર અવતારીને, પડે શરીર બદલવું,
એવું મરવું સંતોનું ભાઈ, મહાજળે જળ મળવું ...બાબા મરવું

જીવતાને ભાઈ મરવાનો ભય, પળ પળ રામ સુમરવું,
સાગર મુઓ ગુરુને હાથે, ફરી ફરી નથી મરવું ...બાબા મરવું

❁ ❁ ❁

## મહા સમર્થ ત્રિકાળજ્ઞથી

મહા સમર્થ ત્રિકાળજ્ઞથી અમને મળી મહામાર્ગની લહાણી રે
મહાસંવર ને મહાઆશ્રવનો હું બન્યો આજ્ઞાંકિત યાચક રે
અહો શ્રી પંચામૃત પરમેષ્ઠિના ચરણોમાં હવે હું નિત્ય રે
જુઓ! ગુણોના અંશો બને છે, ગુણોનો ગંભીર સાગર રે.

એ સદ્‌ગુરૂના ચરણે રહેવાનો મને રહ્યો નિત્ય ઉમંગ રે
તેથી નિત નિત વધતો જાય છે આત્માનો ભક્તિભાવ રે

એ ભક્તિથી હું પામું પ્રભુ પ્રતિ પૂર્ણ વિનયનો અનુભવ રે
હે પ્રભુ તારા આ ઉપકારને અનુભવો સર્વે જીવો રે

એ ઉપકારથી જ્ઞાનનો સૂર્ય દિસે પ્રભુ તારી આંખોમાં રે
વળી સર્વ દેહાણુથી વિસ્તરે ૐકારનો અમૂલ્ય ધ્વનિ રે
એ ૐ ધ્વનિને અનુભવીને હું બન્યો છું નિત્યે ૐ સ્વરૂપ રે

ૐકારનો ૐકારનો ૐકારનો અનુભવ રે
ૐકારનો ૐકારનો ૐકારનો નિત્ય સ્વરૂપ રે.

❁ ❁ ❁

## મળ્યો મનુષ્ય જનમ અવતાર

મળ્યો મનુષ્ય જનમ અવતાર માંડ કરીને,
તોયે ભજ્યા નહીં ભગવાન હેત ધરીને,
પછી ખાશો કર્મના માર પેટ ભરીને,
માટે પ્રભુ નામ સંભાર હો...જી... ૧

ગઈ પળ પાછી ફેર ન આવે, મૂરખ મૂઢ ગમાર,
ભવસાગરની ભૂલવણીમાં, વીતી ગયા જુગ ચાર ફેરા ફેરીને,
પછી ખાશો કર્મના માર પેટ ભરીને,
માટે પ્રભુ નામ સંભાર હો...જી... ૨

જઠરાગ્નિમાં જુગતે રાખ્યો, નવ માસ નિરધાર,
સ્તુતિ કરી અલબેલાની તબ, બહાર ધર્યો અવતાર માયામાં મોહીને,
પછી ખાશો જમનો માર પેટ ભરીને,
માટે રામનામ સંભાર હો...જી... ૩

કળિયુગ કૂડો રંગે રૂડો, કહેતા ન આવે પાર,
જપ તપ તીરથ કછુ ન કરિયા, એક નામ આધાર સદ્ગુરુ કહીને,
માટે પ્રભુ નામ સંભાર હો...જી.. ૪

ગુરુગમ પાયો મનમેં સાચો, શક્તિ કરી જદુરાય,
સુશિષ્યકો જ્ઞાન બતાયો, સદ્‌ગુરુ મહારાજ કૃપા કરીને,
માટે પ્રભુ નામ સંભાર હો...જી... ૫

❀ ❀ ❀

## માનવનો જન્મ મળ્યો

માનવનો જન્મ મળ્યો, મહાવીરનો ધર્મ મળ્યો,
સંતોનો સંગ મળ્યો, ભક્તિનો રંગ મળ્યો,
આવો સંયોગ નહીં આવે ફરીવાર ...આવો

માનવનો જન્મ છે મુક્તિનું બારણું,
મહાવીરનો ધર્મ છે મુક્તિનું પારણું,
સુંદર આ દેહ મળ્યો, ગુરુવરનો સ્નેહ મળ્યો ...આવો

માનવના દેહને દેવતાઓ ઝંખતા,
સ્વર્ગના વિલાસો એને ઘણીવાર ડંખતા,
પ્રેમનો પ્રકાશ મળ્યો, ઉરનો ઉજાસ મળ્યો ...આવો

જન્મને ઉજાળવો માનવીના હાથમાં,
ધર્મનો પ્રકાશ છે માનવીના સાથમાં,
રૂડો અવતાર મળ્યો, જિનવર આધાર મળ્યો,
ગુરુવરનો સાથ મળ્યો, છૂટવાનો ભાવ રહ્યો ...આવો

❀ ❀ ❀

## માથે કોપી રહ્યો છે કાળ

માથે કોપી રહ્યો છે કાળ રે, ઊંઘ તને કેમ આવે ?
પાણી પહેલાં બાંધી લેને પાળ રે, ઊંઘ તને કેમ આવે ?

નથી એકે ઘડીનો નિર્ધાર રે, ઊંઘ તને કેમ આવે ?
આ તો સુપના જેવો સંસાર રે, ઊંઘ તને કેમ આવે ?

અલ્યા એળે ખોયો અવતાર રે, ઊંઘ તને કેમ આવે ?
તારે માથે છે જમનો માર રે, ઊંઘ તને કેમ આવે ?

તારા મનનું ધાર્યું થાશે ધૂળ રે, ઊંઘ તને કેમ આવે ?
ચાર તોલામાં મણની છે ભૂલ રે, ઊંઘ તને કેમ આવે ?

કરી આવ્યો છે ગર્ભમાં કોલ રે, ઊંઘ તને કેમ આવે ?
થોલ આવેલું થાય છે કથોલ રે, ઊંઘ તને કેમ આવે ?

જોતાં જોતાં આયુષ તૂટી જાય રે, ઊંઘ તને કેમ આવે ?
તારા ડહાપણમાં લાગી લાય રે, ઊંઘ તને કેમ આવે ?

કાંઠે આવેલું ડૂબશે જહાજ રે, ઊંઘ તને કેમ આવે ?
તારે કાજે કહે છે ઋષિરાજ રે, ઊંઘ તને કેમ આવે ?

## મારી એક તમન્ના

મારી એક તમન્ના બાકી છે, મારી એક તમન્ના બાકી છે

રાજ પ્રભુ તારા દર્શન કરવા, રાજ પ્રભુ તારા ચરણોને સ્પર્શવા,

રાજ પ્રભુ તારા ચરણોમાં રહેવા, રાજ પ્રભુ તારી આજ્ઞાને માણવા,

લગની અમોને લાગી છે ..... મારી

જોવાનું બધું જોઈ મેં લીધું, ખોવાનું બધું ખોઈ મેં દીધું,

કોઈ નથી મારું આ દુનિયામાં, સ્વાર્થની સઘળી બાજી છે ...મારી

માયાના મેં બહુ રંગ જોયા, ધુતારા પાખંડીને જોયા,

દીન દુઃખિયાને દુઃખ દેવામાં, લોકો સઘળા રાજી છે ...મારી

રાત દિવસ મારું હૈયું રડતું, ઠરવાનું ના મારગ જડતું,
મુંગો વિયોગ નથી સહેવાતો, પ્રીત પૂરવની જાગી છે ...મારી

❁ ❁ ❁

## મારી નાડ તમારે હાથ

મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે,
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે ....મારી

પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે ...... મારી

અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઈ ઉપાય વિષે નહીં કાચા,
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે .......મારી

વિશ્વેશ્વર શું હજી વિસારો ? બાજી હાથ છતાં કાં હારો?
મહામૂંઝારો મારો, નટવર ટાળજો રે ......મારી

કેશવ હરિ મારું શું થાશે? ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે ......મારી

❁ ❁ ❁

## મારું જીવન અંજલિ થાજો

જીવન અંજલિ થાજો, મારું જીવન અંજલિ થાજો.
ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો;
દીન દુખિયાનાં આંસુ લ્હોતાં, અંતર કદી ન ધરાજો ...મારું

સતની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો;
ઝેર જગતનાં જીરવી જીરવી, અમૃત ઉરનાં પાજો ....મારું

વણથાક્યાં ચરણો મારાં નિત, તારી સમીપ ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પંદને, તારું નામ રટાજો ....મારું

વમળોની વચ્ચે નૈયા મુજ, હાલકડોલક થાયે;
શ્રદ્ધા કેરો દીપક મારો, નવ કદીયે ઓલવાજો ...મારું

❁ ❁ ❁

## મારે કામ ક્રોધ

મારે કામ ક્રોધ સબ, લોભ મોહ પીસિ ડારે,
ઈન્દ્રિહુ કતલ કરી, કિયો રજપૂતો હે;

માર્યો મહા મત્ત મન, મારે અહંકાર મીર,
મારે મદમચ્છર હુ, એસો રન રૂતો હે;

મારી આશા તૃષ્ણા પુનિ, પાપિની સાપિની દોઉ,
સબકો સંહાર કરિ, નિજ પદ પહૂતો હે ;

સુંદર કહત એસો, સાધુ કોઉ શૂરવીરો,
વૈરિ સબ મારિકે, નિચિંત હોઈ સૂતો હે.

❁ ❁ ❁

## મારે માથે સિમંધર સ્વામી

મારે માથે સિમંધર સ્વામી, અખંડ મારી રક્ષા કરે.
કદી રક્ષકના ઉગ્ર રૂપવાળા, આવી કસોટી કપરી કરે.

એની કરૂણાનો ધોધ નિત્ય વહેતો, પ્રસન્ન મને રાખ્યા કરે,
મને ચિંતા કરવા ન જરી દેતા, કલ્યાણ મારું બોધ્યા કરે.

રખે ઉતરું હું માર્ગે આડે, તો સત્ય પંથ ચીંધ્યા કરે,
નાથ શ્રદ્ધાના પારખા લેતા ને, તો ય શક્તિ દીધા કરે.

કદી પડવા ન દે મને ખોટ, સદાય સાથ આપ્યા કરે,
ધૂળમાંથી કનક કરી દેતા, અજબ તારી લીલા ખરે.

❁ ❁ ❁

## મારો મારો નિદ્રા

મારો મારો નિદ્રા, જગાવો જોગી ભમરા,
પીયો પીયાલા અમીરસ, નાંહી ડર હૈ જમરા ....મારો

નિદ્રા કહે મેં અલિયા હો છલિયા,
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, છલિયા ....મારો

નિદ્રા કહે મેં આલી હો ભોલી,
બડેબડે સંત ઝુલાયા મૈંને ઝોલી .....મારો

નિદ્રા કહે મેં જમકી દાસી,
એક હાથ ખડગ દુજે હાથ ફાંસી ....મારો

નિદ્રા કહે મેં બાલ ભભૂતિ,
જાગે હૈ ગોરખ નિદ્રા સૂતી ....મારો

❀ ❀ ❀

## મેરા સાહેબ હૈ નિરાલા

મેરા સાહેબ હૈ નિરાલા, મેરા સાહેબ હૈ નિરાલા
મેરા દિલબર સબસે નિરાલા, મેરાસાહેબ હૈ નિરાલા

તરજઝોં તરન્નુમ સબસે આલા ...મેરા સાહેબ

હૈ અનગિન વો ખુબીયોંવાલા
જાયે અંધેરા, આયે ઉજાલા ...મેરા સાહેબ

કૈસે સુનાયે, કૈસે બતાયે,
લબ્ઝેં ઈબાદત, કહાં સે લાયે,
કલમ પે જૈસે, જુબા પે જૈસે,
લગ ગયા તાલા ...મેરા સાહેબ

સારે જહાંમેં સબસે જુદા વો,
સબસે જુદા વો, જૈસે ખુદા વો,
સમઝો કોઈ તો, સબ કહે ડાલા ...મેરા સાહેબ

સોચા, સમઝા સબ ઢુંઢ ડાલા,
તેરે જૈસા કિસે ન ભાલા,
અબ સમઝમેં મુઝકો આયા ...મેરા સાહેબ

❀ ❀ ❀

## મેરે દિલમેં દિલ કા પ્યારા

મેરે દિલમેં દિલકા પ્યારા, હૈ મગર મિલતા નહીં.
ચશ્મ મેં ઉસકા નઝારા, હૈ મગર મિલતા નહીં.

ઢુંઢતા ફિરતા હૂં ઉસકો, દરબદર ઓર ખૂબ કો,
હર જગા વો આશતારા, હૈ મગર મિલતા નહીં.

મેરે દિલમેં વો હી ખેલે, ઔર ખિલાવે મુઝકો વો,
ઘરમેં દુલ્હનકા દુલહારા, હૈ મગર મિલતા નહીં.

❀ ❀ ❀

## મૈં કરસૂ ધર્મ વિચાર

મૈં કરસૂ ધર્મ વિચાર વો દિન કદ હોસી
મારો સફલ હુએ અવતાર, વો દિન ધન્ય હોસી

સમ્યક્જ્ઞાન ક્રિયા કા સાધન, સાધુ ભલિયે પ્રકાર...
દેવ ગુરૂકા ભક્ત કહાઉં, પચ્ચકખુ પાપ અઢાર...
મોહ મત્સરતા મન સે મોડૂ, કુમતા કો લલકાર...
દેશ જાતિ નિજ ધર્મ નિભાવન, ઝીલું કષ્ટ અપાર...

હંસ હંસ કર બલિદાન હો જાઉ, પર ન તજુ નિજકાર...
મૈત્રી ભાવ બઢાઉ સબસે, તજ કર વેર વિકાર...
આજ્ઞાધર્મ આરાધન કરકે, લુ નર ભવકા સાર...
ભક્તિ ભાવ બડો કા રકખુ, વિનય ધર્મ ઉર ધાર...
હિંસા જૂઠ ચોરીકો ત્યાગુ, પાલુ શુદ્ધ બ્રહ્મચાર...
મમતા તજ સમતા કો ભજુ, બનુ વિમલ અણગાર...
પ્રાણ હમારા જબ હી નિકલે, રટતા મુખ નવકાર...
ફૂલે ફલે યે ભાવના મેરી, કૃપા કરો કિરતાર...

❀ ❀ ❀

## મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે ....મૈત્રી

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોનાં ચરણકમળમાં, મુજ જીવનનું અદર્ચ રહે ....મૈત્રી

દીન ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ શ્રોત વહે ....મૈત્રી

માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું ....મૈત્રી

મહાવીર પ્રભુની ધર્મ ભાવના, હૈયે સહુ માનવ લાવે;
વેર-ઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે ....મૈત્રી

❀ ❀ ❀

# મૈલી ચાદર ઓઢકે

મૈલી ચાદર ઓઢકે કૈસે, દ્વાર તુમ્હારે આઊં,
હે પાવન પરમેશ્વર મેરે, મન હી મન શરમાઊં ....મૈલી

તૂને મુઝકો જગમેં ભેજા, નિર્મલ દેકર કાયા,
વિષયોં કે સંગ રચપચ મૈં ને, ઈસકો દાગ લગાયા;
જનમજનમકી મૈલી ચાદર, કૈસે દાગ છુપાઊં ...મૈલી

નિર્મલ વાણી પાકર તુઝસે, નામ ન તેરા ગાયા,
આંખ મુંદકર કભી ન બૈઠા, કભી ન તુઝકો ધ્યાયા;
મન વીણાકી તારેં તૂટી, અબ ક્યા ગીત સુનાઊં ...મૈલી

ઈસ નશ્વર સંસારમેં મૈંને, મહલ પે મહલ બનાયા,
ભરે ખજાને ઉસ ધનકે જો, આખિર કામ ન આયા;
જગકી માયા જગમેં છૂટી, અબ રો રો પછતાઊં ...મૈલી

ઈન પૈરોસેં ચલકર તેરે, મંદિર કભી ન આયા,
અપને સુખમેં ફૂલા ફિરતા, દીન દરદ ન મિટાયા;
સતસંગતમેં કભી ન બૈઠા, રંગ કુસંગ ચઢાઊં ...મૈલી

નેક કમાઈ કરી ન કોઈ, અવગુણ બોજ હૈ ભારી,
ક્યા મુંહ લેકર આઉં તુમ તક, વ્યથા બની જો હમારી;
સબકુછ છોડકે શરણ મેં આયા, તુમહી કહો કીથ જાઊં
...મૈલી

જહાં જહાં હો પૂજા તેરી, કભી ન શીશ ઝુકાયા;
હે હરિહર મૈં હારકે આયા; અબ ક્યા હાર ચઢાઊં ...મૈલી

❀ ❀ ❀

## મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો, દયામય ! મંગલ મંદિર ખોલો.

જીવનવન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો ...દયામય

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યો લ્યો ...દયામય

નામ મધુર તવ રટ્યો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો ..દયામય

દિવ્ય તૃષાતુર આવ્યો બાળક, પ્રેમ અમીરસ ઢોળો ...દયામય

❁ ❁ ❁

## મંદિર સાથે પરણી

મંદિર સાથે પરણી રે મીરાં, રાજ મહલથી છૂટી,
મીરાં રાજમહલથી છૂટી.

કૃષ્ણ નામની ચુડી રે પહેની, માધવની અંગુઠી ....મીરાં

આધી રાતે દર્શન માટે, આંખ ઝરૂખે મૂકી,
મીરાં શબરી જનમ જનમની, જનમ જનમની ભૂખી ....મીરાં

તુલસીની આ માલા પહેની, મીરાં સદાની સુખી,
શ્યામ શ્યામનો સૂરજ આભે, મીરાં સૂરજમુખી ....મીરાં

કાળી રાતનો કંબલ ઓઢી, મીરાં જાણે સૂતી,
ઘાયલકી ગત ઘાયલ જાણે, જગની માયા છૂટી ....મીરાં

❁ ❁ ❁

# યોગી એકીલા રે

યોગી એકીલા રે । જેને નહિ સંગ કોઈ,
શિષ્ય તે સાચા રે । તેની સોઈ નવ જોઈ .....યોગી

એકલો વાસ વસે જંગલમાં, અખંડ આઠે જામ,
ભેગા થાય તે સળગી ઊઠે છે, વેંચવું છે કશું દામ ?
સિધ્ધાંત એ જાણે રે ! વસે જોગી સહુ ખોઈ ....યોગી

ઘૂઘરો એક હશે બાંધેલો, અવાજ તેનો નવ થાય,
દસ વીસ જો મળી બેસે તો, ઘોંઘાટથી માર ખાય,
સુખ ન શમણે રે । કર્યું-કાર્યું નાખે ધોઈ ......યોગી

એ સિદ્ધાંત સમજીને સાચો, એકલો રહે યોગીરાજ,
કર્મયોગે વસતિમાં વસવું, તોપણ એકલો રાજે રાજ,
સુખ સૌ એકે રે । ઝાઝે મૂઆ છે રોઈ .....યોગી

પરિચય ને ધનસંગ્રહ નહિ જો, તો એકલો રહેવાય,
નહીં તો વગર બોલાવી વળગશે, અહીંથી તહીંથી બલાય,
બાપુ એકીલા રે । શાણા સુખી બહુ હોય ......યોગી

❀ ❀ ❀

## રાખનાં રમકડાં

રાખનાં રમકડાં, મારા રામે રમતાં રાખ્યાં રે,
મૃત્યુલોકની માટી માથે માનવ કહીને ભાખ્યાં રે ...રાખનાં

બોલે ડોલે રોજ રમકડાં નિત નિત રમત્યું માંડે,
આ મારું આ તારું કહીને એકબીજાને ભાંડે રે ...રાખનાં

હે...કાચી માટીની કાયા માથે માયા કેરા રંગ લગાયા,
ઢીંગલા ઢીંગલીએ ઘર માંડ્યાં ત્યાં તો વીંઝણલા વીંઝાયા રે ..રાખનાં

અંત અનંતનો તંત ન તૂટ્યો ને રમત અધૂરી રહી,
તનડા ને મનડાની વાતો આવી તેવી ગઈ ! ...રાખનાં

❀ ❀ ❀

## રામ સે કોઈ મિલા દે

રામ સે કોઈ મિલા દે મુજકો, રાહ સે કોઈ લગા દે મુજકો ...રામસે
બિન લાઠી કા નીકલા અંધા, રાહ સે કોઈ લગા દે મુજકો
... રામસે

કોઈ કહે યે બસે અવધમેં, કોઈ કહે યે બ્રિંદાવનમેં,
કોઈ કહે તીરથ મંદિરમેં, કોઈ કહે યે મિલતે મનમેં
જહાં બસા હૈ પ્રિયતમ મેરા, ઉનકા ઘર દિખલા દે મુજકો ... રામસે

કોઈ ઐસી જ્યોત જગા દે, શ્રદ્ધા ભક્તિ બઢા દે મુજમે,
પ્રેમ કી જ્યોતિ જગા દે મુજમેં, ભક્તિ કી જ્યોતિ બઢા દે મુજમેં,
ઈસ જ્યોતિ કે ઉજિયારેમેં, કણ કણમેં દિખલા દે મુજકો ... રામસે

❀ ❀ ❀

## રુદિયામાં રે'જો

રુદિયામાં રે'જો મારા રુદિયામાં રહેજો,
જ્યાં રે હું જાઉં ત્યાં મારા રુદિયામાં રહેજો.

શ્વાસે શ્વાસે મારા રુદિયામાં રહેજો,
જ્યાં રે હું જાઉં ત્યાં મારા રુદિયામાં રહેજો.

❁ ❁ ❁

## વાદલડી વરસી રે

વાદલડી વરસી રે, પ્રભુજી તારા પ્રેમની રે
મારો આત્મા જાગ્યો રે, કે બંધન છૂટી ગયા,
પ્રભુ વહેલા વહેલા આવજો રે, કે મારા આંગણીયે .....વાદલડી

હું તો ભવનો દુઃખિયો રે, તારા શરણે આવીને ઊભો,
મારા દુઃખ પ્રભુ ટાળજો રે, ઊભો તારા બારણિયે
.....વાદલડી

તારે મુક્તિનો મહેલ છે રે, પ્રભુ હું તો જેલમાં રે,
મને મુક્તિ અપાવજો રે, આ સંસારી જેલથી રે .....વાદલડી

❁ ❁ ❁

## વારસ અહો ! મહાવીરના

વારસ અહો ! મહાવીરના, શૂરવીરતા રેલાવજો,
કાયર બનો ના કોઈ દિ', કષ્ટો સદા કંપાવજો;
રે! સિંહના સંતાનને, શિયાળ શું કરનાર છે?
મરણાંત સંકટમાં ટકે, તે ટેકના ધરનાર છે.

કાયા તણી દરકાર શી ? જો શત્રુવટ સમજાય તો,
કુળવંત કુળવટ ના તજે, શું સિંહ તરણાં ખાય જો?
સર્વજ્ઞની સમજણ ગ્રહે, તે મરણને શાને ગણે ?
ક્ષત્રિય જો વીર-હાક સુણે, તો ચઢે ઝટ તે રણે.

ખંધક મુનિના શિષ્ય સૌ, ઘાણી વિષે પીલાઈને,
સંકટ સહી સર્વોપરી, પામ્યા પરમ પદ ભાઈ તે;
નિજ અમર આત્માને સ્મરીને, અમરતા વરતા ઘણા,
એ મોક્ષગામી સત્પુરુષના, ચરણમાં હો વંદના !

સંગ્રામ આ શૂરવીરનો, આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતા ન પાછી પાની ત્યાં, ગુરુરાજ પડખે ભાવજો;
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ, સમાધિમરણમાં,
મિત્રો સમાન સહાય કરશે, મન ધરો પ્રભુ ચરણમાં.

કેવળ અસંગ દશા વરો, પ્રતિબંધ સર્વે ટાળજો,
સ્વચ્છંદ છોડી શુદ્ધ ભાવે, સર્વમાં પ્રભુ ભાળજો;
દુશ્મન પ્રમાદ હણી હવે, જાગૃત રહો, જાગૃત રહો !
સદ્ગુરુ શરણે હૃદય રાખી, અભય આનંદિત હો !

❁ ❁ ❁

## વિષ ભરીને વિષધર સૂતો

વિષ ભરીને વિષધર સૂતો, ચંડકોશીયા નામી,
મહા ભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી ...મહા

જાશો મા પ્રભુ પંથ વિકટ છે, ઝેર ભર્યો એક નાગ નિકટ છે,
હાથ જોડીને વિનવે વીરને, લોક બધા ભય પામી ...મહા

આવી ગંધ જ્યાં માનવ કેરી, ડંખ દીધો ત્યાં થઈને વેરી,
હિંસા ને અહિંસા વચ્ચે, લડાઈ ભીષણ જામી ...મહા

દૂધ વહ્યું જ્યાં પ્રભુને ચરણે, ચંડકોશીયો આવ્યો શરણે,
કંઈક સમજ તું કંઈક સમજ, એમ કહે કરૂણા આણી ...મહા

વેરથી વેર શમે નહીં જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં,
પ્રેમ ધર્મનો પરિચય પામી, નાગ રહ્યો શીર નામી ...મહા

❁ ❁ ❁

## વીરરસનો અનુભવ

વીરરસનો અનુભવ જાણે મર્દજનો કી છાતી,
પતિવ્રતા પતિ મનકું જાણે, કુલટા લાતો ખાતી ;
ભયા અનુભવ રંગ મજીઠા રે,
ઈનકી બાત ન વચને થાતી રે ...ભયા

ગર્ભમાંહિ તો બોલતા ને બહિર જનમ તબ મુંગે,
મુંગે ખાયા ગોળ ઉસકી, બાત કબુ ન કહે જે ...ભયા

અનુભવ એવો અટપટો તે વચને નહીં કહેવાતો,
વાગ્યા ભાલડિયા તે જાણે, અનુભવ જ્ઞાની પાતો ....ભયા

પઢના ગુણના સબ હી જૂઠા જબ નહીં આત્મા પિછાના,
વર વિના ક્યા જાન તમાશા, લૂણ વિણ ભોજન ખાના;
અલખ દેશમેં વાસ હમારા રે ...ભયા

❁ ❁ ❁

# વંદન કરું શ્રી સદ્‌ગુરુ

વંદન કરું શ્રી સદ્‌ગુરુ, સંસાર તારક જગધણી,
સંસારથી ઉદ્ધારિયો, અજ્ઞાનનાશક જગમણિ... ૧
આ કાળમાં ચારિત્રમાં, તારા સમા વિરલા અરે,
સુખ આપવા ચિંતામણી, જગભાવથી દીઠાં ખરે. ૨

સાગર થકી ગંભીર બહુ, અનુભવ થકી મેં અનુભવ્યો,
વૈરાગ્ય ગુણની મૂર્તિ તું, વૈરાગ્ય સાચો સૂચવ્યો. ૩
પર ભાવમાં પડવા વિષે, વૃત્તિ જરા મનમાં નહીં,
નિંદા નહીં, વિકથા નહીં, ઈર્ષા નહીં સમતા વહી. ૪

અકૃત્રિમ વાણી બોલતો, આચારમાં ઉલ્લસી રહ્યો,
શિક્ષા, વચન શીતલ ઝરણ, પામી ઘણો શીતલ થયો. ૫

મીઠી મઝાની વાણીથી, સમજાવતો મુજને સદા,
સુખાબ્ધિ સાચા સદ્‌ગુરુ, વંદુ સ્તવું ભાવે મુદા. ૬

ષટકાયની રક્ષા કરે, સંયમ વિષે રાચી રહે,
અહંકાર નહીં જાણ્યા તણો, લઘુતા સદા મનમાં રહે. ૭

સેવા કરી તે સદ્‌ગુરુની, દેખી તે નયને અહો,
ઉપકાર કર્તા સદ્‌ગુરુ, કરૂણા ખરી ચિત્તે વહો. ૮

તેં સદ્‌ગુણો આપ્યા ઘણા, ઉપકાર વિસરું નહીં કદી,
તવ સૌમ્યતા હૃદયે રહી, એ દિવ્યગંગા છે નદી. ૯

તું તિરથ જંગમ મોટકું, તારા થકી શિષ્યો તરે,
સ્યાદવાદવાદી ચિત્તમાં, એ વાત સાચી ઉતરે. ૧૦

તારી સરળતા યોગથી, કંઈ શત્રુઓ મિત્રો બને,
તારી સરળતા એહવી, કે ઢોંગીઓ આવે કને. ૧૧

એ ઢોંગીઓ તુજ સંગથી, ધરમી બન્યા મેં દેખિયું,
આશ્ચર્ય શું પારસ થકી, લોઢું સુર્વણ જ પેખિયું. ૧૨

તુજ ચિત્તમાં શત્રુ નહીં, કો ખૂબ દેખી જાણીયું,
બુરું કરે નહીં કોઈ અન્ય જ, લક્ષ એવું આણિયું. ૧૩

તુજ ચિત્ત વાણી કાયમાં, કૃત્રિમતા દેખાય ના,
સંતો ખરા વિરલા જનો, અનુભવ વિના પરખાય ના. ૧૪

રાચી રહ્યો ચારિત્રમાં, તુજમાં ખરું દેખી અહો,
બોલે તથા ચાલે નહીં, લોકો ઘણાં અનુભવ લહો. ૧૫

પંચાત ના પરની કદી, નિજ આત્મામાં રંગાઈઓ,
વહાલા હૃદયના સદ્ગુરુ, મેં ધ્યાનમાં તુજ ધ્યાઈઓ. ૧૬

આજ્ઞા ગુરુની પાળીને તેં, ભક્તિ સેવા સાચવી,
પાસે રહી જોઈ ઘણું મેં, વાત એ તો અનુભવી. ૧૭

ઉપકાર અપરંપાર તારા, પાર પામું નહીં ખરે,
ઉપકારી તારો બાળ આ તારી, સત્ય સ્તુતિને કરે. ૧૮

તારી કૃપાથી આત્મા, આ પામિયો તજી સ્વચ્છંદ સહુ,
અર્પણ કરું ક્રમ પદ્મમાં, ઉપકારતા ચિત્તે ધરી. ૧૯

અર્પણ કરી વંદન કરી, તુજ બાળ મન હર્ષે ઘણું,
મા બાપ આગળ બાલુડાના, બોલ જેવું આ ભણું. ૨૦

વહાલા હૃદયના પ્રાણપ્રેમે, પ્રણામ આ સ્વીકારજો,
જે ભૂલચૂક જ હોય તે, માફી દઈને વારશો. ૨૧

જેવું ભજ્યું તેવું સમર્પણ, ભક્તિથી કીધું ખરું,
બુધ્ધ્યબ્ધિ તે સ્વીકારીને, આશિષ આપો સદ્ગુરુ. ૨૨

❁ ❁ ❁

## શરણમેં આયે હૈ હમ તુમ્હારે

શરણમેં આયે હૈ હમ તુમ્હારે, કૃપા કરો હે કૃપાળુ ભગવન !
સંભાલો બિગડી દશા હમારી, દયા કરો હે દયાળુ ભગવન !

ના હમમેં બલ હૈં ના હમમેં શક્તિ, ના હમમેં સાધન ના હમમેં ભક્તિ,
તુમારે દ્વારકે હૈ હમ ભિખારી ... કૃપા

જો તુમ પિતા હો, તો હમ હૈ બાલક, જો તુમ હો સ્વામી તો હમ હૈ સેવક,
જો તુમ હો ઠાકુર તો હમ પૂજારી ... કૃપા

પ્રદાન કર દો મહાન શક્તિ, ભરો હમારેમેં જ્ઞાન ભક્તિ,
તભી કહાઓગે સર્વવ્યાપી ... કૃપા

❁ ❁ ❁

## શી સુંદર દિવ્ય એ જ્યોતિ

શી સુંદર દિવ્ય એ જ્યોતિ ! સ્વપરના સૌ દૂષણ ધોતી,
અખંડાનંદ સૂરત શી ! સરળતા સન્મતિ સહ શી ! ૧

પ્રબળ પૂણ્યે પ્રભાવી શી ! સદા ઉપકૃત સ્વભાવી શી !
ગુરુરાજ સ્વરૂપની જ્યોતિ ! જડી ન થાક્યો બહુ ગોતી. ૨

હવે નજરે ન દેખાતી, હવે મુદ્રા ન મલકાતી,
રહ્યું જોવું રહ્યું રોવું, અફળ આંસુ નથી લો'વું. ૩

અસીમ આ વિશ્વના આરે, હવે મળશું કહો ક્યારે ?
ગમે ત્યારે ગમે ત્યારે, ન આજે તો જરૂર કાલે. ૪

હવે તો ના ઓ ગુરુરાજ, અમારી સાથ કો સાજ,
દરદ દિલનું કહાં કહેવું, જડે ના પાત્ર કો એવું. ૫

સૂકાતાં ના નયન મારાં, સ્મરણ જ્યારે ઉરે તારાં,
હવે ક્યારે કહો ક્યારે, દરિસણ આપશો ક્યારે ? ૬

વિશુદ્ધ સ્વરૂપના ભોગી, પ્રભુ શ્રીકાંત તનુ યોગી,
સવિતા સમ દૂરે થઈને, નિશા ગાઢે મૂક્યા અમને. ૭

અવિદ્યા રજની નિવાસે, હવે શી અમ દશા થાશે ?
પ્રકાશ પ્રકાશશો ક્યારે, કહો ઉદ્ધારશો ક્યારે ? ૮

સમજ વિણનાં શિશુ નાનાં, તજે પિતૃ ન દુનિયાનાં,
શું શોભે તો પ્રભુ તમને, રખડતા મૂકવા અમને ? ૯

સતાવે મોહ બધી બાજુ, ન રાખે અંગ કો સાજૂ,
ચડી વિયોગીની વ્હારે, કહો ઉગારશો ક્યારે ? ૧૦

❀ ❀ ❀

# શેનો નશો શાનો નશો

શેનો નશો શાનો નશો, મને પૂછશો કોઈ નહીં,
ચકચૂર હું બ્રાહ્મી નશામાં, મને છેડશો કોઈ નહીં ...... ૧

નિંદા ભલે, ચર્ચા ભલે, ઉપહાસ હો ભલે સર્વદા,
પણ બ્રહ્મ ઘેન ઉતારવા, તસદી તમે લેશો નહીં.... ૨

મદમસ્ત નિજાનંદમાં, તદ્દરૂપ હું મુજ આત્મમાં,
અમૃત ભરેલી મુજ મસ્તીમાં, વિષ ઘોળશો કોઈ નહીં.... ૩

ઘેર્યો હતો અવિદ્યાએ, ઘોર્યા કર્યું અજ્ઞાનમાં,
ગુરૂ શબ્દોએ જગાડિયો, હવે જાગવા કહેશો નહીં... ૪

ગાજી બજાવી વગાડીને, ગુરૂ બ્રહ્મનાદ ગજાવિયો,
બ્રહ્મ હું બ્રહ્માંડમાં હું, હર દમ અનંતર એ નશો,
ન બ્રહ્મ વિણ અહીં છે કશું, ના દ્વૈત છે હું તું તણું,
એવો નિરંતર નિશદિન નશો, તોડી તમે શકશો નહીં... ૫

બદનામી મને અડે નહીં, નિંદાનો લેપ ચડે નહીં,
નિર્લેપ એવા અનામીને, તમે ચિતરી શકશો નહીં... ૬

દોષોથી દૂષિત હું નહીં, કાળો કલંકોથી નહીં,
નિદોર્ષ નિષ્કલંક છું, હવે કાળી કલમ કરશો નહીં... ૭

સહુ રૂપમાં તે નાશમાં, અરૂપ ને અવિનાશી હું,
સહુ સંગને સહુ અંતમાં, અનંત ને અસંગ હું,
આંતર ખજાને ખાણ છું, અજાતની એ જાત હું,
અરે, પરમની એ પાર હું, જાણી તમે શકશો નહીં... ૮

❀ ❀ ❀

## શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજ મન

## મંગળ કળશ

શ્રીરાજ શ્રીરાજ, શ્રીરાજ શ્રીરાજ, શ્રીરાજ શ્રીરાજ.

શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજ મન, પતિતપાવન કરવરં,
સમકિત નિર્મળ દઈ સુદર્શન, ચક્ર અરિબળ ક્ષયકરં;
અજ્ઞાનઅંધિત દષ્ટિઅંજિત, તત્ત્વરંજિત મતિકરં,
સહજાત્મશ્રી પ્રગટાવી રમણીય, મુક્તિ રમણી રતિધરં....શ્રીરાજ

ભવભીતિ ભંજન દુઃખ નિકંદન, પાપમંજન શુચિકરં,
સહજાત્મમગ્નં કર્મભગ્નં, મુક્તિલગ્નં, શિવકરં;
અમૃતવચનં શાંતચિત્તં, ધ્યાનરક્તં, શમધરં,
ચૈતન્યવ્યક્તં મોહત્યક્તં, સિદ્ધિસક્તં, સુખકરં. ...શ્રીરાજ

ભવવારિ તારી દુઃખ નિવારી, મુક્તિનારીદાયકં,
અદ્ભુત શક્તિ આત્મવ્યક્તિ, ભવવિરક્તિ વિધાયકં;
સર્વજ્ઞશાસન ભવવિનાશન, શિવપ્રકાશન પથવરં,
ભવિહિત વિધાનં યુગપ્રધાનં, બોધિદાનં દ્યો વરં. ...શ્રીરાજ

જલકમલવત નિર્લેપ કર્મે, આત્મધર્મે સ્થિતિધરં,
અશરીરી ભાવે નિજસ્વભાવે, રમણ કરતા ગુરુવરં;
ભવ તરણતારણ દુઃખ નિવારણ, શર્મકારણ જયકરં,
જયવંત હો! ત્રણ કાળ, હે! આત્મસ્થ યોગીગણ વરં! ...શ્રીરાજ

બોધિ સમાધિ નિધાન અદ્ભુત, વિશ્વશાંતિ સુખકરં,
તુજ ચરણ શરણે રમણ વારણ, મરણ વ્યાધિ ભયહરં;
તન મન વચન આત્મા સમર્પણ, ચરણકજ હો ભવહરં,
સહજાત્મરામી દુઃખવિરામી, શાંતિધામી શિવકરં. ...શ્રીરાજ

❀ ❀ ❀

# શ્રી સહજાત્મ સ્વરૂપ છો

શ્રી સહજાત્મ સ્વરૂપ છો, સદ્‌ગુરુ રાજ;
કરુણા રસના કૂપ છો, સદ્‌ગુરુ રાજ. ૧

શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી છો, સદ્‌ગુરુ રાજ;
સર્વ પ્રકારે નિષ્કામી છો, સદ્‌ગુરુ રાજ. ૨

શ્રીમદ્ સદ્‌ગુરુ રાજ છો, સદ્‌ગુરુ રાજ;
પંડિતજન શિરતાજ છો, સદ્‌ગુરુ રાજ. ૩

તારણતરણ જહાજ છો, સદ્‌ગુરુ રાજ;
સાચા ગરીબનિવાજ છો, સદ્‌ગુરુ રાજ. ૪

પ્રેમી જનોના પ્રાણ છો, સદ્‌ગુરુ રાજ;
મારા અંતરના જાણ છો, સદ્‌ગુરુ રાજ. ૫

જોયું મેં જુગતે કરી, સદ્‌ગુરુ રાજ;
ફરી ફરીને ફેરા ફરી, સદ્‌ગુરુ રાજ. ૬

આપ વિના ન દેખ્યું કશું, સદ્‌ગુરુ રાજ;
હું તું તે સહ તમ વસું, સદ્‌ગુરુ રાજ. ૭

વ્યાપી રહ્યા છો સહુ સાથમાં, સદ્‌ગુરુ રાજ;
આવ્યા છો મારા હાથમાં, સદ્‌ગુરુ રાજ. ૮

હવે ન છોડું છેડલો, સદ્‌ગુરુ રાજ;
મૂકું નહીં તારો કેડલો, સદ્‌ગુરુ રાજ. ૯

જાણ્યા તમોને જ્યારથી, સદ્‌ગુરુ રાજ;
હું ને મારું ગયું ત્યારથી, સદ્‌ગુરુ રાજ. ૧૦

આવ્યા મંદિરિયે માણવા, સદ્‌ગુરુ રાજ;
પૂર્વની પ્રીત પ્રમાણવા, સદ્‌ગુરુ રાજ. ૧૧

હેત અમારું જોઈને, સદ્‌ગુરુ રાજ;
ભેટ્યા છો દુવિધા ખોઈને, સદ્‌ગુરુ રાજ. ૧૨

કહેવું તે સહુ વ્યવહાર છે, સદ્‌ગુરુ રાજ;
નિશ્ચય મૌન એક સાર છે, સદ્‌ગુરુ રાજ. ૧૩

રત્નત્રયના રાય છો, સદ્‌ગુરુ રાજ;
સમજે તેને સદા સહાય છો, સદ્‌ગુરુ રાજ. ૧૪

❀ ❀ ❀

## સફળ થયો ભવ મારો હો

સફળ થયો ભવ મારો હો... કૃપાળુ દેવ
પામી શરણ તમારું હો... કૃપાળુ દેવ

કળિકાળે આ જંબુ ભરતે, દેહ ધર્યો નિજ પરહિત શરતે,
ટાળ્યું ઘોર અંધારું હો... કૃપાળુ દેવ

ધર્મ ઢોંગને દૂર હઠાવી, આતમધર્મની જ્યોત જગાવી,
કર્યું ચેતન જડ ન્યારું હો... કૃપાળુ દેવ

સમ્યક્ દર્શન જ્ઞાન રમણતા, ત્રિવિધ કર્મની ટાળી મમતા,
સહજાનંદ કર્યું પ્યારું હો... કૃપાળુ દેવ

તુજ મુખમુદ્રા દર્શન કરતાં, તે ભાવોમાં અંતર ઠરતાં,
તુને અસંગ મેં દીઠો હો... કૃપાળુ દેવ

તુજ વચનામૃત સુવિચારતા, તે માંહેનો મર્મ ઉકેલતા,
તુને મેં વીતરાગ દીઠો હો... કૃપાળુ દેવ

❀ ❀ ❀

## સબ કુછ દીના આપને

ૐ શ્રી રાજ, ૐ શ્રી રાજ, ૐ શ્રી રાજ.

સબ કુછ દીના આપને, ભેટ ધરું ક્યા નાથ,
નમસ્કારકી ભેટ ધર, જોડુ મૈં દોનો હાથ.

એક ભરોસા આપકા, મુઝે સદા મહારાજ,
બિના દયા પ્રભુ આપ કી, કૌન સંવારે કાજ.

જીવન મેરે આપ હૈ, પરમ ભરોસા આપ,
દાતા મેરે આપ હૈ, નાશો તીનો તાપ.

સોતે, બૈઠે, જાગતે, ચલતે ફિરતે કાજ,
તેરા હી પ્રભુ (મુઝે) આશરા, હમકો દીનદયાલ.

તુમ હી મેરે ક્રિષ્ણ હો, તુમ હી મેરે રામ,
તુમ હી રક્ષક વિષ્ણુ હો, તુમ હી શિવ સુખધામ.

❀ ❀ ❀

## સમરો મંત્ર ભલો નવકાર

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
એના મહિમાનો નહિ પ:ર, એના અર્થ અનંત અપાર ...સમરો

સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત,
જીવતાં સમરો, મરતાં સમરો, સમરો સૌ સંગાથ ...સમરો

યોગી સમરે, ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે, દાનવ સમરે, સમરે સૌ નિઃશંક ...સમરો

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર,
આઠ સંપદાથી પરમાણો, અષ્ટ સિદ્ધિ દાતાર ...સમરો

નવપદ એના નવનિધિ આપે, ભવ ભવના દુઃખ કાપે,
વીર વચનથી હૃદયે સ્થાપે, પરમાતમ પદ પામે ...સમરો

❁ ❁ ❁

## સદ્ગુરુ મારા રે

સદ્ગુરુ મારા રે, પ્રભુજી મારા રે,
સાથી છો મારા, ભવનો ભાર બધો વહેનારા રે ....સદ્

કેવો રૂડો સરપાવ છે સ્વામી, સઘળું સોંપું ચરણે નામી,
ભૂલીને તમને નાહક શીરે, વેઠીએ દુઃખ ને તાપ અકારા રે ..સદ્

ચરણ પૂજ્યે પરમ કાંતિ, શરણ ગ્રહે શાંતિ શાંતિ,
સ્મરણે સ્મરણે ઊછળે એવા, અંતરમાં આનંદના ફુવારા રે..સદ્

❁ ❁ ❁

## સદ્ગુરુ શરણ વિના

સદ્ગુરુ શરણ વિના, અજ્ઞાન તિમિર ટળશે નહિ રે,
જન્મ-મરણ દેનારું બીજ, ખરું બળશે નહિ રે .....સદ્ગુરુ

પ્રેમામૃત વચપાન વિના, સાચા ખોટાના ભાન વિના,
ગાંઠ હૃદયની જ્ઞાન વિના, ગળશે નહિ રે ......સદ્ગુરુ

શાસ્ત્ર પુરાણ સદા સંભારે, તન મન ઈન્દ્રિય તત્પર વારે,
વગર વિચારે વણ મા, સુખ રળશે નહિ રે .....સદ્ગુરુ

તત્ત્વ નથી મારા તારામાં, સુજ્ઞ સમજ નરસા સારામાં,
સેવક સુત દારામાં, દિન વળશે નહિ રે ......સદ્ગુરુ

કેશવ હરિની કરતાં સેવા, પરમાનંદ બતાવે તેવા,
શોધ વિના સજ્જન એવા, મળશે નહિ રે .....સદ્ગુરુ

❀ ❀ ❀

## સદા ભજો ગુરુદેવ

સદા ભજો ગુરુદેવ, ગુરુ બીન નાહિં કોઈ અપના ...સદા

નાતે ગોતે સબ સ્વારથકે, નિસ્વારથ ગુરુ રાના,
આપ સમાન કરે શિષ્યનકો, દેવે પદ નિરવાના ...સદા

કરે લોહકા પારસ સોના, નહીં પારસ કરી જાના,
નહીં ઉપમા ગુરુકી ત્રિભુવનમેં, સાક્ષાત દેવ પિછાના ...સદા

કહેના થા સો કહે દિયા, અબ કુછ કહા ન જાય,
એક રહા, દુજા ગયા, દરિયા લહેર સમાય ...સદા

❀ ❀ ❀

## સાચો સંગમ

સાચો સંગમ પ્રભુ સાથે હવે તો થયો.
એ દિશામાં રેલો મારો હવે તો ગયો ......સાચો

એક લગની સાથે વહેતુ આતમનું ઝરણું,
પાવન સરિતા પાસે પહોંચી લઈ લઉં શરણું,
આતમ કેરો આ મનોરથ હવે તો ફળ્યો ......સાચો

મળ્યો સાચો મારગ બળ્યા ભવના પાપ,
પાછળ વહેતી પુનિત ગંગા થાય હવે મેળાપ,
પ્રભુના વચનો આત્માને ઠારતા રહ્યા ......સાચો

રોજે રોજે નાનુ ઝરણું ડુંગર ખોદે જાય,
પ્રભુ કૃપાથી તૂટશે હવે મુક્તિના અંતરાય,
ધ્યાનરથી ધુરંધર થઈને જન્મ સફળ થયો ......સાચો

❁ ❁ ❁

## સુખકી સહેલી હૈ

હાંસીમે વિષાદ બસે, વિદ્યામે વિવાદ બસે,
કાયામે મરણ, ગુરુ વર્તનમેં હીનતા;
સુચિમે ગિલાની બસેં, પ્રાપતિમેં હાનિ બસે,
જૈ મે હારિ સુંદર, દસામે છવિ છીનતા.

રોગ બસે ભોગમેં, સંજોગમેં વિયોગ બસે,
ગુનમેં ગરબ બસેં, સેવામાંહિ દીનતા;
ઓર જગરીતિ જેતી, ગર્ભિત અસાતા સેતી,
સુખ કી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા.

❁ ❁ ❁

## સૈંયા નીકસી ગયો

ના મૈં બોલી, ના મૈં ચાલી
કૌન દુપટડામેં સોઈ પડી થી
સૈંયા નીકસી ગયો.......
ના મૈં લઢી થી સૈંયા નીકસી ગયો.

દસ દરવાજે બંધ કર સોઈ,
ના જાણે કૌન સી ખીડકી ખુલી થી ....સૈંયા

પાંચ સખી મોરી સંગ કી સહેલી,
ઈનસે પૂછો મૈં તો કછુ ના કહી થી ....સૈંયા

કહત કમાલી કબીર કી બેટી,
ઈસ બ્યાહી સે તો કુંવારી ભલી થી ....સૈંયા

❁ ❁ ❁

## સોદા ઝીણા, ઝીણા

સોદા ઝીણા, ઝીણા, ઝીણા રે ઝીણાં, ઝીણા થઈ જોની રાજ !
રાજ તમને ઝીણપમાં હરિ મળશે રે

મનવો માહ્લલો મેગળ હાથી રે, અંકુશ દઈ રાજ ! વારો રે,
અંકુશ વોણો ઘેલો રે હાથી, આરોપારો અથડાશે ...રાજ તમને

રેતીમાંહી છે ખાંડ ભળેલી, કીડી વણ કો ચુગશે રે ?
કીડી જેવડા ઝીણા થાવ જો, સન્મુખ સાહેબો સૂઝશે ...રાજ તમને

શેરી સાંકડી ને સોબત મ્હોટી રે, મનમેળો કિણ વિધ થાશે રે ?
ક્રિયાના હીણા ને જ્ઞાન કથીણાં, ભાવ ભજનમાં કેમ જાશે... રાજ તમને

મનડાનો મેલ તમે દૂર કરો રાજ મોરા ! તનડાને તાપ દઈ ગાળો રે,

કહે રા' લાખો મોહન ભજી લે, આપોહીઆપ આપે ભાળો...રાજ તમને

❁ ❁ ❁

## સંત ચરણ સુખ પાયા

માઈ મૈં તો ગુણરે ગોવિંદજીના ગાયા, સંત-ચરણ સુખ પાયા.
કુડકપટ સભી મનકી માયા, સુપનેમેં ભરમાયા,
ઓશકા પાની ભાઈ ઝાંઝવા દિસે,જગસે સબહી ઠગાયા ...માઈ

ભવસાગરમેં ભૂલા પડિયા, દેખત ડૂબકા ખાયા,
મેરમ સદ્‌ગુરુ જિસને સેવ્યા, ઘટમેં જ્ઞાન સો પાયા ...માઈ

અનુપ ઝાડ માંઈ! અબ મૈને દેખા, શિતલ બનકી છાયા,
શૂરા સાધુ સનમુખ રહેવે, તીરથ ત્રિવેણી નાહ્યા ....માઈ

પુણ્ય-પાપ દોનુ ઝગડે લાગે, ઉસકા કજીયા ચુકાયા,
જિસ ઘર કિસિકા જોર ન ચાલે, તકીયા વહાં જા ઠેરાયા ...માઈ

પંચ સખી જબ એક ઘર આઈ, ચોર ચકોર છિપાયા,
સુરત સખી જબ ચરણોંમેં લોપી, તબ મેરા પ્રિયતમ પાયા ..માઈ

કલ્પવૃક્ષકી છાયમેં બૈઠકે, સંતે અદલ ચલાયા,
કહે લખમશી સુન મેરી આતમ!, બિન રસના ગુણ ગાયા ...માઈ

❁ ❁ ❁

## સંત પરમ હિતકારી

સંત પરમ હિતકારી જગત માંહી, સંત પરમ હિતકારી.

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી
પરમકૃપાલુ સકલ જીવન પર, હરિ સમ સબ દુઃખહારી ...સંત

ત્રિગુણાતીત ફિરત તન ત્યાગી, રીત જગતસે ન્યારી
બ્રહ્માનંદ સંતનકી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી ...સંત

❁ ❁ ❁

## સંત સમાગમ હરિકથા

સંત સમાગમ હરિકથા, તુમ કરો ભજન ઉસ અનઘડકા
જખ મારેગા કાલ કાલકે, શીર પર સોટા સંતોકાઃ ।।

શ્વાસા જાપ જપો અષ્ટ પહેરા, સોહં મંત્રકા જાપ કરો,
નિર્મલ હોઈ પ્રેમરસ પીઓ, ઉસ અનઘડકા ધ્યાન ધરો.

મન ચિત્ત બુદ્ધિ અહંકારા, ચારો અંતઃકરણકો વશ કરો,
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, પંચ વિષયકો જેર કરો.

કેવળ તત્ત્વ મંથન કર પકડો, સૂરતા જાપ અજપાકા,
જખ મારેગા કાલ કાલ પર, મહા કાલ અનઘડ બંકા.

અલ્પ લોભકા કામ નકો કર, મંછા મમતા બંધ કરો,
અમૃત છોડ અજરકો જેરો, ક્રોધ નામકા નાશ કરો.

કુબુદ્ધિ મૂલ દરખતકો કાટો, ચિંતા ફિકર સબ દૂર કરો,
નવ તત્ત્વ એકો ઘર ઘેરો, સુરત નુરતકો કેદ કરો.

દ્વાદશ કલા જડી ઉસ ભીતર, અર્ધ માત્રા કુલુપઢંકા,
જખ મારેગા કાલ કાલકે શીર પર સોટા સંતોકા :।।

❀ ❀ ❀

## સંસારી જીવના ભાવમરણો
## (શ્રી સમયસારની સ્તુતિ)

હરિગીત

સંસારી જીવના ભાવ મરણો ટાળવા કરૂણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને, કરૂણા ભીના હદયે કરી,
મુનિકુંદ સંજીવની સમય-પ્રાભૃત તણે ભાજન ભરી.

અનુષ્ટપ

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ તારામાં, ભાવો બ્રહ્માંડના ભર્યા.

શિખરિણી

અહો ! વાણી તારી પ્રશમરસ ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષતણી, ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી, સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

## શાર્દૂલવિક્રીડિત

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞા છીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા ;
સાથી સાધકનો તું ભાનુ જગનો સંદેશ મહાવીરનો,
વિસામો ભવફલાંતના હૃદયનો તું પંથ મુક્તિ તણો.

## વસંતતિલકા

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાયે,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાયે,
તું રુચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકળ જ્ઞાયક દેવ રીઝે.

## અનુષ્ટુપ

બનાવું પત્ર કુંદનના, રત્નના અક્ષરો લખી,
તથાપિ કુંદ સૂત્રોનાં, અંકાયે મૂલ્ય ના કદી.

## શ્રી સદ્ગુરુ સ્તુતિ

### હરિગીત

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં.
આ કાળમાં શુદ્ધાત્મ જ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્ય રાશિ ફળ્યો અહો ! ગુરૂરાજ તું નાવિક મળ્યો.

